હઝરત પીર મશાયખ બાવા(રહે.) કૃત.....

# મશાયખવાણી

## તરીકત યા'ને ધરમ મૂલ

● સત ગુરૂ પીર મશાયખ વાચા ●

### બયાન નં.૮૦

**ગમાંન રે પંથી જો પંથ કમાવે,**
**તો છેહ રે પંથકા હાથ નાં આવે.**

(હઝરત પીર મશાયખ(રહે.) બાવા ફરમાવે છે કે તરીકતનો પંથી પંથમાં ચાલતી વખતે ગુમાન રાખે તો તેના હાથમાં કદી પણ આ પંથનો છેડો નહીં આવે.)

**પીયા કેરા પંથ અનંત નાં પારા,**
**ક્યું છેહ રે પાવે પંથી રે બિચારા ?**

(પીયુને પ્રાપ્ત કરવાનો રસ્તો અનંત છે, તે રસ્તાનો પાર પામી શકાય તેમ નથી. અલ્લાહની મદદ વગર બિચારા પંથીનું શું ગજું કે તે આ માર્ગનો છેડો પામી શકે ?)

**જો પીયા કેરી આશે નિત પંથ ચલના,**
**તો કધી પંથે પાર ઉતારના.**

(પોતાના પીયુ તરફથી મદદ મળશે એવી આશા રાખીને જ હર હંમેશ તરીકતના માર્ગ પર ચાલવું જોઈએ અને જો આવી આશા રાખવામાં આવશે તો કોઈક દિવસ તે આ પંથની પેલે પાર ઉતરશે.)

**નહીં તો ભીતર આપ ગુંચાવે,**
**તો ચલેસું રે પંથી છેહ નાં પાવે.**

(જો પંથી પીયુના માર્ગદર્શનની આશા ન રાખે તો તે મનોમન ગૂંચવણ અનુભવશે અને એ રસ્તા ઉપર ચાલવા છતાંય તેને રસ્તાનો છેડો નહીં જડે.)

**પીયા કેરી આશા જો મન ધરીએ,**
**તો એ પાર ઉતારે યું કર ચલીએ.**

(તરીકતના પથિકે પીયુની મદદની આશા મનમાં રાખવી જોઈએ અને તે જ મને પાર ઉતારશે એવી આશા રાખીને માર્ગ પર ચાલવું જોઈએ.)

**આપકું નાં કુછ મન સું બુઝે,**
**તો કદી પીયા પંથ ચલતે રે સુઝે.**

(તરીકતના પથિકે પોતાના મનમાં 'પોતે કંઈ વિસાતમાં જ નથી' એવો ભાવ રાખવો જોઈએ. જો આવા ભાવ સાથે રસ્તા ઉપર ચાલવામાં આવશે તો કોઈક દિવસે તેને પીયુનો માર્ગ સુઝશે.)

**નહીં તો જું પાદશાહ ચકવે કહીએ,**
**સુલ્તાંન સિકંદર✶ નાંમ લહીએ.**

✶ ઝુલ્કરનૈન નબીને સિકંદર બાદશાહ કહેવામાં આવે છે. સાચું શું છે તે અલ્લાહ બહેતર જાણે છે.

(જો અહમ્‌ના ભાવ સાથે આ માર્ગ ઉપર ચાલવામાં આવશે તો ચક્રવર્તી -આખી દુનિયાના બાદશાહ જેવી દશા થશે કે જે બાદશાહને સુલતાન સિકંદર નામથી ઓળખવામાં આવતો હતો.)

**તરીકતી આપ હો કર રહીઆ,**
**બોત બોત રાહમાં ચલ કર ગહીઆ.**

(આ બાદશાહ સિકંદર અલ્લાહને પ્રાપ્ત કરવા તરીકતના માર્ગ પર ચાલવા લાગ્યો અને ઘણા બધા રસ્તાઓ ઉપર ચાલ્યો.)

**જો ભરાંત ગમાંની મન જગાઈ,**
**તો રાહા, બોત ચલીઆ, પણ હાથ નાં આઈ.**

(પોતાના મનમાં એવો ખોટો ખયાલ ધારણ કરવાનું ગુમાન કરીને કે હું આખી દુનિયાનો રાજા

છું, તે માર્ગ પર ચાલવા લાગ્યો પરંતુ ખૂબ ચાલવા છતાં ય તેના હાથમાં પીયુનો માર્ગ આવ્યો નહીં.)

**દરીઆ છેહ કું એ જા પેઠા,**
**બોત રે જહાઝુ ઉપર બેઠા.**

(આ સિકંદર બાદશાહ ઘણા બધા જહાઝો ઉપર પણ સવાર થયો અને સમુદ્રોના જ્યાં છેડા આવતા હતા ત્યાં સુધી પણ પહોંચી ગયો હતો.)

**વે ઝાઝવાં રહીઆ થા જાં ઝુલ્માત,**
**કો પંથી નાં પાવે કે પુછે ઉસે રાહ બાત.**

(આ સિકંદર બાદશાહ અલ્લાહને શોધવા માટે એવા અંધારા પ્રદેશ સુધી પણ પહોંચી ગયો હતો કે જે અંધકારમાં આંખોથી કંઈ પણ દેખાતું ન હતું. ત્યાં કોઈ એવો વટેમાર્ગુ પણ ન હતો કે જેને રસ્તાનું ઠેકાણું પૂછી શકે.)

**જબ દેખા રે અંધારા ને દરીઆકા પાંની,**
**તબ જા તરીકત પીયાકી પિછાંની.**

(જ્યારે સિકંદર બાદશાહે આવા અંધારપટને અને દરિયાના પાણીને જોયું ત્યારે જ તેને ખબર પડી કે અલ્લાહનો માર્ગ ગુજભેદથી ભરેલો છે.)

**પંથ એ મુશ્કેલ તરીકત કેરા,**
**કિનારે લગા તું પીયુજી રે મેરા.**

(સિકંદર જેવો વિશ્વ વિજેતા બાદશાહ પણ અલ્લાહની કુદરતનો અંત પામી શક્યો નહીં અને તેણે કબૂલ કરવું પડ્યું કે તરીકતનો રસ્તો ખૂબ મુશ્કેલ છે. તેણે અલ્લાહ સમક્ષ દુઆ માગી કે અય મારા પીયુજી ! હવે તો તું જ મને કિનારા સુધી લઈ જા.)

**યું આજીઝીને તોબા મન બોત કીતી,**
**તબ જા ને પીયાને રાહ ઉસે દીતી.**

(સિકંદર બાદશાહે આ રીતે અલ્લાહ સમક્ષ ખૂબ આજીજી અને કાલાવાલા કર્યા અને તૌબા પણ કરી તો છેવટે અલ્લાહે તેને તરીકતનો માર્ગ બતાવ્યો.)

**અંધારેમાં તબ જા એ નિશાંન પાયા,**
**થા પાંણી કે ઓટ પર પીયાને બિઠાયા.**

(અલ્લાહની કૃપાથી સિકંદર બાદશાહે એ અંધકારમાં એક નિશાની જોઈ અને ત્યાર પછી તો અલ્લાહે દરિયાનાં મોજાં ઉપર (ઓટ) ઉપર સિકંદર બાદશાહને સવાર કરી દીધો.)

**એને ઉઠ પુછા એ કુણ હે રે રાહી,**
**કે ઈસ જગે ઝાઝ બેઠ આયા રે ભાઈ.**

(પૂછનારાએ સિકંદરને એવું પૂછ્યું કે અય રસ્તાના વટેમાર્ગુ ! તું કોણ છે કે જહાઝમાં બેસીને આ જગ્યાએ આવેલ છે ?)

**તબ કહા એ સિકંદર પાદશાહ નાંમા,**
**છેહ દરીઆ લેને કાજ કીયા રે કાંમા.**

(તો તેના જવાબમાં કહ્યું કે મારું નામ સિકંદર બાદશાહ છે અને હું દરિયાનો છેડો ક્યાં આવેલો છે તે જાણવા માટે નીકળ્યો છું.)

**સુન રે સિકંદર જો તોબા કીજે,**
**તો કિનારા એ પંથકા ને પીયુજી રે લીજે.**

**-: રે તુંહી :-**

(પૂછનારાએ પૂછ્યું કે અય સિકંદર ! તું મારી વાત સાંભળ. જો તું અલ્લાહના દરબારમાં તૌબા કરીશ તો તને આ માર્ગનો છેડો પણ મળશે અને પીયુજીને પણ પ્રાપ્ત કરી શકીશ.)

**સિકંદર મન ગમાંન કર ને દરીઆ પેઠા જાય રે,**
**ને દરીયા પેઠા જાય;**
**તોબા કર રાહ પાહીઆ, નહીં તો રે'તા ગુમાય રે,**
**નહીં તો રે'તા ગુમાય.**

(હઝરત પીર મશાયખ(રહે.) બાવા ફરમાવે છે કે સિકંદર બાદશાહ મનમાં ગુમાન રાખીને દરિયાનો છેડો શોધવા દરિયામાં પેઠો પરંતુ તે તેનો છેડો મેળવી શક્યો નહીં. જ્યારે તેણે તૌબા કરી તો તેને અલ્લાહનો માર્ગ મળી ગયો નહિતર તેણે બધું જ ગુમાવી દીધું હોત.)

**બયાન નં.૮૧**

**જે રે પંથી આપ મન પંથ કમાતે,**
**પીયા ઉસ પંથમાં કધીએ નાં પાતે.**

(હઝરત પીર મશાયખ(રહે.) બાવા ફરમાવે છે કે તરીકતનો જે પથિક પોતાના મનથી-પોતાની મરજીથી આ પંથની કમાણી કરે છે તે પોતાના પંથમાં પીયુને કદી પણ પ્રાપ્ત કરી શકતો નથી.)

**દેખોનો સિકંદર પાદશાહ કેસા,**
**ગમાંન કીયા મન માંહે તેસા.**

(તમે સિકંદર જેવા બાદશાહના દૃષ્ટાંત તરફ જુઓ કે તેણે પોતે વિશ્વવિજેતા બાદશાહ હોવાનું ગુમાન કર્યું.)

**અપની રે કૌવત બોત દિખાઈ,**
**તો તરીકત ઉસકું હાથ નાં આઈ.**

(સિકંદર બાદશાહે પોતાની શક્તિનું પ્રદર્શન કર્યું તો અલ્લાહનો ગુજભેદનો રસ્તો તેના હાથમાં ન આવ્યો.)

**ગમાંન નાં પાવે દરીઆ છેહા,**
**જો પીયા ને પંથકા નાં લાગે નેહા.**

(ગુમાન એવી વસ્તુ છે કે જે હોવાથી દરિયાનો છેડો પામી શકાતો નથી. ગુમાનને કારણે પીયુનો તેમજ પીયુના પંથનો સ્નેહ લાગતો નથી.)

**પીયાજી રે પંથકા કઠણ ચોગાના,**
**જું કરોળીયા જાલ માંહે બંધાના.**

(પીયુજીને પ્રાપ્ત કરવાના માર્ગનું ચોગાન ખૂબ કઠણ હોય છે, જેવી રીતે કરોળિયો પોતે જ ગૂંથેલી જાળમાં બંધાઈ જાય છે, ફસાઈ જાય છે.)

**જાલ રે અપની રાલકી નાંખે,**
**શોખ રે સવાદકા ઉસ માંહે ચાખે.**

(કરોળિયો પોતાના મોઢાની લાળ દ્વારા જાળી બનાવતો હોય છે અને તે જાળી બનાવવાના શોખનો સ્વાદ ચાખતો હોય છે.)

**બોત રંગ ખેલા આપ ખેલાવે,**
**ભીતર શોખ બોત મનસું રે પાવે.**

(જાળી ગૂંથતી વખતે કરોળિયો ખૂબ જ રંગ ખેલતો હોય છે અને પોતાના મનમાં અંદરખાને જાળી ગૂંથવાનો શોખ પ્રાપ્ત કરતો હોય છે.)

**પણ જિસ દિન ચુકે પગ રે ધરતે,**
**તબ જાલે કે વે ફંદે ઉસે ગલે પડતે.**

(પરંતુ જે દિવસે તે પોતાનો પગ મૂકવાનું ચૂકી જાય છે ત્યારે તેણે જ ગૂંથેલી જાળીના ફંદા તેના પોતાના ગળામાં પડી જાય છે અને તે પોતે જ તેમાં ફસાઈ જાય છે.)

**તો વે હો દુરિજન ઉસ તન લાગે,**
**તબ નેહ થા જે એકઠા સો દેખતે ભાગે.**

(જ્યારે કરોળિયો પોતાની જ બનાવેલી જાળમાં ફસાઈ જાય છે ત્યારે દુરિજન શયતાન તેના શરીરમાં પ્રવેશે છે અને જાળી ગૂંથવાનો જે સ્નેહ એકઠો થયેલો હોય છે તે પણ આ જોઈને જતો રહે છે.)

**તરીકતી રાહ એસી સુણની,**
**જું તરવાર ધાર યું મન ધરની.**

(હઝરત પીર મશાયખ(રહે.) બાવા ફરમાવે છે કે તરીકતનો માર્ગ કેવો કઠણ છે તે તમે સાંભળો. જેમ તલવારની ધાર ઉપર ચાલવું કઠણ છે તેમ તરીકતના માર્ગ પર ચાલવું પણ એટલું જ કઠણ કાર્ય છે.)

**પંથી ઉસ પંથમાં કરે બોત નેહા,**
**બોત દોડાવે અપની રે દેહા.**

(તરીકતનો પથિક આ પંથમાં ખૂબ જ પ્રેમ કરતો હોય છે અને તેના ઉપર ચાલવા માટે પોતાના શરીરને ખૂબ દોડાવતો હોય છે.)

**સબ દિન પીતસું ઉસ પંથ સર જાવે,**
**જો એક દિન ચુકે તો સબ ગુમાવે.**

(પંથી સઘળા દિવસો દરમિયાન પ્રેમથી આ પંથને સર કરવા માટે જતો હોય છે પરંતુ જો એક જ દિવસે એમાં ચૂક કરે તો અત્યાર સુધી બધું કર્યું

કારવ્યું ગુમાવી દે છે.)

**તારીકતી હોવે પંથીકું દુરિજન,**
**તો ઠાંમ ન રે'વે કછું ઉસે તન મન.**

(જો તરીકત પર ચાલનારો પોતાના પંથમાં દુરિજનને પણ સાથે રાખે તો તેના તન કે મનનું કોઈ ઠેકાણું બાકી નહીં રહે.)

**જિતના રે ચલના પંથી મન રાખે,**
**વે હકીકત આપ તન કિસે હી નાં દાખે.**

(તરીકતના પથિકે પોતે પંથમાં કેટલું ચાલવાનું છે તે પોતાના મનની અંદર જ રાખે, તેણે પોતાના તનની હકીકતને કોઈ પણ વ્યક્તિને બતાવવી જોઈએ નહીં.)

**હોકર અબોલે એ પંથ સર ચલના,**
**તકબ્બુર પંથકા મન નાં ધરના.**

(તરીકતના પથિકે અબોલા બનીને કોઈની સાથે બોલ્યા વગર જ પંથ પર ચાલીને પંથ કાપવાનો છે અને તેણે પંથ પર ચાલવાનું અભિમાન પોતાના મનમાં રાખવું જોઈએ નહીં.)

**જો એસા રે પંથી એ પંથ કમાવે,**
**તો કધી પીયુ મેરા રાહ સર પાવે.**

**-: રે તુંહી :-**

(જો તરીકતનો પથિક આ રીતે બોલ્યા વગર પંથની કમાણી કરે તો કોઈ દિવસ તેને રસ્તામાં તેનો પીયુ મળી પણ જાય.)

**પંથ દુરિજન મને કરે, એ ભી હે તુજ મીત રે,**
**એ ભી હે તુજ મીત;**
**દુરિજન પંથ એ દોદલા મીત જનું એક ચીત રે,**
**મીત જનું એક ચીત.**

(દુરિજન શયતાન પણ તારો મિત્ર બનીને અલ્લાહના માર્ગ પર જવાની મનાઈ કરે છે. દુરિજન શયતાનનો પંથ તો નબળો હોય છે માટે હંમેશાં સાચા મિત્રની જ ચિંતા કરવી જોઈએ.) ✻


FAIZ-AL-IMAN TOUR & TRAVELS فیض الایمان

**ફૈઝ-અલ-ઈમાન**
ટુર એન્ડ ટ્રાવેલ્સ
હજ • ઉમરાહ • ઝિયારત
e-mail: faizalimantours@gmail.com

**અલ્લાહ તઆલા ના ફઝલો કરમથી મોહંમદ વ આલે મોહંમદ અને પીરો મુરશીદની દુઆઓથી અમે ફૈઝ-અલ-ઇમાન ટુર એન્ડ ટ્રાવેલ્સ ની શરૂઆત કરી છે. હજ, ઉમરાહ, ઝિયારત, વેકેશન ટુર અને મોહર્રમ ટુરનું આયોજન કરેલ છે. ઇચ્છુક મોમીન ભાઇ-બહેનો નીચે જણાવેલ નામ અને ફોન નંબર ઉપર સપંર્ક કરી માહિતી મેળવવી.**

* સપંર્ક *

| | |
|---|---|
| પટેલ મેહદીઅલી ઇબ્રાહીમ (સૅમકૉમ-પીરોજપુરા) | 09819300429 |
| ખોરજીયા ઇબ્રાહીમ પોલીસ (બાદરગઢ) | 09820388326 |
| ફત્તેહ સાદીકઅલી મોહંમદ હુસૈન (પીરોજપુરા) | 09820491740 |
| શેલીયા હસનઅલી અબ્બાસ (ખડિયાસણા) | 09324818041 |
| ગુલામ હબીબ ઢાબરા (બાદરગઢ) | 09879120492 |

કુરઆને મજીદના

# સૂરાઓનો પરિચય

સૂરા નં.૬૭ સૂરએ મુલ્ક

૩૦ આયતો ધરાવતો આ સૂરો મક્કામાં નાઝિલ થયેલો હોવાથી મક્કી સૂરો છે.

**બરકતવાળો છે તે અલ્લાહ કે જેના હાથમાં (તમામ જગતની) બાદશાહત છે અને તે દરેક વસ્તુ પર સંપૂર્ણ કાબૂ ધરાવે છે. (૧)**

**જેણે મૃત્યુ પેદા કર્યું અને જીવન પણ કે જેથી તમને અજમાવે કે તમારામાંથી કોણ કરણીમાં બેહતર છે અને તે જબરદસ્ત (અને) મહા ક્ષમાવાન છે. (૨)**

**જેણે એક ઉપર એક સાત આસમાનો પેદા કર્યા છે, તું રહેમાન(અલ્લાહ)ની પેદા કરેલી કોઈ પણ વસ્તુમાં તફાવત જોશે નહીં, પછી ફરીને નજર કર, ભલા (તેમાં) તને કાંઈ ખોડખાંપણ દેખાય છે ?(૩)**

**પછી ફરી ફરીને નજર નાખ, (પણ) તે નજર થાકીને નિષ્ફળ બની તારી તરફ પાછી ફરી આવશે.(૪)**

**અને ખરે જ અમોએ આ જગતના આસમાનને (તારાઓના) દીવાઓથી શણગાર્યું છે અને તે (તારાઓને) શયતાનોને મારવાના સાધન બનાવ્યા છે અને તેમના માટે ભડભડતી આગનો અઝાબ તૈયાર છે.(૫)**

બરકતવાળો છે તે અલ્લાહ કે જેના હાથમાં તમામ જગતની બાદશાહત છે અને તે તમામ વસ્તુઓ ઉપર સંપૂર્ણ કાબૂ ધરાવે છે.

ખુદા એ છે કે જેણે મોત અને જીવન પેદા કર્યાં, મોતથી મુરાદ દુનિયામાં માનવી માટે મૃત્યુ છે અને જીવનથી મુરાદ આખેરતનું જીવન છે અને નુત્ફાને પણ મોત કહે છે અને તેમાં રૂહનું પ્રવેશ થવું એ જીવન છે. હઝરત ઈમામ મોહંમદ બાકિર(અ.)એ ફરમાવ્યું કે મોત અને જીવન એ બન્ને ખુદાની મખ્લૂકાતમાંથી છે. જ્યારે મોત આવે અને ઈન્સાનના જે જે ભાગમાં દાખલ થાય છે તો જ્યાંથી જીવ નીકળી જાય છે. કુદરતે ઈન્સાનને આ જગતમાં કસોટી માટે મોકલેલ છે કે તમારામાં કોણ છે કે જે અમલની રૂએ નેક કાર્યો કરે. હઝરત ઈમામ જાફર સાદિક(અ.)એ ફરમાવ્યું કે તેનો અર્થ એ નથી થતો કે વધારે નેક આમાલ હોય, પણ તેથી મુરાદ એ છે કે વધારે નેક અને નિર્મળ આમાલ હોય અને નિય્યત સાચી હોય અને આમાલનો હેતુ એ ન હોય કે તેથી તેનાં વખાણ થાય પણ માત્ર અલ્લાહના રાજીપા માટે હોય અને અમલ કરતાં નિય્યત અફઝલ છે. આમ કહી આપે આ આયતની તિલાવત ફરમાવી.

ખુદા એ છે કે જેણે સાત આસમાનો ઉપરા ઉપર બનાવ્યાં. તેમાં કોઈ પણ જાતની ખોડ-ખામી જોવામાં નહીં આવે અને તે બધાં બરાબર સહી રીતે દેખાશે. પછી ફરી-ફરીને નજર નાખ અને ધ્યાન કરીને વારંવાર જો, જ્યારે તું અનેક વખત જોઈશ તો તારી આંખો થાકીને નિષ્ફળ બની જશે. મતલબ એ કે ગમે તે રીતે જો પરંતુ તેમાં કોઈ પણ જાતનો અયબ જોવામાં આવશે નહીં.

અમોએ આસમાનને તારાઓ થકી શણગાર્યાં છે કે તે રાત્રીના દિવાની જેમ પ્રકાશ આપે છે. તે સિતારાઓને અમોએ શયતાનને ભગાડનારા બનાવ્યા, જે મલાએકાની વાતો સાંભળવા આસમાનો ઉપર જવાનો ઈરાદો કરે છે અને એ સિતારાઓમાંથી આગના ભડકાઓ નીકળી એ શયતાનો ઉપર પડે છે અને કયામતના દિવસે તમામ સિતારાઓ ખરી પડશે. અલ્લાહે સિતારાઓને ત્રણ હેતુ માટે પેદા કર્યા છે. (૧) આસમાનની શોભા માટે (૨) શયતાનોને તેના

ભડકા થકી હાંકવા માટે (૩) દરિયા અને જમીન ઉપર મુસાફરોને રસ્તો દેખાડવા માટે.

ત્યાર પછીની આયતોનો અનુવાદ : **અને જેઓ પોતાના પરવરદિગારનો ઈન્કાર કરે છે તે લોકો માટે જહન્નમનો અઝાબ છે; અને તે ઘણું જ બૂરું પાછા ફરવાનું ઠેકાણું છે. (૬)**

**જે વેળા તેમને તેમાં નાખવામાં આવશે તો તેઓ તેનો સણસણાટ કરતો અવાજ સાંભળશે અને તે (ભયંકર) ઉછાળા મારતી હશે. (૭)**

**નજીક હશે કે તે ક્રોધના કારણે ફાટી જાય; જ્યારે જ્યારે કોઈ ટોળું તેમાં નાખવામાં આવશે તો તેના રક્ષકો તેને પૂછશે કે શું તારી પાસે કોઈ ડરાવનારો (રસૂલ) આવ્યો ન હતો ?(૮)**

**તેઓ કહેશે કે હા, ડરાવનારો (રસૂલ) અમારી પાસે અવશ્ય આવ્યો હતો, પણ અમોએ તેને જૂઠલાવી કાઢ્યો અને કહી દીધું કે અલ્લાહે તો કોઈ પણ વસ્તુ ઉતારી નથી, (પણ) તમે પોતે જ મોટી ગુમરાહીમાં છો. (૯)**

**અને તેઓ આ પણ કહેશે કે જો અમે (તેનો ઉપદેશ) સાંભળત અને સમજી લેત તો અમે (આજે) જહન્નમવાસીઓની સાથે હોત નહીં.(૧૦)**

**એટલે કે તેઓ પોતાના ગુનાહોનો ઈકરાર કરશે, માટે જહન્નમવાસીઓ ઉપર ફિટકાર થાઓ.(૧૧)**

જે લોકોએ પોતાના રબની સાથે કુફ્ર કર્યું છે તેઓ માટે જહન્નમનો અઝાબ છે અને કાફરો માટે પાછા ફરવાનું ઠેકાણું જહન્નમ છે.

જ્યારે તે કાફરોને જહન્નમમાં બળતણ તરીકે નાખવામાં આવશે તો તેઓમાં તેનો સણસણાટ કરતો અવાજ સંભળાશે અને તે આગ ભયંકર ઉછાળા મારતી હશે.

નજદીક હશે કે જાણે તે ક્રોધના કારણે ફાટી જાય અને કાફરોના ટોળાને જ્યારે જહન્નમમાં નાખવામાં આવશે ત્યારે તેના ચોકીદારો પૂછશે કે શું તમારી પાસે ખુદાનો મોકલેલો કોઈ પયગમ્બર આવ્યો ન હતો કે તમોને ખુદાના અઝાબથી ડરાવે?

તેઓ જવાબમાં કહેશે કે હા, ડરાવનારો રસૂલ અમારી પાસે આવ્યો હતો પણ અમોએ તેને જૂઠલાવી કાઢ્યો અને તેને કહ્યું કે જન્નત-જહન્નમ કંઈ પણ છે જ નહીં અને તેઓ અફસોસ કરીને કહેશે કે જો અમો પયગમ્બરના કહેવાને સાંભળત અને તેમના મોઅજિઝા જોઈને ઈમાન લાવત તો આજે અમો જહન્નમવાસીઓ સાથે ન હોત.

પછી તેઓ પોતાના ગુનાહને માન્ય રાખી લેશે. પણ તે વખતનું માનવું કંઈ કામ આવશે નહીં. કેટલાક કહે છે કે **'સોહક'** (દૂર કરવું) શબ્દ આવેલો છે તે દોઝખના એક મેદાનનું નામ છે અને ગદીરના ખુત્બામાં લખેલું છે કે મજકુર આયતો હઝરત અલી(અ.)ના દુશ્મનો માટે નાઝિલ થઈ છે.(ક્રમશઃ)

**આબિદઅલી વી. મુખી**
મો.૯૯૭૯૦૮૮૦૧૮, ૯૦૩૩૧૨૭૪૪૦

**યાદગાર હોજીયરી & કટલરી સ્ટોર્સ**

પાન પાર્લરના સંચાલકોને જણાવતાં આનંદ અનુભવીએ છીએ કે આપના ધંધાને લગતી તમામ આઈટમ્સ(પ્રોડક્ટ્સ) જેવી કે -

નાઈટ પેન્ટ, ટી-શર્ટ, કેપરી, હાથ રૂમાલ, બનિયાન(ગંજી), અંડરવેર, ગમછા તેમજ 12W, 24W અને D.C. પંખા હોલસેલમાં કિફાયતી ભાવે મળશે. ભાવ તેમજ ગુણવત્તા બાબતે અમારી સાથે ખુલ્લા મને વાતચીત કરી શકો છો.

આપની પાસેથી સાથ સહકારની અપેક્ષા રાખીએ છીએ.

**બગડીયા માર્કેટ, પહેલા માળે,**
**સન્માન રેસ્ટોરન્ટની બાજુમાં,**
**જુમ્મા મસ્જિદની સામે, ગાંધીરોડ, અમદાવાદ**

ફારસીના મહાન કવિ શેખ સાઅદીની

# શાયરીનો રસાસ્વાદ

**'ગુલિસ્તાન'માંથી પસંદ કરેલ પંક્તિઓ**

## Hunger (ભૂખ)

تشنۂ سوخته در چشمۂ روشن چو رسید
تو مپندار که از پیلِ دمان اندیشد
ملحد گرسنه درخانۂ خَالی بر خوان
عقل باَور نکند کز رمضان اندیشد

**તશ્નાએ સોખ્તા દર ચશ્મા રોશન ચુ રસીદ**
**તવ મપંદાર કે અઝ પૈલે દમાન અંદીશદ**
**મલ્હદે ગર સના દર ખાનએ ખાલી બર ખ્વાન**
**અકલ બાવર નકનદ કઝ રમઝાન અંદીશદ**

(તરસથી શેકાઈ રહેલો માણસ જ્યારે ચોખ્ખા પાણીનું ઝરણું જુએ ત્યારે ગાંડા થયેલા હાથીનો સામનો કરવાથી ગભરાઈ જાય એવી ધારણા કદી પણ ના કરતા. કોઈ ભૂખ્યો નાસ્તિક કોઈ ખાલી ઘરની અંદર દસ્તરખ્વાન ઉપર પડેલો ખોરાક જુએ ત્યારે તેને રમઝાન મહિના પ્રત્યે આદરભાવ છે એવું માનવું ગેરવ્યાજબી ગણાશે.)

گر همه زرِّ جعفری دارد
مرد بی توشَه برنگیرد گام
در بیابان فقیرِ سوخته را
شلغمِ پخته بِه کَه نقرۂ خام

**ગર હમા ઝર્રે જઅફરી દારદ**
**મર્દ બી તૌશા બર ન ગૈરદ ગામ**
**દર બયાબાન ફકીરે સોખ્તા રા**
**શલગમે પુખ્તા બે કે નકરા ખામ.**

(પોતાની પાસે સો ટચનું સોનું હોય તેમ છતાં કોઈ પણ મુસાફર ખાદ્ય સામગ્રી લીધા વગર મુસાફરી કરવાનું સાહસ ખેડતો નથી. રણ પ્રદેશની અંદર કોઈ ગરીબ અને ભૂખ્યા માણસ માટે બાફેલું કંદમૂળ (શલગમ) ચાંદીની લગડી કરતાં ય વધારે સારું છે.)

## Hypocrisy (દંભ/ઢોંગ)

اگر آنچه می گفتمی، کردمی
نکو سیرت و پارسا بودمی

**અગર આંચ મી ગુફ્તમી કર્દમી,**
**નકૂ સીરત વ બારસા બૂદમી.**

(જે બાબતને હું ઉપદેશ આપું છું તેને મારે અમલમાં મૂકવાનો હોય તો હું સદ્‌ગુણી અને પવિત્ર માણસ બની જઈશ.)

ترکِ دنیا به مردم آموزند
خویشَتن سیم و غلّه اندوزند
عالِمی را که گفت باشد و بس
هرَچه گوید، نگیرد اندر کس
عالِم آن کس بود که بد نکند
نه بَگوید به خلق و خود نکند

**તર્ક દુન્યા બો મર્દમ આમુઝનદ**
**ખવીશ્તન સીમ વ ગલ્લા અદૂઝંદ**
**આલિમી રા કે ગુફ્તા બાશદ વ બસ**
**હર ચે ગવીદ નાગીરદ અંદર કસ**
**આલિમ આં કસ બુવદ કેબદ નકંદ**
**ન બાગૂબદ બો ખલ્ક વ ખુદ નકંદ**

(તેઓ દુનિયાનો ત્યાગ કરવા માટે લોકોને ઉપદેશ આપે છે જ્યારે તેઓ પોતે જ તો ધન સંચય કરવામાં અને તેમના ખજાનાઓ ભરવામાં વ્યસ્ત છે. કોઈ વિદ્વાન માણસ કે જે માત્ર ઉપદેશ જ આપે છે તે કદી પણ કોઈને પ્રભાવિત કરવા શક્તિમાન નહીં બને. વિદ્વાન માણસ તો એ છે કે જે કોઈ ખોટું કાર્ય કરતો નથી અને એવો નથી હોતો કે જે લોકોને સારાં કાર્યો કરવાનું કહે અને પોતે સારાં કાર્યો બજાવી ન લાવે.)

به صنع خـــدا چون کسی اوفتاد
همــــه عالمش پـــای بر سر نهند
چـو بیند کاقبال دستش گرفـت
ستایش کنانَ، دسـت بر بر نهـنـد
**બો સન્‌એ ખુદા ચૂં કસી અવફતાદ**
**હમા આલમશ પાયી બાર સર નહંદ**
**ચૂ બીનંદ કાકબાલ દશ્તશ ગિરફ્ત**
**સતાઈન કનાન દસ્ત બાર બાર નહદ**

(જ્યારે જ્યારે અલ્લાહની ઈચ્છાથી, કોઈ માણસ શ્રેષ્ઠતા(ના શિખર)થી નીચો પડી જાય છે તો આખી દુનિયા તેનું માથું કચડી નાખે છે. પરંતુ જ્યારે તેઓ સદ્ નસીબને તેની મદદે આવતું નિહાળે છે ત્યારે તેઓ તેનાં ગુણગાન ગાય છે અને તેના આજ્ઞાપાલનમાં બન્ને હાથ જોડીને ઊભો રહે છે.)

مگو آنــدوه خـــویـــش با دشـمـنـان
کــه لاحــوَل گـویـنـد شادی کنـان
**મગૂ અંદોહ ખવીશ બા દુશ્મનાન**
**કે લાહૌલ ગવીનદ શાદી કનાન.**

(તારા દુ:ખોનાં રોદણાં તારા દુશ્મનની આગળ ગાતો નહીં કેમકે તેઓ બહારથી તારા પ્રત્યે સહાનુભૂતિ દર્શાવશે અને કહેશે 'અલ્લાહ આ અનિષ્ટને દૂર કરે', જો કે અંદરખાને તો તે તારા દુ:ખથી આનંદિત હોય છે.)

در بـرابـر، چـــو گوسپند سلیـم
در قـفـا، همـچـو گـرگِ مـردَم خـوار
**દર બિરાદર ચૂ ગોસ્ફન્દે સલીમ,**
**દર કફા, હમચૂ ગર્ગે મર્દમ ખવાર.**

<u>નોંધ :</u> **લાહૌલ વલા કુવ્વત ઈલ્લા બિલ્લાહ.** કોઈનામાં શક્તિ અને સત્તા નથી સિવાય અલ્લાહના. **લાહૌલ** કહેવું એ એક એવું સૂત્ર છે કે જેને મુસલમાનો ખરાબ સમાચાર સાંભળે ત્યારે ઉચ્ચારે છે અથવા કોઈ ખરાબ વસ્તુ કે અણગમતી વસ્તુ જુએ અથવા ધૃણા કે તિરસ્કાર વ્યક્ત કરવા કે દુષ્ટ આત્માઓને દૂર કરવા વ્યક્ત કરે છે.

(જ્યારે તેઓ તારા સન્મુખ હોય છે ત્યારે ઘેટાના જેવા આજ્ઞાકિંત હોય છે પરંતુ તારી પીઠ પાછળ તો તેઓ માણસભક્ષી વરૂના જેવા હોય છે.)

**Ignoramus (અજ્ઞાની માણસ)**

تو بر اوج فلک چــه دانی چیست؟
کــه نـدانـی کـه در سـرایـت کـیسـت
**તૂ બાર ઔજ ફલક ચે દાની ચિસ્ત?**
**કે નદાની કે દર સરાયત કિસ્ત.**

(જ્યારે તું તારા ઘરમાં કોણ છે એ જાણતો નથી હોતો ત્યારે તું અવકાશની બાબતો વિષે શું જાણી શકે?)

નોંધ : અહીં એક એવા ખગોળશાસ્ત્રીનો સંદર્ભ છે કે જેની પત્નીને તેના પ્રેમી સાથે લફરું હતું. *

<u>**ઈસ્લામી કવીઝ નં. ૨૦૩ના જવાબો**</u>

(૧) હુરુફ (૨) અકાબિર (૩) બની અસદ પાસેથી (૪) સુન્નત (૫) હિદાયતનાં મોતી (૬) મસ્જિદે અકસા (૭) ઈમામ હુસૈન(અ.)ના રોઝામાં


**રહેમત સેલ્સ**

અમદાવાદ સીટી, રીંગ રોડ, સાણંદ, રાજસ્થાન એરીયા તેમજ સમી, હારીજ, શંખેશ્વર, મહેસાણા જિલ્લાના ગામોમાં જમીન લે-વેચ માટે મળો.

**નોંધ :** હોટલ માટે જમીન તથા ચાલુ હાલતમાં હોટલ આપવા-લેવા માટે મળો.

**અબ્બાસઅલી એન. હીરા(બાદરપુરવાળા)**
મોબાઈલ : ૯૯૦૪૧૫૧૧૪૭

સંકલન : મુલ્લા ફૈઝ અલ કાશાની

# મેઅરાજ : સ્વર્ગ આરોહણની રાત

(ગતાંકનું ચાલુ)

## મેઅરાજની પધ્ધતિ

ફરી એક વાર પાછો હું બુરાક ઉપર સવાર થયો અને મારી સફરને ચાલુ કરી ત્યાં સુધી કે અલ્લાહની બીજી કોઈ આજ્ઞા ન મળી. ત્યાર પછી ટૂંક સમયમાં જ જિબ્રઈલે મને કહ્યું,

'હવે આપ નીચે તશરીફ લાવો અને નમાઝ અદા કરો.'

પછી ફરીથી પાછો તેમણે પ્રશ્ન કર્યો,

'આપને ખબર છે ખરી કે અત્યારે હાલ આપે કઈ જગ્યાએ નમાઝ અદા કરી ?'

મેં નકારમાં જવાબ આપ્યો. તેના જવાબમાં જિબ્રઈલે કહ્યું,

'આપે **'બયતુલ લહમ'**માં નમાઝ પઢી. એ સ્થળે કે જે બયતુલ મુકદ્દસની નજીક આવેલું છે અને આ સ્થળ એ છે કે જ્યાં ઈસા પયગમ્બરનો જન્મ થયો હતો.'

અમે બયતુલ મુકદ્દસ પહોંચી ગયા અને હું એ કડા તરફ બુરાકની લગામ બાંધવા આગળ વધ્યો કે જ્યાં (મારા પહેલાંના) મહાન પયગમ્બરો તેમનાં જાનવરોને બાંધતા હતા. ત્યાર પછી હું મસ્જિદમાં પ્રવેશ્યો અને આ જગ્યાએ હું ઈબ્રાહીમ, મૂસા, ઈસા, અને બાકીના પયગમ્બરોને મળ્યો. તેઓ બધા જ મારા ફરતાં ટોળે વળી ગયા અને ત્યાર પછી અમે નમાઝ પઢવાની તૈયારી કરવા માટે આગળ વધ્યા. મને એ બાબતમાં શંકા ન હતી કે નમાઝની આગેવાની જિબ્રઈલ દ્વારા કરવામાં આવશે. તેમ છતાં જ્યારે નમાઝ માટેની સફો તૈયાર થઈ રહી હતી ત્યારે જિબ્રઈલે મારા ખભા ઉપર પોતાનો હાથ મૂક્યો અને (ઈમામત માટે) મને આગળ ધકેલ્યો.

જિબ્રઈલે પણ જુદા જુદા પયગમ્બરો સાથે મારી પાછળ નમાઝમાં ભાગ લીધો, તેમ છતાં મને ગર્વ કે અભિમાન પેદા ન થયું. ત્યાર પછી મસ્જિદનો રક્ષક મારી આગળ ત્રણ વાસણો લઈને આવ્યો. પ્રથમ વાસણમાં દૂધ હતું, બીજામાં પાણી હતું અને ત્રીજામાં શરાબ હતો. ઓચિંતા જ મેં કોઈકને આવું કહેતો સાંભળ્યો,

'જો તે પાણીથી ભરેલું વાસણ લેશે તો તે બરબાદ થઈ જશે અને તેની ઉમ્મત પણ બરબાદ થઈ જશે. જો તે શરાબથી ભરેલું પાત્ર લેશે તો તે અને તેની ઉમ્મત બધા ગુમરાહ થઈ જશે. તેમ છતાં જો તે દૂધવાળા પાત્રમાંથી દૂધ પીશે તો પછી તેણે હિદાયત પ્રાપ્ત કરી લીધી છે અને તેની ઉમ્મત પણ હિદાયત મેળવશે.'

હું દૂધથી ભરેલા પાત્રને લેવા માટે આગળ વધ્યો અને તેમાંથી દૂધ પીધું. જિબ્રઈલે કહ્યું,

'જાણી લો કે આપને હિદાયત કરવામાં આવી છે અને આપની ઉમ્મતને પણ હિદાયત કરવામાં આવી છે.'

ત્યાર પછી મને પૂછવામાં આવ્યું,

'આપ સફરમાં હતા તે દરમિયાન આપે શું શું જોયું ?'

તો મેં જવાબ આપ્યો,

'મારી જમણી બાજુએથી મેં કોઈને બૂમ પાડતો સાંભળ્યો.'

જિબ્રઈલે પૂછ્યું,

'આપે તેને જવાબ આપ્યો હતો ખરો ?'

મેં કહ્યું,

'ના, મેં જવાબ આપ્યો ન હતો.'

જિબ્રઈલે મને પૂછ્યું,

'જે માણસે તમને બૂમ પાડી હતી તે એક યહૂદી હતો. જો આપે તેને જવાબ આપ્યો હોત તો આપની વફાત પછી આપની ઉમ્મતે પોતાના ધર્મને બદલીને યહૂદી ધર્મ અંગીકાર કરી દીધો હોત.'

પછી જિબ્રઈલે પૂછ્યું,

'આપે બીજું શું જોયું ?'

મેં જવાબ આપ્યો,

'પછી મેં મારી ડાબી તરફ જોયું અને એ દિશામાંથી પણ કોઈ મને બૂમ પાડતું હોય તેવું સાંભળ્યું.'

જિબ્રઈલે પૂછ્યું,

'શું આપે તેની બૂમનો જવાબ આપ્યો હતો ખરો?'

મેં જવાબ આપ્યો,

'ના. મેં તેના તરફ પણ કંઈ ધ્યાન આપ્યું નહીં.'

જિબ્રઈલે જવાબ આપ્યો,

'તે એવો હતો કે જે ખ્રિસ્તી ધર્મ તરફ બોલાવી રહ્યો હતો. જો આપે તેના તરફ ધ્યાન આપ્યું હોત અને તેને જવાબ આપ્યો હોત તો આપની વફાત પછી આપની ઉમ્મતે પોતાના ધર્મને ખ્રિસ્તી ધર્મમાં બદલી નાખ્યો હોત.'

જિબ્રઈલે પછી પૂછ્યું,

'આપનું કોણે સ્વાગત કર્યું હતું ?'

મેં જવાબ આપ્યો,

'મેં એક સ્ત્રીને જોઈ કે જેનાં બન્ને બાવડાં (કપડાં વગરનાં) ખુલ્લાં હતાં અને તેના ઉપર દુનિયાની વિવિધ સુંદરતાઓ હતી.'

તેણીએ મને કહ્યું,

'અય મોહંમદ ! મારી નજીક આવો જેથી હું તમારી સાથે વાર્તાલાપ કરું.'

જિબ્રઈલે પૂછ્યું,

'શું આપે તેની સાથે વાતચીત કરી હતી ?'

મેં જવાબ આપ્યો,

'ના, મેં એની સાથે વાત કરી નહીં.'

જિબ્રઈલે પછી કહ્યું,

'તે સ્ત્રી દુનિયાનું ભૌતિક સ્વરૂપ હતું. જો આપે તેની સાથે વાતચીત કરી હોત તો પછી તમારી ઉમ્મતે પણ આખેરત ઉપર આ દુનિયાને પ્રથમ પસંદગી આપી હોત.'

(બિહારૂલ અન્વાર, ભાગ-૧૮, પેજ નં.૧૩૯ થી ૩૨૦, બાબ-૩, ઈત્તેબાતુલ મે'રાજ વ મા'અનાહુવ કૈફિયાતુહુ વ સિફાતુહુ વ માજરા ફીહી વ વસ્ફુલ બુરાક, હદીસ-૩૪)

## જહન્નમમાં એક પથ્થર

મેં કહ્યું,

'ત્યાર પછી મેં એક અવાજ સાંભળ્યો કે જેણે મને ખરેખર ગભરાવી નાખ્યો. જ્યારે મેં પૂછ્યું કે તે શાનો અવાજ હતો ?' તો જવાબ આવ્યો,

'એ અવાજ એક ખડકનો હતો કે જેને જહન્નમની આગમાં સિત્તર વર્ષ પહેલાં ફેંકવામાં આવ્યો હતો તે હવે તેની જગ્યાએ જમીન પર પડ્યો છે અને હવે તે ઠરીઠામ થયો છે.'

એવું કહેવાય છે કે ત્યાર પછી પયગમ્બર(સ.) જ્યાં સુધી જીવતા રહ્યા ત્યાં સુધી કદી હસતા જોવા મળ્યા નથી.

'અમે ઉપર તરફનો અમારો પ્રવાસ ચાલુ રાખ્યો જ્યાં સુધી અમે દુનિયાના ઉપરના વાતાવરણ સુધી પહોંચી ગયા. ત્યાં મેં ઈસ્માઈલ નામના ફરિશ્તાને જોયો. તે ખિત્ફાનો રખેવાળ

હતો. જેની કુરઆન આ મુજબ સમજૂતિ આપે છે :

إِلَّا مَنْ خَطِفَ الْخَطْفَةَ فَأَتْبَعَهُ شِهَابٌ ثَاقِبٌ ⑩

(ભાષાંતર : કોઈ શેતાન ઉડતી વાત લઈને નાસે તો પણ એક બાળીને ભસ્મ કરી નાખનારી) જ્વાળા તેનો પીછો પકડે છે.)

(સૂરએ સાફફાત, આયત-૧૦)

'ઈસ્માઈલ(ફરિશ્તા)ના તાબા હેઠળ સિત્તેર હજાર ફરિશ્તાઓ હતા અને તે દરેક (સિત્તેર હજાર)ના તાબા હેઠળ બીજા સિત્તેર હજાર ફરિશ્તાઓ હતા.'

તેણે (ઈસ્માઈલે) જિબ્રઈલને પૂછ્યું,

'તમારી સાથે આ વ્યક્તિ કોણ છે ?'

એવો અવાજ આપવામાં આવ્યો કે **'તે મોહંમદ છે'** કે જેમને સંદેશા સહિત બુલંદ કરવામાં આવેલ છે.

'તે ફરિશ્તાએ બારણું ઊઘાડ્યું અને અમે જન્નતોમાં પ્રવેશ્યા. મેં તેને સલામ કરી અને તેની નજાત માટે દુઆ કરી. તેણે પણ મને સલામ કરી અને મારી મહેરબાની માટે દુઆ માગી.'

તેણે કહ્યું,

'અય ભાઈ અને અય મહાન પયગમ્બર ! પધારો. એ વખતે ફરિશ્તાઓની એક જમાઅતે મને સલામ કરી. તે બધા જ સ્મિત કરી રહ્યા હતા અને તે બધા ખુશ મિજાઝમાં હતા. સિવાય એક(ફરિશ્તા)ના કે જેનો દેખાવ કદરૂપો હતો (કે જેનું નામ ખાઝિન છે) જે હતાશ થયેલો હતો અને રડી રહ્યો હતો. તેના ચહેરા ઉપર કોઈ પણ પ્રકારની ખુશી દેખાતી ન હતી.'

અમે બધા આ ફરિશ્તાથી ભયભીત હતા. જિબ્રઈલે કહ્યું,

'આ ફરિશ્તો જહન્નમની આગને પ્રજ્વલિત કરનારો છે. જ્યારથી અલ્લાહે તેને જહન્નમની આગને સળગાવવા માટે નિયુક્ત કર્યો છે ત્યારથી તે કદી હસ્યો નથી. દરરોજ અલ્લાહના દુશ્મનો ઉપર અને જે લોકો પાપ આચરે છે તેમના ઉપર તેનો ગુસ્સો વધ્યે જ જાય છે. આ ફરિશ્તા દ્વારા જ અલ્લાહ ગુનેહગારોને શિક્ષા કરશે. જો એવી આજ્ઞા આપવામાં આવી હોત કે તેના ચહેરા ઉપર સ્મિત હોવું જોઈએ તો તે સ્મિત આપના લીધે જ હોત પરંતુ તેણે ન તો કદી સ્મિત કર્યું છે કે ન તો તે કદી સ્મિત કરશે, ન તો આપના પહેલાં કે ન તો આપના પછી.'

મેં તેને સલામ કરી અને તેણે મારી સલામનો જવાબ આપ્યો અને તેણે મને જન્નતની ખુશખબરી આપી.

ખાઝિને પૂછ્યું,

'આપ મને પરવાનગી આપો છો કે હું (આપને) દોઝખની આગ બતાવું ?'

જિબ્રઈલે જવાબ આપ્યો,

'હા, પયગમ્બર(સ.)ને દોઝખની આગ બતાવો.'

ખાઝિમે દોઝખની આગ ઉપરનું ઢાંકણ ઊંચું કર્યું અને બારણું ખોલી નાખ્યું. આગના ભડકા એકદમ આકાશ તરફ જોશથી ઊંચે ચઢ્યા, એવા ભડકા કે જે ભભૂકતા હતા અને સતત જોશથી ઊંચે ચઢતા હતા. મને લાગ્યું કે તે ભડકા મારી નજીક આવશે. મેં કહ્યું, જિબ્રઈલ ! આ ફરિશ્તાને કહો કે આગને ઢાંકી દે. તેમણે હુકમ આપ્યો અને આગ તેના સ્થાને પાછી ચાલી ગઈ અને ખાઝિમે દોઝખનાં અને આગનાં દ્વાર બંધ કરી દીધાં.

(બિહારૂલ અન્વાર, ભાગ-૧૮, પેજ-૩૨૦-૩૨૧, પ્રકરણ-૩, ઈત્બાત અલ મેઅરાજ વ મ'અનાહુ વ કૈફિયાતુહુ વ સિફાતુહુ વમા જરાફીહી વ વસ્ફુલ બુરાક, હદીસ-૩૪માંથી) (ક્રમશઃ)

# રોગની કુદરતી પ્રક્રિયા
## Natural Process of Disease

**ડો. જી. ડી. થરાદરા** (ઓર્થોપેડિક - સ્પાઈન સર્જન, અમદાવાદ)

જ્યારે કોઈ વ્યક્તિને બીમારી થાય છે ત્યારે ઘણી વાર રોગનો સુધારો-વધારો ડૉક્ટરની અપેક્ષા પ્રમાણે થતો નથી ત્યારે દર્દી અને તેના સગાઓ ડૉક્ટરને સવાલ કરતા હોય છે કે કેમ જલ્દીથી સારું થતું નથી ? કેમ હજુ દર્દીને ચાલવામાં લચક આવે છે? આવા સવાલોના જવાબ આપતાં પહેલાં આપણે એક કુદરતી પ્રક્રિયા વિશે જાણીએ.

જ્યારે ખેડૂત જમીનમાં અનાજના દાણાની વાવણી કરે છે ત્યારે દર ૧૫ દિવસે પાણી આપે છે અને ધીરે ધીરે અનાજના છોડનો વિકાસ થાય છે અને ત્રણ ચાર મહિને પાક તૈયાર થાય છે. જો ખેડૂત રોજે રોજ પાણી આપે તો પાક અઠવાડિયામાં તૈયાર થશે ખરો? ના. પાક અઠવાડિયામાં તૈયાર નહીં થાય. એ તો જે સમય અલ્લાહે દરેક પાક માટે નક્કી કરેલ છે એ સમયે જ પાક તૈયાર થશે. આ પ્રક્રિયાને કુદરતી પ્રક્રિયા (Natural Process) કહેવાય છે, જે સંપૂર્ણપણે કુદરતના-અલ્લાહના હાથમાં છે.

આવી જ રીતે દરેક રોગને પણ અલ્લાહે કુદરતી પ્રક્રિયા બક્ષેલ છે. દરેક રોગ શરૂ થવાથી લઈને રોગ મટવા સુધીની પ્રક્રિયાને નેચરલ હિસ્ટરી કહેવાય છે. દરેક રોગની સારવારમાં ડૉક્ટરનું કામ એ છે કે રોગથી થતી તકલીફો ઓછી થાય અને કોઈ પ્રતિક્રિયા (કોમ્પ્લીકેશન) ન થાય, પરંતુ રોગ એની કુદરતી પ્રક્રિયાની રીતે જ મટે છે અને રોગને મટવા માટે જરૂરી સમય લાગે છે જ. દા.ત. પગનું ફ્રેક્ચર થાય છે ત્યારે જો આપણે સારવાર ન કરીએ તો હાડકું વાંકુ-ચૂંકુ સંધાઈ જાય અને પગમાં ખોડ રહી જાય. પરંતુ ડૉકટરની સારવાર લેવાથી હાડકું તેની સીધી સ્થિતિમાં સંધાય છે. ઓપરેશન કરવાથી હાડકું બીજા જ દિવસે સંધાતું નથી. હાડકું સંધાવા માટે જરૂરી કુદરતી સમય માગી જ લે છે. આ પ્રક્રિયાને કુદરતી પ્રક્રિયા કહેવાય છે.

બીજો દાખલો જોઈએ. નાના બાળકોને ફ્રેક્ચર થાય છે ત્યારે પ્લાસ્ટરથી સારવાર કરવામાં આવે છે અને તેમાં કોઈક વાર હાડકું વાંકુ સંધાય છે અને એક્ષ-રે જોઈને સગાઓ સ્વાભાવિકપણે ચિંતા કરે છે અને ઘણા તો સીધા ડૉક્ટર પર કોર્ટમાં કેસ પણ કરી નાખે છે અને કહે છે કે ડૉક્ટરે મારા છોકરાનો પગ ખરાબ કરી નાખ્યો. પરંતુ આ ઉંમરે થતી નાની મોટી ખોડખાંપણ એક વર્ષ સુધીમાં સંપૂર્ણપણે સારી થઈ જતી હોય છે. આ પ્રક્રિયાને રીમોડેલીંગ કહેવાય છે જે રોગની કુદરતી પ્રક્રિયાનો એક ભાગ છે જે અલ્લાહની નેઅમત છે.

બીજી વાત જોઈએ કે ઘણી વાર એક જાતની બીમારી ઘણા લોકોને થાય છે. દા.ત. મેલેરીયા. મેલેરીયાની દવા આપવાથી ઘણાને સારું થઈ જાય છે પરંતુ કેટલાકને સારું થતું નથી અને રોગના લક્ષણો વધી જાય છે. આ બાબત પણ દર્દીને કુદરતે આપેલ રોગ પ્રતિકારક શક્તિ પર જ આધારિત છે.

આમ, દરેક રોગની કુદરતી પ્રક્રિયા હોય છે જે દરેક દર્દી તેમજ દર્દીના સગાઓએ સમજવાની જરૂર છે અને ડૉક્ટરોએ પણ આ કુદરતી પ્રક્રિયાને ધ્યાનમાં રાખીને રોગની સારવાર કરવી જોઈએ.*

# બ્રહ્માંડનું જ્ઞાન અને કુરઆન

મો.મંજૂરહુસૈન આઈ. પટેલ (કનાઈ)
manjurhusainpatel@gmail.com

વાંચન મારો શોખ રહ્યો છે. મેં કેમિકલ એન્જિનિયરીંગમાં ડિપ્લોમા કર્યું છે. પરંતુ વાંચનના વિષયો મુખ્યત્વે ખગોળવિજ્ઞાન તેમજ વિવિધ ધર્મોનાં પુસ્તકો છે.

એક વાર કચેરીમાં નામદાર બાવા સાહેબે મને કલામે પાક કુરઆન શરીફ વારંવાર પઢવાનું સૂચન કર્યું. આથી મેં ડબલ સવાબ (કલામે પાક પઢવાનો સવાબ અને પીરના હુકમના પાલનના સવાબ)ની ગણતરીએ કુરઆન પઢવાનું ચાલું કર્યું. જેમ જેમ કુરઆન શરીફ પઢતો ગયો તેમ તેમ મને, આગળ જણાવી ચૂક્યો તેમ, મારા રસના વિષયોનું વાંચન મદદરૂપ થયું. હું સાપેક્ષતા કરતો ગયો અને કલામે પાકનું મહત્વ સમજતો ગયો. મને જે અનન્ય લાગ્યું તે નીચે જણાવું છું.

ખગોળશાસ્ત્રીઓ જેવા કે ટોલેમી, નિકોલસ, કોપરનિકસ, જોહાનિસ, કેપ્લર, આઈઝેક ન્યૂટન, વિગેરેએ બ્રહ્માંડ(universe)ની કલ્પના કરી છે. કોઈએ આપણા સૂર્યમંડળને બ્રહ્માંડ કલ્પ્યું છે તો કોઈએ એનાથી આગળ આકાશગંગા(Galaxy)ને બ્રહ્માંડ કલ્પ્યું છે, તો વળી ઈમાન્યુએલ કેન્ટ નામના જર્મન ખગોળશાસ્ત્રીએ ઈ.સ.૧૭૫૫માં ૨૩ લાખ પ્રકાશવર્ષ દૂર આવેલી દેવયાની આકાશગંગા (Andromeda Galaxy)ને બ્રહ્માંડ નંબર-૨ કલ્પ્યું છે.

હજુ આગળ વધીએ તો ડૉ.આઈનસ્ટાઈને બ્રહ્માંડ વિશે માનવજાતનું જ્ઞાન 'અંત' સુધી વિસ્તારી દીધું છે એમ મનાયું. ડૉ.આઈનસ્ટાઈને બ્રહ્માંડને સ્થિર કલ્પ્યું હતું અને બ્રહ્માંડની સ્થિરતા માટે ઈ.સ.૧૯૧૭માં એન્ટી-ગ્રેવિટીની થીઅરી આપી અને સમીકરણોમાં ખગોળશાસ્ત્રીય અચળાંક (Consmological Constant)નો સમાવેશ કર્યો. પરંતુ ઈ.સ. ૧૯૩૦માં અમેરિકાના ખગોળશાસ્ત્રી એડવિન હબલે ટેલિસ્કોપ વડે બ્રહ્માંડને બધી દિશામાં ફેલાતું દીઠું. એડવિન હબલે ઈ.સ.૧૯૩૧માં બ્રહ્માંડના વિસ્તરણનો પુરાવો આપ્યો ત્યારે ડૉ.આઈનસ્ટાઈને તે સૂત્રોને **'મારી સૌથી મોટી ભૂલ'** (My biggest blunder) એવી ક્ષમા યાચના સાથે પાછાં ખેંચી લીધાં.

આમ, ખગોળ નિષ્ણાતો એ તેમની નોટબૂકમાં બ્રહ્માંડના કદને લગતા આંકડાઓને અનેક વખત સુધારવા પડ્યા છે. ઈ.સ.૧૭૮૦માં યુરેનસ ગ્રહના શોધક વિલિયમ હર્ષલે બ્રહ્માંડનું કદ ૧૦,૦૦૦ પ્રકાશવર્ષ હોવાનું જણાવ્યું. ઈ.સ.૧૯૧૯માં ખગોળવિદ્ હાર્લો શેપલીએ તે આંકડો બદલીને ત્રણ લાખ પ્રકાશવર્ષ કર્યો. ઈ.સ.૧૯૨૩માં એડવિન હબલે બ્રહ્માંડનો વ્યાપ ૨૩ લાખ પ્રકાશવર્ષ, તો ઈ.સ.૧૯૬૩માં માર્ટેન શિમટે બે અબજ પ્રકાશવર્ષ અને ઈ.સ.૧૯૯૫માં ૧૩ અબજ પ્રકાશવર્ષ જેટલો આંકડો આવ્યો. હજુ આ બાબત ચાલુ જ છે..

અહીં મારું કહેવાનું તાત્પર્ય એ છે કે વૈજ્ઞાનિકોએ બ્રહ્માંડની કલ્પના કરી અને જે વર્ણન કર્યું એનાથી બ્રહ્માંડ **'ઉમ્મીદ સે દુગના'** નહીં પરંતુ **'ઉમ્મીદસે કંઈ ગુના'** સાબિત થયું છે અને આ બ્રહ્માંડ તો સર્જન છે. સર્જનની વાત કરવામાં પણ વિજ્ઞાનના પના ટૂંકા પડતા હોય તો સર્જકની વાત કરવા કે કહેવા કેવા કલામ જોઈએ ? એ વાત મને સમજાઈ.

આવી જ રીતે 'ફિલોસૉફી'નાં અમુક પુસ્તકોમાં પણ ખુદા વિશે કલ્પના કરવામાં આવી

છે જેમાં ખુદાને હજારો સૂર્ય જેટલા તેજ સાથે સરખાવ્યો છે, તો કોઈએ બીજી રીતે કલ્પના કરી છે. પરંતુ હાલના બ્રહ્માંડની આપણી જાણકારી પ્રમાણે એમની કલ્પનાના ખુદાઓ **'રેડ જાયન્ટ'** તારા કરતાં પણ નાના થઈ જાય છે.

આમ, જે તે સમયે ફિલોસૉફીનાં પુસ્તકો લખાયાં હોય તે સમયે તો એમની વાત કદાચ પ્રભાવશાળી લાગી હશે. પરંતુ જ્યારે માનવજાતનું જ્ઞાન વધે ત્યારે આવી વાતો અસરકારક રહેતી નથી, હાસ્યાસ્પદ બની જાય છે.

બસ, હવે જો હું મારી મૂળ વાત પર આવું તો ફક્ત કુરઆન શરીફ જ એક એવી કિતાબ છે કે જેનું મેં પહેલેથી છેલ્લે સુધી પઠન કર્યું તો આ કલામે પાકે મારા દિલમાં ખુદાની બુઝુર્ગી અને બુલંદી વધારી દીધી, ઈમાનમાં વધારો કર્યો અને સારી રીતે સમજી શક્યો કે કયામત સુધી સર્જકને સમજવા કુરઆન અને એહલેબયતની જ મદદ લેવી પડશે.

છેલ્લે એક વાત કરી લેખ પૂરો કરું છું. વર્ષો પહેલાં બે અંગ્રેજોને થયું કે વૈજ્ઞાનિકોના જ્ઞાન કરતાં અજ્ઞાનનો ભંડાર વધારે હોય છે. તો તેને લગતો એક જ્ઞાનકોષ એટલે કે 'એન્સાઈક્લોપીડિયા' શા માટે પ્રગટ ન કરવો ? પશ્ચિમી દેશોના શ્રેષ્ઠ જીવશાસ્ત્રીઓ, ભૌતિકશાસ્ત્રીઓ, ખગોળ-શાસ્ત્રીઓ, સમુદ્રશાસ્ત્રીઓ વિગેરેને તેમણે પૂછ્યું કે તમારા ક્ષેત્રમાં એવું શું છે કે જેનું રહસ્ય તમે હજી સુધી જાણતા નથી ?

વૈજ્ઞાનિકો તરફથી જે જવાબો મળ્યા તેનું સંકલન કરીને **'એન્સાઈક્લોપીડિયા ઑફ ઈગ્નોરન્સ'** (અજ્ઞાનતાનો વિશ્વકોષ) નામનો દળદાળ સંગ્રહ તૈયાર કરવામાં આવ્યો.

તો આવી જ રીતે મોમિનાના **'કુરઆન'** અને **'હદીસ'**ના પ્રકાશમાં થયેલા અનુભવોનું સંકલન કરીને **'એન્સાઈક્લોપીડિયા ઑફ ફેઈથ'** કેમ ના બનાવી શકાય ? ❋




**મતલુબઅલી એસ. પટેલ**

મુ.પો. કનાઈ, તા.હિંમતનગર

LIC
भारतीय जीवन बीमा निगम
LIFE INSURANCE CORPORATION OF INDIA

# ભારતીય જીવન વીમા નિગમ

**જીવન વીમાના કામકાજ માટે મળો.**

**જે વીમેદાર મોમિન ભાઈઓ તથા બહેનોએ સહકાર આપેલ છે તેમનો અંતઃકરણપૂર્વક આભાર.**

**:::::::::::::::::::::: સંપર્ક ::::::::::::::::::::::**

**નૂર ઈલેક્ટ્રીકલ્સ**

ઈલોલ (તલાવ), તા. હિંમતનગર, જિ. સાબરકાંઠા.

મો.૯૯૨૫૩૯૩૨૭૭, ૯૪૨૮૫૨૫૭૭૮

# સર્વશ્રેષ્ઠ સ્મરણ

મૌલાના ઓબયદુલ્લાહ
અમૃતસરી દ્વારા સંપાદિત
**'અર્જહુલ મતાલિબ'**નો અનુવાદ

## જનાબે અમીર(અ.)ના અમલી ફઝાએલનું વર્ણન

### જંગે નહેરવાનમાં જનાબે અમીર(અ.)ની શુજાઅત

(ગતાંકનું ચાલુ)

જ્યારે હારિસે ખારજીઓની પાસે જઈને તેમને આ બાબતની માહિતી પૂછી તો એ દુર્ભાગિયાઓએ તેમને પણ મારી નાખ્યા. હઝરત અમીર(અ.) હજુ તો લશ્કરમાં જ હતા એવામાં આપને તેમના કતલના સમાચાર મળ્યા. લોકોએ અરજ કરી, યા અમીરુલ મોમિનીન ! આપ આ ખારજીઓને કેમ ખુલ્લા છોડીને જઈ રહ્યા છો ? એટલા માટે કે અમારી માતાઓ અમારી પાછળ આળોટે અને અમારી સ્ત્રીઓને તેઓ મારી નાખે ? આપ અમારી સાથે તેમની સામે લડવા તશરીફ લઈ જાઓ. જ્યારે આપણને તે કાર્યથી ફુરસદ પ્રાપ્ત થશે તો અમે આપણા શામી દુશ્મનો તરફ જઈશું. અસઅસ બિન કૈસે પણ ઊભા થઈને એ બાબતનું સમર્થન કર્યું.

ઘણી વખત એવો વિચાર કરવામાં આવતો હતો કે અસઅસ ખારજીઓની તરફદારી કરશે કેમકે સિફ્ફિનના દિવસે તેણે કહ્યું હતું કે આ કોમે ખૂબ જ ઈન્સાફની વાત કરી છે કે શામના લોકો આપણને અલ્લાહની કિતાબ તરફ આમંત્રે છે. હવે જ્યારે અસઅસે તેની વિરૂધ્ધ એ વાત કરી તો લોકોને ખબર પડી ગઈ કે તે ખારજીઓના વિચારો સાથે સંમત નથી. હઝરત અમીરે પણ ખારજીઓ તરફ રવાના થવાનો નિશ્ચય કર્યો.

એટલામાં તો અઝદી કોમના એક નજૂમી (જ્યોતિષશાસ્ત્રી) કે જેનું નામ મુસાફિર બિન અદી હતું તે હાજર થઈને અરજ કરવા લાગ્યો, યા અમીરુલ મોમિનીન ! આપ ખારજીઓની સાથે જંગ કરવા માટે ફલાણા સમયે બહાર નીકળજો. જો આપ એ સમયના સિવાય બીજા કોઈ સમયે તશરીફ લઈ જશો તો આપને અને આપના સાથીદારોને ખૂબ જ તકલીફ પહોંચશે. હઝરતે તેના કોલનો વિરોધ કર્યો અને તેના નિર્ધારિત સમયની વિરૂધ્ધ બીજા સમયે જંગ કરવા તશરીફ લઈ ગયા અને સફળ પણ થઈ ગયા. જ્યારે જનાબે અમીર કૂચ કરીને ખારજીઓના એટલે નજીક જઈ પહોંચ્યા કે જ્યાંથી આપ તેમને અને તેઓ આપને જોઈ રહ્યા હતા તો આપે તેમને કહેણ મોકલ્યું કે જો તમે અમારા ભાઈઓના કાતિલોને આપી દો કે જેથી અમે તેમને કતલ કરી દઈએ, તો અમે તમને કતલ નહીં કરીએ અને તમને છોડી દઈશું. કેમકે અમે શામના લોકો સાથે જંગ કરવા માટે જવાના છીએ. કદાચ ખુદા તઆલા તમારા દિલોને ફેરવી નાખે અને જે નેક કામને તમે પહેલાં કરી રહ્યા હતા તેની તરફ તમને પલટાવી દે.

ખારજીઓએ જવાબ આપ્યો કે અમે બધાએ એકમત થઈને તેમને કતલ કર્યા છે અને અમે બધા મળીને તમારું લોહી વહાવવાને હલાલ સમજીએ છીએ. હઝરત અમીર(અ.)ના લશ્કરમાંથી કૈસ બિન સાઅદ બિન ઉબાદા બહાર નીકળીને કહેવા લાગ્યા, અય ખુદાના બંદાઓ ! તમે અમારા ભાઈઓના કાતિલોને અમને સોંપી દો અને જે કાર્યથી તમે અમારાથી અલગ થયા છો, અમારી સાથે એ જ કાર્ય માટે શામેલ થઈ જાઓ અને અમારા દુશ્મનો અને તમારા દુશ્મનો સાથે જંગ કરવા માટે અમારી સાથે ભળી જાઓ. તમે ખૂબ મોટા ગુનાના અપરાધી બની રહ્યા છો કે તમે અમને

મુશરિક ગણો છો અને તમે પોતે જ મુસલમાનોનું લોહી વહાવો છો. અબ્દુલ્લાહ બિન શજરા અલ સલ્મી તેમના જવાબમાં કહેવા લાગ્યો, અમારા ઉપર હક જાહેર થઈ ગયું છે. અમે તમારું અનુસરણ કદાપિ નહીં કરીએ.

ત્યાર પછી જનાબે અમીર(અ.) પોતે જ લશ્કરમાંથી બહાર નીકળી આવ્યા અને ખારજીઓને સંબોધીને ફરમાવવા લાગ્યા, અય ગુનેગારોના સમુદાય ! તમે કે જેમને નાહકના ઝઘડાએ અને બેહુદા ટંટાએ ફિત્નો અને ફસાદ કરવા માટે તૈયાર કર્યા છે અને મનની ઈચ્છાઓ અને લડાઈખોરીએ હકનું અનુસરણ કરવાથી રોક્યા છે, તમારા નફસ ખુદ ઉપદ્રવી બની ગયા છે અને તમે હુકૂમતની આડ પકડી રાખી છે. તમે પોતે જ મારી આગળ તેની ઈચ્છા કરી હતી. હું તો તેને ખરાબ જ સમજતો રહ્યો. મેં તમને નહોતું કહ્યું કે શામના લોકો તમને દગો દઈ રહ્યા છે. વિરોધીઓની માફક તમે મારું કહેવું માન્યું નહીં અને નાફરમાન લોકોની માફક મારા દુશ્મન બની બેઠા. મેં લાચારીપૂર્વક મારા અભિપ્રાયને તમારા અભિપ્રાય તરફ ફેરવી નાખ્યો. જો કે શામીઓનું કામ તમામ થઈ ચૂક્યું હતું છતાં પણ અને તેઓ બધા પરેશાનીમાં સ્વપ્નો જોવાની નજીક થઈ ગયા હતા. પરંતુ તમારા મોટા વૃધ્ધોનો અભિપ્રાય એવો થયો કે બે વ્યક્તિઓને હુકમ બનાવવામાં આવે. ત્યાર પછી મેં એ બન્ને સાથે એવી શરત કરી હતી કે કુરઆનથી ચુકાદો આપે અને તેનાથી કદાપિ બાંધછોડ ન કરે પરંતુ એ બન્નેએ હકને છોડી દીધું, હક તેમની આંખો સમક્ષ ફરી રહ્યું હતું તો પણ. હવે તમે બતાવો કે તમે લોકો અમારી સાથે લડાઈ કરવાને શા માટે હલાલ સમજો છો ? આનાથી તો તમે લોકોને નાહક સતાવો છો અને તેમનાં ગળાં કાપો છો. આ બાબત તો દુનિયા અને આખેરતમાં સખત નુકસાનની નિશાની છે. (ક્રમશઃ)


*પાટણમાં ખુશ ખબર... પાટણમાં ખુશ ખબર... પાટણમાં ખુશ ખબર...*

ટેલર્સને લગતી તમામ આઈટમ તથા ભરત કામને લગતી ઉત્તમ આઈટમ એટલે...

**સર્વોત્તમ**

**ટેલરીંગ મટેરીયલ્સ & મેચીંગ સેન્ટર**

કસબ, મોતી, ટીકડી, કુન્દન, સ્ટોન, કટદાણા, ઝીક તથા રેશમના દોરા, પારા, લેસ, સોયા, નાની-મોટી રીંગ, આભલા, કુરેશીયા ભરતના દોરા, લટકણ, તમામ પ્રકારના કેનવાસ, આખા અને અડધા સટરની સોયો, આંટીઓનું બોક્સ, સંચામાં નાખવાનું તેલ, બટન, હુક, પેન્ટની કલીપો, ચોકના બોક્સ, કોલરનું કેનવાસ, નાની-મોટી કાતર તથા કટલરી અને કોસ્મેટીક આઈટમ તથા ભરત ભરવાનો તમામ પ્રકારનો સામાન મળશે.

**(હૈદરપુરાવાળા)**

શુભ સ્થળ

એફ-૫, પહેલા માળે, તિરૂપતી માર્કેટ, બગવાડા દરવાજા, પાટણ.

મો.૯૯૦૯૪૬૯૧૯૩


ર્વોત્તમ

# તૌહીદ

લેખન
મોલ્વી અકબરઅલી મીયાંજી સુણસરા (ભાંગરોડીયા)

(ગતાંકનું ચાલુ)

આપણે બીજી રીતે સમજવાની કોશિશ કરીએ. કોઈ આવીને એમ કહે કે ભાઈ ! તમારા દાંતમાં કેટલાં લક્ષણો છે ? અને એ કેટલા મજબૂત છે ? એ જાણવું છે માટે જેમ રોટી ચાવીને ખાઓ છો એવી રીતે પાણીને પણ ચાવીને ખાઓ. જોઈએ હવે તમારા દાંતની તાકાત પણ માપીએ. તો તેને કહેવાનું એટલું જ હોય કે ભલા માણસ ! દાંતની તાકાત પાણીથી ન મપાય. દાંતની તાકાત માપવી હોય તો લાખંડ લાવ, પથરા લાવ અને પછી જો કે એને ચાવવાની અને એના ટુકડે ટુકડા કરવાની મારા જડબામાં અને દાંતોમાં કેટલી બધી તાકાત છે. પાણીમાં પોતાનામાં જ ચવાઈ જવાની શક્તિ નથી તો એનાથી તું મારા દાંતની શક્તિ કેવી રીતે માપી શકે ? અલ્લાહની કુદરત તેની તાકાત તેનો નિશ્ચય અને તેની સત્તા ધરતીના રજે રજથી અને સૃષ્ટિના સ્વરૂપે સ્વરૂપે દેખાઈ રહી છે. જો તેનામાં કુદરત ન હોત તો સૂર્ય અને ચંદ્ર, તારાઓ, વાતાવરણ, પાણી, હવા જેવી વસ્તુઓને એ કેવી રીતે સર્જી શક્યો હોત. દુનિયામાં મોટામાં મોટાં વિકરાળ પ્રાણીઓથી માંડીને નાનામાં નાનું જંતુ પણ અલ્લાહની અગમ્ય શક્તિઓના પ્રતિક સમાન છે.

મનુષ્ય પોતાની જાતને શક્તિમાન અને કુદરતવાળો કહે છે. એનો એ જાતનો દાવો કંઈક અંશે બરાબર પણ છે. તે પોતાની બુધ્ધિ અને વિદ્યાના બળે સૃષ્ટિમાં અન્ય જેટલાં પણ સર્જનો છે એ બધા પર વર્ચસ્વ ધરાવે છે. તે અલ્લાહના સર્જનોમાંનું એક શ્રેષ્ઠ સર્જન છે અને એટલા માટે **'અશરફુલ મખ્લૂકાત'**નું બિરૂદ પામ્યો છે. પણ જ્યારે મનુષ્યે પણ પોતાની શક્તિઓ અને સત્તાઓ વિષે વધારે પડતો ઘમંડ કર્યો અને તેણે અલ્લાહની સત્તાઓ જોડે બાથ ભીડવાનો પ્રયત્ન કર્યો તો તેના નિશ્ચયો ડગી ગયા. તેનો પ્રયત્ન મિથ્યા પુરવાર થયો. મનુષ્યની સર્વે શક્તિઓ અલ્લાહની સમક્ષ ક્ષીણ થઈ ગઈ અને તેની મહાન તાકાતની આગળ તેણે મસ્તક ઝુકાવી દેવું પડ્યું. માનવીની આ નિર્બળ અવસ્થા તરફ ઈશારો કરીને માઅસૂમે ઈરશાદ ફરમાવ્યો છે કે :

'પોતાની મુરાદો બર ન આવતાં અને તેમાં નિષ્ફળતા સાંપડતાં માનવીએ અલ્લાહને ઓળખ્યો અને જાણ્યું કે મનુષ્યની મુરાદો ઉપર પણ બીજા કોઈની મુરાદો વધારે વર્ચસ્વધારી છે.'

સૃષ્ટિનું સર્જન ઈન્સાનની બુધ્ધિનું કામ નથી. મનુષ્યની બુધ્ધિનું સર્જન હોઈ શકતું નથી કારણ કે મનુષ્યની બુધ્ધિની એક મર્યાદા છે. આપણા અનુભવો મર્યાદિત છે. આપણી લાગણીઓ મર્યાદિત છે. આપણી ઉર્મિઓ મર્યાદિત છે. આપણી કલ્પનાશક્તિ પણ સીમિત છે. અલ્લાહ આપણી કલ્પનાઓમાં સમાઈ શકતો નથી. આપણી કલ્પનાઓથી પર છે અને છતાં આપણે તેના વિશે ચોક્કસ શ્રધ્ધા ધરાવીએ છીએ. એ જ વસ્તુ મોટામાં મોટો પુરાવો છે કે અલ્લાહના અસ્તિત્વનો સ્વીકાર તો માણસની પ્રકૃતિમાં જ રહેલો છે. મનુષ્યના મનના ઊંડાણમાં રહેલો આ વિચાર તેના આત્માને પરમાત્મા તરફ બતાવેલી અનન્ય ભક્તિ અને શ્રધ્ધાનો અંશ હોય છે. એ અંશ જ્યારે પરિપક્વ થાય છે અને વિકસે છે ત્યારે અલ્લાહની ભક્તિ સોળે કળાએ શણગાર સજીને તેના આચરણમાં દેખાવા માંડે છે. (ક્રમશઃ)

# આરોગ્યની સાચવણી

**'Prevention is better than cure.'**

## ગર્ભાવસ્થા

(ગતાકનું ચાલુ)

આજ કાલ ટીવી અને ચેનલોની ભરમાર ચાલે છે. ચેનલ સર્ફીંગ (એટલે કે વારંવાર ચેનલ બદલતા રહેવું તે) એક પ્રકારની માનસિક બીમારી થઈ પડેલ છે. આજ કાલ જે પ્રકારના ટીવી પ્રોગ્રામ આવે છે તેમાં મોટે ભાગે સાસુ વહુની મનઘડત વાર્તાઓ, બકવાસ સંબંધો, હિંસા, સેક્સ, કાલ્પનિક ગપગોળા સિવાય કશું જ નથી હોતું. કોઈ પણ બોધદાયક પ્રોગ્રામ સામાન્ય ચેનલોમાં જોવા મળતા નથી. **'પાવર વર્સિસ ફોર્સ'** નામના પુસ્તકના લેખક ડૉ. હોકિન્સ લખે છે કે આવા પ્રોગ્રામ માણસને તેની જાણ વગર ૧૧૦ ગણો નબળો બનાવી દે છે અને રોગ પ્રતિકારક શક્તિ પણ ઘટાડે છે અને આંતઃસ્ત્રાવ ગ્રંથિઓને અને ન્યૂરોટ્રાન્સમીટર સિસ્ટમને પણ અસ્તવ્યસ્ત કરે છે. ટૂંકમાં આવા બિન જરૂરી પ્રોગ્રામ માટે સમયનો બગાડ ન કરવો. આવા વિકૃત પ્રોગ્રામ આવનાર બાળક ઉપર નકારાત્મક અસર પાડી પણ શકે. આ બાબતે કોઈ ચોક્કસ દલીલ કરવી કદાચ ખોટી કહેવાશે પરંતુ આ બાબત સારી નથી.

સામાન્ય રીતે એવી સમજ છે કે ગર્ભાવસ્થા દરમિયાન સ્ત્રીએ બે જણ માટે ખાવું જોઈએ. વાસ્તવમાં એવું કશું નથી કારણ કે આવનાર બાળકની રોઝી રોટી અલ્લાહ તઆલાએ મુકર્રર કરી દીધેલ છે. પરંતુ જરૂરી અને ગુણવત્તાવાળો ખોરાક એટલા માટે લેવો જોઈએ કે બાળકના જન્મ સમયે મુશ્કેલી ઓછી સર્જાય. બાળકના વિકાસની પ્રક્રિયા કુદરતી હોય છે, જેમકે બાળક જીવનના પ્રથમ ત્રણ મહિનામાં તેની જરૂરિયાતો પૂરતાં લોહતત્વ તેના જઠરમાં સંગ્રહ કરી લે છે. પછી ભલે ને તે તેની માતા પાસે હોય કે ન હોય. પછી તે હાડકાં બનાવવા માટે અને દાંતોના બંધારણ માટે કેલ્શિયમ શોષી લેતું હોય છે. જો સ્ત્રી પૂરતા પ્રમાણમાં કેલ્શિયમ ધરાવતી ન હોય તો પણ તે સ્ત્રીના હાડકામાંથી કેલ્શિયમ શોષણ કરતું હોય છે. પરંતુ બાળકના જન્મ પછી તેની સાર સંભાળ અને માતાની સારી તબીયત માટે શક્તિની જરૂર પડે છે તે માટે માતાએ પૂરતો અને પોષણક્ષમ ખોરાક લેવો ખૂબ જ જરૂરી હોય છે.

ગર્ભાવસ્થા દરમિયાન આહાર કેવો લેવો, કઈ ખરાબ કુટેવોથી બચવું, લોહતત્વ, કેલ્શિયમ, પ્રોટીન, વિટામીન વિગેરે કયા ખોરાકમાંથી મેળવી શકાય, ગર્ભાવસ્થા દરમિયાન ઘી ખાવું કે નહીં ? કસરત કેવા પ્રકારની કરી શકાય ? કયા ખોરાકમાંથી કેવા અને કેટલા પ્રમાણમાં કૅલેરી મેળવી શકાય ? આવી ઉપરાંત અન્ય ઘણી બધી બાબતો વિષે હવેથી આપણે ચર્ચા કરતા રહીશું.

અત્રે અમો એ બાબતે પણ ચર્ચા કરવા માગીએ છીએ કે સામાન્ય રીતે ઉપલબ્ધ ઘણી બધી એવી ચીજ વસ્તુઓ, જો યોગ્ય પ્રમાણમાં અને પધ્ધતિસર લેવામાં આવે તો મોટો ફાયદો કરી શકે છે. દા.ત. કઠોળ જો સીધી રીતે લેવામાં અને ફણગાવેલા લેવામાં આવે તો ઘણો જ ફરક પડી શકે છે. અત્રે આપણો મુખ્ય ઉદ્દેશ્ય દવા ઓછી થાય, બીમારી ઓછી થાય તે છે અને એટલા માટે જ ઘણી બધી વખત જરૂર ન હોવા છતાં અથવા ખાદ્યકીય વિકલ્પો હોવા છતાં આપણને ડૉક્ટરો બિનજરૂરી દવાઓ આપતા હોય છે. દા.ત. હિમોગ્લોબીનની ઉણપ માટે દવા સિવાય અન્ય ઉપાયો પણ હાથવગા ઉપલબ્ધ છે. પરંતુ આપણે એ બાબતે અજાણ છીએ. ઉપરાંત ગર્ભાવસ્થા દરમિયાન હાથે પગે સોજા આવવા એ સામાન્ય બાબત હોવા છતાં આના આયુર્વેદિક, ઘરગથ્થુ ઉપાયો પણ સામાન્ય છે. (ક્રમશઃ)

(મોમિન મેડીકલ સહાય યોજનાના નિષ્ણાત ડૉક્ટરો તેમજ જાહેર આરોગ્ય વિષયક માહિતીના આધારે)

# જ્ઞાન ગોષ્ઠિ

: સંપાદક :

'મોમિન રત્ન'

## ઈસ્લામી શિષ્ટાચાર

### આત્મહત્યા

- આત્મહત્યા કરવી અથવા આપઘાત કે આત્મઘાત કરવો એટલે સભાનપણે અને ઈરાદાપૂર્વક જાતે જ પોતાનો જીવ લઈ લેવો.
- ઈસ્લામ ધર્મમાં આત્મહત્યા કરવાને હરામ બાબત ગણવામાં આવી છે.
- અલ્લાહ તઆલા કુરઆને મજીદમાં ફરમાવે છેઃ

**'અય ઈમાન લાવનારાઓ ! તમે આપસમાં એક બીજાનો માલ નાહક ખાઈ જાઓ નહીં. સિવાય તે (નફો) કે જે એકબીજાની રાજીખુશીથી કરેલા વેપારમાં થયેલો હોય અને (આત્મ)ઘાત કરો નહીં, બેશક અલ્લાહ તમારા પર અતિ રહેમ કરનારો છે.'** (સૂરએ નિસા, આયત-૨૯)

- આત્મહત્યા શા માટે હરામ છે તેની ચર્ચા કરીએ તે પહેલાં આપણે આત્મહત્યાનાં કારણો ઝીણવટથી તપાસવાં જોઈએ.
- સામાન્ય રીતે નીચેનાં કારણોસર લોકો આત્મહત્યા કરતા હોય છે.
  - ✶ હતાશાને કારણે
  - ✶ ચિત્તભ્રમ અથવા અવિચારીપણાને કારણે
  - ✶ પૂરતી દેખરેખના અભાવે (અવહેલના અને લોકોને મારી જરૂર નથી એવી ભાવનાને કારણે)
  - ✶ નિરાશાજનક પરિસ્થિતિને કારણે (મુસીબતોનો સામનો કરવાની અપાત્રતાને કારણે)
- ઉપર દર્શાવ્યાં તે બધાં આત્મહત્યાનાં કારણો હોઈ શકે છે પરંતુ તેનું પરિણામ શું ? કોઈ પણ માણસ કોઈ કાર્ય કંઈક પરિણામ પ્રાપ્ત કરવા માટે કરતો હોય છે. જ્યારે આત્મહત્યાનું પરિણામ છુટકારો છે, જીવનની સમસ્યાઓથી છુટકારો છે.
- જ્યારે કોઈ પણ માણસ આત્મહત્યા કરે છે તો તે પોતાનો જીવ લઈ લે છે. તે માણસ કદાચ એવું વિચારતો હશે કે હું દુનિયાની સમસ્યાઓને મારી પાછળ મૂકતો જાઉં છું. પરંતુ શું તેને સંપૂર્ણ વિશ્વાસ છે ખરો કે તેનાં નેક કાર્યો દ્વારા તે કયામતના દિવસનો સામનો કરી શકશે ? જો તેના નેક આમાલનું વજન ઓછું હશે તો પરલોકમાં તેણે આના કરતાં ય વધારે સમસ્યાઓનો સામનો કરવો પડશે.
- આત્મહત્યા કરવાનાં ઘણાં બધાં સ્વરૂપો હોઈ શકે છે.
  - ✶ ઝેર પી જઈને
  - ✶ પાણીમાં ડૂબી જઈને
  - ✶ કાંડાની નસો કાપી નાખીને
  - ✶ ગળામાં ફાંસો નાખીને
  - ✶ એવો પદાર્થ (દવા) ખાઈને કે જે પ્રાણઘાતક હોય, વગેરે
- અલ્લાહ તઆલાએ આપણને જિંદગી ભેટ તરીકે આપી છે. એમ જ માની લો કે અલ્લાહે આપણને આ શરીર લૉન(Loan) તરીકે આપેલું છે અને આપણે તેનો ઉપયોગ કરી લીધા પછી તે શરીરને અલ્લાહને પાછું સોંપવાનું છે. જો કે આત્માને તો મારી પણ શકાતો નથી કે તેનો નાશ પણ કરી શકાતો નથી (સિવાય અલ્લાહની ઈચ્છા હોય).
- અલ્લાહ તઆલા કુરઆનમાં ફરમાવે છે :

**'તમે અલ્લાહમાં રહેલા ઈમાનનો ઈન્કાર કેવી રીતે કરી શકો ? તમને તેણે નિર્જીવ જોઈને જિંદગી આપી અને પછી તે તમારું મોત નીપજાવશે અને તે ફરીથી તમને જીવતા કરશે અને તેના તરફ**

**જ તમારે પાછા ફરવાનું છે.'**

(સૂરએ બકરહ, આયત-૨૮)

**આત્મહત્યા હરામ શા માટે ?**

- સૈધાન્તિક રીતે જોઈએ તો આત્મહત્યા હરામ છે કારણ કે જે માણસ આત્મહત્યા કરે છે તે -
  - ✶ અલ્લાહમાં રહેલા તેના વિશ્વાસને ગુમાવી દે છે.
  - ✶ તેના અસ્તિત્વના હેતુનો નાશ કરી નાખે છે.
  - ✶ તે એ(વા જીવન)નો નાશ કરે છે કે જેનો નાશ કરવાનો તેને અધિકાર નથી.

(૧) ઉપરોક્ત બાબતને આ રીતે સમજી શકાય.

અલ્લાહની દયા પ્રાપ્ત કરવાની આશા છોડી દેવી એ ગુનાહે કબીરા છે. જ્યારે કોઈ માણસ હતાશાને લીધે કે નિરાશાને લીધે આત્મહત્યા કરે છે ત્યારે તેને એવું લાગે છે કે જીવનના દબાણને તે લાંબા સમય સુધી પહોંચી નહીં વળી શકે (એટલે કે સમસ્યાઓનો સામનો નહીં કરી શકે). એ વખતે તે અલ્લાહની દયામાં રહેલો પોતાનો વિશ્વાસ ગુમાવી બેસે છે.

- અલ્લાહ તઆલા કુરઆને મજીદમાં ફરમાવે છેઃ

**'અને અમે તમારી થોડાક ભયથી અને થોડીક ભૂખથી તથા માલ તથા પ્રાણ અને ફળો (ફરઝંદો)ના નુકસાનથી અજમાયશ કરીશું અને (હે રસૂલ !) તે સબર કરનારાઓને ખુશખબરી સંભળાવી દે.'** (સૂરએ બકરહ, આયત-૧૫૫)

- અલ્લાહ તઆલા આપણને સમજાવે છે કે તમારા ઈમાનની કસોટી આ જિંદગીમાં વિટંબણાઓ દ્વારા કરવામાં આવશે. એ લોકોને શુભ સંદેશ પાઠવો કે જેઓ સબ્ર ધારણ કરે છે એનો અર્થ એવો થાય છે કે એવા લોકોને ખુશખબરી આપો કે જેઓ જીવનમાં સખત પ્રયત્ન કરે છે અને સબ્ર કરે છે. એનાથી ઉલટું જેઓ સબર કરતા નથી અને અલ્લાહની દયામાં રહેલો વિશ્વાસ ગુમાવી દે છે (અર્થાત આત્મહત્યા કરે છે) કારણ કે તેણે આપણને વચન આપ્યું છે કે મુસીબતો પછી તે આપણને આરામ આપવાનો છે.
- અલ્લાહ તઆલાએ આપણને એવું પણ વચન આપ્યું છે કે તે આપણને આપણા ગજા બહારની મુસીબતો નહીં આપે કે જે આપણે સહન ન કરી શકીએ, આ તો પરીક્ષાના જેવી એક કસોટી માત્ર છે.

જુઓ કુરઆન શરીફ.

**'અલ્લાહ કોઈ પણ જીવને તેના ગજા ઉપરાંત તકલીફ આપતો નથી. તે એ બધી જ સારી બાબતો કે જે તે મેળવે છે અને એ બધી જ ખરાબ બાબતો તે મેળવે છે તે તેના કરતૂતોનું જ પરિણામ છે.'**

(સૂરએ બકરહ, આયત-૨૮૬)

(૨) જીવનનો હેતુ કસોટી કરવાનો છે. એનો અર્થ એવો થતો નથી કે આપણે આ દુનિયાની મજા માણવાની નથી. પરંતુ તેનો અર્થ તો એવો જ થાય છે કે આ દુનિયા માત્ર આપણા અંતિમ ધ્યેયનો એક ભાગ હોવી જોઈએ. જરા પરીક્ષાનો વિચાર કરો. પરીક્ષા આપવી તે અઘરું કાર્ય છે પરંતુ જો આપણે સારો અભ્યાસ કરીએ અને સખત મહાવરો કરીએ તો આપણે પરીક્ષા ખંડમાં પેપર લખતી વખતે આનંદ

**ક્યા ક્યા દુન્યાસે સાહેબે માલ ગયે, | પહુંચા કે લહદ તક ફિર આએ સબ લોગ,**
**દૌલત ન ગઈ સાથ, ન અત્ફાલ ગયે. | હમરાહ ગયે તો આઅમાલ ગયે.**

(જગતમાંથી કેવા કેવા માલેતુઝારો અને રાજા મહારાજાઓ આંખના પલકારામાં વિદાય થઈ ગયા. પરંતુ તેમની સાથે ન તો તેમની દોલત ગઈ કે ન તો ઓલાદ ગઈ. બધા તેમને કબર સુધી પહોંચાડીને પાછા આવી ગયા. એમની સાથે જો કંઈ ગયું હોય તો તે માત્ર તેમના આમાલ જ ગયા, કાર્યો જ ગયાં.)

અનુભવવાના અને તેના સારા પરિણામની આતુરતાપૂર્વક રાહ જોવાના.

- આત્મહત્યા કરવી તે અડધી પરીક્ષા આપીને પરીક્ષાખંડમાંથી બહાર નીકળી જવા બરોબર છે. જ્યારે આપણે આપણા જીવનને સમાપ્ત કરી દઈએ છીએ તો આપણા આમાલની કિતાબ પણ બંધ થઈ જાય છે. પરીક્ષા અધરી ભલે હોય પરંતુ આપણે બનતો બધો જ પ્રયત્ન કરીએ એટલે કે જેટલા વધારે જવાબો લખીશું, એટલા વધારે પ્રમાણમાં આપણે માર્કસ મેળવીશું. પરંતુ જો આપણે અડધમાંથી જ લખવાનું બંધ કરી દઈશું તો જે કંઈ માર્કસ આપણે મેળવી શકવાના હોઈશું તે ગુમાવી દઈશું. બસ એવી જ રીતે જો આપણે આત્મહત્યા કરી નાખી તો આપણે જીવનની અલ્લાહની મોટામાં મોટી પરીક્ષામાંથી બહાર નીકળી ગયા અને દયાને કારણે જે દુઆ કે ભાગ્ય પલટો મળવાનો હશે તે ગુમાવી દઈશું અને કયામતના દિવસે તેનું પરિણામ સારું નહીં આવે.
- અલ્લાહે આપણને જીવનરૂપી મહાનતમ ભેટ આપેલી છે. આ ભેટને અલ્લાહને પાછી આપી દેવી તે કૃતઘ્નતા દેખાડવા જેવી બાબત છે. જેમ કોઈ દીકરો પોતાના પિતાને વળતો જવાબ આપતો હોય છે.
- જીવન અને મૃત્યુ એ અલ્લાહની દેન છે. જીવ ધારણ કરવો કે મૃત્યુ પામવું તે માણસના હાથની વાત નથી. આ એક ઈલાહી કાનૂન છે. અને આત્મહત્યા કરવી એ તો ઈલાહી કાનૂનને પોતાના હાથમાં લઈ લેવા બરાબર છે. અલ્લાહ દ્વારા નિર્મિત મોત વખતે મોતનો ફરિશ્તો આવે છે અને માણસની રૂહ કબ્ઝ કર્યા પછી તેને નિર્ધારિત સ્થળે પહોંચાડે છે. પરંતુ જે વ્યક્તિ આત્મહત્યા કરે છે તેની રૂહ પોતાની મેળે નિર્ધારિત સ્થળે પહોંચવા અસમર્થ હોય છે.
- અલ્લાહ તઆલા કુરઆને મજીદમાં ફરમાવે છે:

**'અને જે કોઈ જીવ કે જેનું મારી નાખવું અલ્લાહે હરામ કર્યું છે તેને અન્યાયી રીતે મારી ન નાખો સિવાય કે ન્યાયી રીતે.'**

(સૂરએ બની ઈસરાઈલ, આયત-૩૩)

અલ્લાહે પોતાની કૃપાથી આપણને શરીર અને જીવન આપ્યાં છે. આત્મહત્યા કરીને આપણે અલ્લાહની દુઆને તરછોડી દઈએ છીએ અને તેનો ઈન્કાર કરીએ છીએ. જીવન આપવા માટે અલ્લાહનો આભાર માનવો તો દૂર રહ્યો ઉલ્ટું આપણે તો જેનો આભાર માનવો જોઈએ તે જીવનનો જ નાશ કરી દઈએ છીએ. *

## નુસ્ખા

### ઝાડા-મરડો

(ગતાંકનું ચાલુ)

* મરીનું ચૂર્ણ છાશમાં લેવાથી મરડો મટે છે.
* મેંથીનો લોટ દહીંમાં ખાવાથી મરડો મટે છે.
* મેંથીની ભાજીના રસમાં કાળી દ્રાક્ષ મેળવીને પીવાથી મરડો મટે છે.
* આદુનો રસ ડુંટીએ ચોપડવાથી ઝાડા મટે છે.
* ગરમ પાણી સાથે સૂંઠ ફાકવાથી અથવા સૂંઠનો ઉકાળો બનાવીને તેમાં રૂપિયાભાર એરંડીયું નાખીને પીવાથી મરડો મટે છે.
* લીંબુના રસને ગરમ કરીને તેમાં સિંધવ અને ખડી સાકર મેળવીને પીવાથી મરડો મટે છે.
* અજમો, હરડે, સિંધવ અને હિંગની ફાકી લેવાથી મરડો મટે છે.
* અંદરજવને તવી પર શેકીને તેને બારીક વાટીને પા તોલો દિવસમાં બે વાર લેવાથી મરડો મટે છે.
* આંબાનાં સૂકાં ફૂલોનું ચૂર્ણ ગમે તેવો જૂનો મરડો મટાડે છે.
* મઠ બાફીને તેમાં છીણેલા કાંદા મેળવીને ખાવાથી ઝાડામાં પડતું લોહી બંધ થાય છે.

# આપણા ઘરની વાતો

● **મકામે એહલેબયત, તેજપુરામાં 'મહેફિલે માઅસૂમીન(અ.)'નું આયોજન :**

શીઆહ જાફરી મશાયખી વિકાસ મંડળ, સાબરકાંઠા દ્વારા તા.૩, સફર-૧૪૩૨, તા.૮-૧-૨૦૧૧ને શનિવારની રાત્રે **મકામે એહલેબયત, તેજપુરા** ખાતે **અઝાખાન એ અબુતાલિબ**માં મજલિસ તેમજ **'મહેફિલે માઅસૂમીન(અ.)'**નું આયોજન કરવામાં આવ્યું હતું જેમાં આપણી જમાઅતના વિવિધ ગામોના ભાઈઓ તથા બહેનોએ હાજરી આપી હતી અને આ મહેફિલમાં શેર, શાયરી, નજમ, રૂબાઈ પઢી બારગાહે માઅસૂમીન(અ.)માં અકીદતનું નજરાણું પેશ કર્યું હતું. મોમિન જમાઅતમાં શેર-શાયરી પ્રત્યે રસ ઉત્પન્ન થાય, વધુ જાણકારી મેળવે અને પઢનાર ભાઈઓની ક્ષમતા બહાર આવે તેમજ ઈબાદત પણ થાય તેવા આશયથી સતત બીજા વર્ષે આ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. સાબરકાંઠા ઉપરાંત દૂર દૂરના ગામોના ભાઈઓ-બહેનોએ હાજરી આપી હતી. રાત્રે ૮-૧૫ કલાકે મજલિસ અને ત્યાર બાદ ૯-૪૫ કલાકે મહેફિલનો કાર્યક્રમ રાખવામાં આવ્યો હતો. સૌ પ્રથમ તો હાજરી આપનાર અઝાદાર ભાઈઓ-બહેનાનું શાબ્દિક સ્વાગત મંડળના પ્રમુખ મો.ઈસ્માઈલભાઈ ગોદડે કર્યું હતું. ત્યાર બાદ સતત સાડા ત્રણ કલાક સુધી મોમિનોએ મહેફિલની મજા માણી હતી. મકામે એહલેબયત જેવી પવિત્ર જગ્યા હોય અને આવી રૂહાની મહેફિલ હોય તો પછી પૂછવું જ શું ? સમગ્ર મહેફિલ રૂહાનિયતના રંગે રંગાઈ ગઈ હતી અને ઉપસ્થિત લોકો પર હુસૈનિયત છવાઈ ગઈ હતી. સમગ્ર કાર્યક્રમનું સંચાલન જાફરી આવાઝના તંત્રી મો.કાસમભાઈ વિજાપુરાએ ખૂબ સુંદર રીતે કર્યું હતું. તેજપુરા જમાઅતે કાર્યક્રમ દરમિયાન ચા-પાણીની વ્યવસ્થા સાથે ખૂબ સારો સહકાર પૂરો પાડ્યો હતો. દૂર દૂરથી કાર્યક્રમમાં હાજરી આપવા પધારેલ મહેમાનો માટે જમવાની વ્યવસ્થા હોટલ સર્વોદય, તેજપુરા દ્વારા પૂરી પાડવામાં આવી હતી. અંતમાં મો.શેરઅલી વિજાપુરાએ વિકાસ મંડળ વતી તેજપુરા જમાઅત, હોટલ સર્વોદય મેનેજમેન્ટ તેમજ ઉપસ્થિત સૌ અઝાદાર ભાઈ-બહેનોનો આભાર વ્યક્ત કર્યો હતો. દુઆ તેમજ ફાતિહાખ્વાની સાથે મહેફિલનું સમાપન કરવામાં આવ્યું હતું.

● **બુંદ બુંદસે ઝિયારત :**

વસોથી મો.ઈમ્તિયાઝઅલી ગુલામઅબ્બાસની યાદી જણાવે છે કે હાજરપીર સૈયદ મોહંમદ મુજાહિદહુસૈન બાવા સાહેબ(મદ્દે.)ની ભલી દુઆથી ગરીબ, અનાથ, બેવા, યતીમ, જરૂરતમંદ મોમિન ભાઈ-બહેનોને ઝિયારત કરાવવાના હેતુથી આ નેક કામ શરૂ કરવા માટે **'બુંદ બુંદસે ઝિયારત'** કમિટીનું આયોજન કરેલ છે. આ યોજનામાં વસો, દમણ, લેસ્ટર અને લંડનમાં રહેતા શીઆહ જાફરી મશાયખી મોમિન જમાઅતના ભાઈ-બહેનોને આ ઝિયારતનો લાભ આપવામાં આવશે. નામદાર બાવા સાહેબને આ કાર્યની રજૂઆત કરી હતી અને નામદાર બાવા સાહેબે આ માટે મંજૂરી પણ આપી છે. આ માટે એક કમિટીનું આયોજન કરેલ છે જેના સભ્યોનાં નામ નીચે મુજબ છે :

(૧) ગુલામ-એ-શબ્બીર(S.A.T.) (દમણ) (૨) રમઝાનઅલી અબ્દેરહેમાન મોમિન(દમણ) (૩) આસિમઅલી ગુલામમહંમદ મોમિન(દમણ) (૪) ઈમ્તિયાઝઅલી હાસમભાઈ મોમિન(દમણ) (૫)

આબિદઅલી ગુલામહૈદર મોમિન(દમણ) (૬) ઈમ્તિયાઝઅલી ગુલામઅબ્બાસ(વસો) (૭) આશિકઅલી ગુલામહુસૈન(વસો).

આ યોજના માટે વસો, દમણ અને લંડનમાં રહેતા સખી દાતાઓ પાસેથી સવાબના ભાગરૂપે ડોનેશન ઉઘરાવવામાં આવે છે. આ યોજનાની શરૂઆત આ વર્ષથી મોહર્રમ હિજરી સન-૧૪૩૨ (વર્ષ-૨૦૧૦)થી કરી દીધી છે. ઝિયારત માટે જનાબે ઝયનબ(અ.), મૌલા અલી(અ.), ઈમામ હુસૈન(અ.), હઝરત અબ્બાસ અલમદાર(અ.) તેમજ આઠમા ઈમામ અલી રઝા(અ.)ની ઝિયારત ઉપરાંત નાની મોટી ૫૦ થી ૬૦ ઝિયારતોનો આ ઝવ્વારોને લાભ મળશે. આ ઝિયારત માટે ઈસ્માઈલભાઈ ઈલોલવાળાની ટૂર દ્વારા મોકલવામાં આવશે. આ ઝિયારત માટેનું ડોનેશન મરજિયાત છે. જે પણ વ્યક્તિએ જે પણ રકમ આપવી હોય તે ખુશીથી તમામ શહીદે કરબલા અને તમામ અસીરાને કરબલાની યાદમાં આપી સવાબે દારૈન હાસિલ કરી શકે છે. આ ઝિયારત માટેનું ડોનેશન સખી દાતાઓ પાસેથી વર્ષમાં બે વખત લેવાનું નક્કી કરવામાં આવેલ છે. (૧) ૧૭ રબીઉલ અવ્વલ (૨) ૧૩ રજબ. આ વર્ષે ૨૦૧૦ની સાલમાં બે વ્યક્તિઓ (૧) મોમિન હૈદરઅલી જમાલભાઈ તથા મો.સુગરાબાનુ જમાલભાઈને આ યોજનાનો લાભ આપવામાં આવેલ છે.



● **પી.એચ.ડી. થવા બદલ અભિનંદન :**

હાંતાવાડા નિવાસી **મો.હનીફભાઈ હાજી ગુલામરસુલ નાંદોલીયા** કે જેઓ આર્ટસ એન્ડ કોમર્સ કોલેજ, વડનગરમાં મનોવિજ્ઞાન વિષયના અધ્યક્ષ તરીકે ફરજ બજાવે છે, તેમણે A Study of Mental Health, Personality and Job Satisfaction of Higher Secondary School's Teachers in Relation to Sex, Habitat, Types of School and Faculty (જાતિ નિવાસ સ્થાન, શાળાના પ્રકાર અને પ્રવાહ સંદર્ભમાં ઉચ્ચતર માધ્યમિક શાળાના શિક્ષકોના માનસિક સ્વાસ્થ્ય, વ્યક્તિત્વ અને કાર્યસંતોષ અંગે તુલનાત્મક અભ્યાસ) વિષય પર ડૉ.અરવિંદભાઈ એસ. શાહના માર્ગદર્શન હેઠળ મહાનિબંધ તૈયાર કરેલ જેને હેમચંદ્રાચાર્ય ઉત્તર ગુજરાત યુનિવર્સિટી, પાટણમાં જમા કરેલ જેને યુનિવર્સિટીએ માન્ય રાખીને તેઓને પી.એચ.ડી.ની પદવી એનાયત કરી છે. શીઆહ જાફરી મશાયખી મોમિન જમાઅત-હાંતાવાડા, આર્ટસ એન્ડ કોમર્સ કોલેજ-વડનગર પરિવાર તથા ફુરાત હોમ સ્કૂલિંગ એસોસિએશન ગૌરવની લાગણી અનુભવે છે. 'જાફરી આવાઝ'(માસિક) પરિવાર તરફથી મો.હનીફભાઈને હાર્દિક અભિનંદન.



● **ઈન્ચાર્જ પ્રિન્સીપાલ તરીકે નિયુક્તિ :**

હૈદરપુરા નિવાસી **મો.હમીદાબેન એચ. કડીવાલા**ની શ્રી સ્વામિનારાણ એજ્યુકેશન ટ્રસ્ટ વરધરી સંચાલિત શ્રી અમુલબા મહિલા બી.એડ્. કોલેજ, અમદાવાદમાં ઈન્ચાર્જ પ્રિન્સીપાલ તરીકે નિયુક્તિ થઈ છે. 'જાફરી આવાઝ'(માસિક) પરિવાર તરફથી મોમિના હમીદાબેનને હાર્દિક અભિનંદન.

● **શેખપુર(ખે.)ના સમાચાર :**

શેખપુર(ખે.) શીઆહ જાફરી મશાયખી મોમિન જમાઅતના ભાઈઓ તથા બહેનોએ તા.૨૪-૧૨-૨૦૧૦ થી તા.૨૭-૧૨-૨૦૧૦ દરમિયાન નવસારીમાં પીર સૈયદ નૂરમોહંમદ બાવા(રહે.),

ધોળકામાં પીર સૈયદ મહેરહુસૈન બાવા(રહે.), અમદાવાદમાં પીર મશાયખ બાવા(રહે.) તથા મકામે એહલેબયત-તેજપુરાની ઝિયારતના પ્રવાસનું આયોજન કર્યું હતું. આ પ્રવાસ દરમિયાન કઠોરના મોમિન ભાઈઓ, હોટલ નવજીવન-સુરત, હોટલ પ્રેજન્ટ, હોટલ સુપ્રિમ, વગેરે તરફથી ઝવ્વારોની આગતા સ્વાગતા કરવામાં આવી હતી. અલ્લાહ એમની રોઝી રોજગારમાં બરકત નાઝિલ ફરમાવે.


● **ઈન્નાલિલ્લાહે :**



સેવાલણી નિવાસી **મર્હૂમા હાજીયાણી લાડચીબેન યુસુફ દોસન સુણસરા** મુ.તા.૧૩, મોહર્રમ-૧૪૩૨, તા.૨૦-૧૨-૨૦૧૦ના રોજ બાલાપીર બાવાની દરગાહની ઝિયારત કરીને પાછા આવતાં બ્લડ પ્રેશર વધી જવાથી ૭૦ વર્ષની વયે અલ્લાહ તઆલાની રહેમતે પહોંચ્યાં છે. મર્હૂમા નમાઝી અને એહલેબયત(અ.)નાં ચાહક હતાં. ---➔



←--- સેવાણી નિવાસી **મર્હૂમ મો.મીકદાદઅલી કાસમઅલી લોરીયા** મુ.તા.૨૬, ઝિલહજ-૧૪૩૧, તા.૩-૧૨-૨૦૧૦ને શુક્રવારના રોજ ૨૭ વર્ષની વયે અલ્લાહ તઆલાની રહેમતે પહોંચ્યા છે. મર્હૂમ સ્વભાવે નમ્ર અને સેવાભાવી હતા. તેઓ પીરાને તરીકતના ઘરાના સાથે અકીદત ધરાવતા હતા તથા અઝાદારીમાં અગ્રેસર રહેતા હતા. મર્હૂમ અકસ્માતને લીધે લગભગ એક માસ સુધી હોસ્પિટલમાં હતા. હોસ્પિટલમાં સહકાર આપનાર પાટણ હોસ્ટેલના બાળકો, સ્ટાફ, પાટણમાં રહેતા મોમિન જમાઅતના ભાઈઓ-બહેનો તથા નામી અનામી દરેકનો આભાર માનીએ છીએ.



←--- કાકોશી નિવાસી **મર્હૂમ મો.હાજી વલ્લીભાઈ મીયાંજી નેદરીયા** મુ.તા.૧૬, મોહર્રમ-૧૪૩૨, તા.૨૩-૧૨-૨૦૧૦ને ગુરૂવારના રોજ ૧૦૮ વર્ષની દીર્ઘાયુએ સ્વાસ્થ્યપૂર્ણ જિંદગી જીવીને અલ્લાહ તઆલાની રહેમતે પહોંચ્યા છે. મર્હૂમ મકતુલનામા, માઅસૂમીન(અ.), પીરાને તરીકતના જીવન ચરિત્રોનું ખૂબ જ ઊંડું જ્ઞાન ધરાવતા હતા. મર્હૂમને પીરાને તરીકતનું આખું પેઢીનામું(સજરો) મોઢે યાદ હતું. મર્હૂમને પીર સૈયદ એહમદહુસૈન બાવા(રહે.), પીર સૈયદ મહેરહુસૈન બાવા(રહે.), પીર સૈયદ ઝહીરહુસૈન બવા(રહે.), પીર સૈયદ મુશાહિદહુસૈન બાવા(મદ્દે.), હાજરપીર સૈયદ મોહંમદ મુજાહિદહુસૈન બાવા(મદ્દે.) તથા વલીઅહદ પીર સૈયદ મોહંમદ કામરાનહુસૈન બાવા(મદ્દે.)ના દીદારનો શરફ મળેલ છે.



←--- કનાઈ નિવાસી **મર્હૂમા મો.અલુબેન નશીરભાઈ રાજપુરા** મુ.તા.૧૯, મોહર્રમ-૧૪૩૨, તા.૨૬-૧૨-૨૦૧૦ને રવિવારના રોજ અલ્લાહ તઆલાની રહેમતે પહોંચ્યાં છે.



હરીપુરા(ઝહીરગઢ) નિવાસી **મર્હૂમ મો.હસનઅબ્બાસ શબ્બીરઅલી ગોદડ** મુ.તા.૧૨, મોહર્રમ-૧૪૩૨, તા.૧૯-૧૨-૨૦૧૦ને રવિવારના રોજ યુવાન વયે અલ્લાહ તઆલાની રહેમતે પહોંચ્યા છે. મર્હૂમ મોહર્રમ માસ દરમિયાન દરેક કાર્યોમાં અગ્રેસર રહેતા હતા. તેઓ સ્વભાવે નિખાલસ તેમજ મોહંમદ વ આલે મોહંમદ તથા પીરા મુરશિદના આશિક હતા. ---➔



⟵ મેતા નિવાસી **મર્હૂમ મો.ઈબ્રાહીમભાઈ જાનમોહંમદ બાળવા** મુ.તા.૨૫, મોહર્રમ-૧૪૩૨, તા.૧-૧-૨૦૧૧ને શનિવારના રોજ અલ્લાહ તઆલાની રહેમતે પહોંચ્યા છે. મર્હૂમ મોહંમદ વ આલે મોહંમદ અને પીરાને તરીકતના ચાહક હતા.



કઠોર નિવાસી **મર્હૂમ મો.યુસુફભાઈ હાજી દાઉદ ચાવાલા** મુ.તા.૨૮, મોહર્રમ-૧૪૩૨, તા.૪-૧-૨૦૧૧ને મંગળવારના રોજ આશરે ૭૪ વર્ષની વયે અલ્લાહ તઆલાની રહમતે પહોંચ્યા છે. મર્હૂમ નૌહાખ્વાન હતા. ⟶



⟵ ખડીયાસણા નિવાસી **મર્હૂમા મો.મરીયમબેન વલ્લીભાઈ થરાદરા** મુ.તા. ૮, મોહર્રમ-૧૪૩૨, તા.૧૫-૧૨-૨૦૧૦ને બુધવારના રોજ ૬૦ વર્ષની વયે પેટની બીમારીના કારણે અલ્લાહ તઆલાની રહેમતે પહોંચ્યાં છે. મર્હૂમા સ્વભાવે નેક, ઈમાનદાર અને નિખાલસ હતાં. તેઓ પીરો મુરશિદ પ્રત્યે ઊંડી અકીદત ધરાવતાં હતાં. મર્હૂમા ઉમ્રહ હજથી પણ મુશર્રફ થયેલાં હતાં.




ખાટાઆંબા નિવાસી **મર્હૂમ મો.જમાલભાઈ ઈબ્રાહીમભાઈ સુથાર** મુ.તા.૧૩, સફર-૧૪૩૨, તા.૧૮-૧-૨૦૧૧ને મંગળવારના રોજ અલ્લાહ તઆલાની રહેમતે પહોંચ્યા છે. ⟶

અલ્લાહ તઆલા મર્હૂમીનને ગરીકે રહેમત કરે અને તેમના કુટુંબીજનોને સબ્રે જમીલ અતા ફરમાવે, આમીન.



# નવાને આવકારો જુનાથી મેળવો છુટકારો

**અત્યંત લાભદાયી એક્ષચેન્જ ઓફર ખાસ હોટલ ઈન્ડસ્ટ્રીઝ માટે**

METRO® **છેલ્લાં ૩૦ વર્ષથી હોટલ ઈન્ડસ્ટ્રીઝમાં જોડાયેલા**



- વોટર કુલરની રેન્જ - ૧૦ થી ૫૦૦ લીટર સુધી
- ઓઝોન ફ્રેન્ડલી
- વીજળીનો ઓછો વપરાશ
- સ્ટેનલેસ સ્ટીલનો એંગલ સ્ટ્રક્ચર અને બોડી



**OUR OTHER PRODUCTS**

Window Air Conditioner • Split Air Conditioner
Water Cooler • Vertical Freezers • Deep Freezers

**MKTD. BY : METRO ENGINEERING CO. (Rahimbhai)**

૮, હાઈટેક કોમ્પલેક્ષ, મ્યુઝીયમ સામે, પાલડી, અમદાવાદ-૭. ફોન : ૨૬૫૮૯૬૯૮ ફેક્સ : ૦૭૯-૨૬૫૮૯૨૪૦ મો. : ૯૮૨૫૦ ૩૫૩૮૨

**Mfg. By : PERFECT ENGINEERS**

૮/બી, હાઈવે કોમર્શીયલ સેન્ટર, દાણીલીમડા, અમદાવાદ - ૩૮૦ ૦૨૨. ફોન : ૨૫૩૨૬૯૧૪, ૨૫૩૨૯૨૫૬,
મો.૯૭૨૫૦૧૧૧૨૧ Email : perfectengg_1986@yahoo.co.in

# જાફરી આવાઝ(માસિક)ને મળેલ ડોનેશનની યાદી

રૂા.૫૧/- મો.ફિરોઝહુસૈન કાસિમભાઈ(કઠોર) તરફથી પીર સૈયદ મોહંમદ ઝહીરહુસૈન બાવા(રહે.) તથા મર્હૂમ કાસિમભાઈની રૂહના સવાબ અર્થે.

રૂા.૫૦/- શેખપુર(ખે.) શીઆહ જાફરી મશાયખી મોમિન જમાઅત તરફથી ઝિયારત પ્રવાસનું આયોજન કર્યું તેની ખુશાલી પ્રસંગે.

**મો.મર્હૂમ શબ્બીરહુસૈન અલાઉદ્દીન સુણસરા (મેતા)ની રૂહના સવાબ અર્થે મળેલ ડોનેશન.**

રૂા.૧૦૧/- મો.વજીરઅલી નશીરભાઈ શેલીયા
રૂા.૧૦૧/- મો.ઝોહરાબેન વજીરઅલી શેલીયા
રૂા.૨૧/- મો.ઝયનબબેન વજીરઅલી શેલીયા
રૂા.૨૧/- મો.રહમતફાતેમા વજીરઅલી શેલીયા
રૂા.૧૧/- મો.મરીયમફાતેમા વજીરઅલી શેલીયા
રૂા.૧૧/- મો.મોહંમદહુસૈન વજીરઅલી શેલીયા

રૂા.૫૦/- મો.મર્હૂમા હાજીયાણી લાડચીબેન યુસુફ દોસન સુણસરા(સેવાલણી)ની રૂહના સવાબ અર્થે.

**મર્હૂમ મો.મીકદાદઅલી કાસિમઅલી લોરીયા (સેવાણી)ની રૂહના સવાબ અર્થે મળેલ ડોનેશન.**

રૂા.૨૦૦/- મો.ઝુલ્ફિકારઅલી હબીબ
રૂા.૨૦૦/- મો.અહેસાનઅલી ઈબ્રાહીમ લોરીયા
રૂા.૫૦૦/- મો.ઈબ્રાહીમભાઈ હબીબભાઈ લોરીયા

**મર્હૂમ મો.હસનઅબ્બાસ શબ્બીરઅલી ગોદડ (હરીપુરા)ની રૂહના સવાબ અર્થે મળેલ ડોનેશન.**

રૂા.૧૦૦/- મો.રસુલબેન દાઉદભાઈ ગોદડ
રૂા.૧૦૦/- મો.શબ્બીરઅલી દાઉદભાઈ ગોદડ
રૂા.૧૦૦/- મો.ઝયનબબેન શબ્બીરઅલી ગોદડ
રૂા.૧૦૦/- મો.ફરીદાબેન હસનઅબ્બાસ ગોદડ
રૂા.૧૦૦/- મો.યુસુફભાઈ દાઉદભાઈ ગોદડ
રૂા.૧૦૦/- મો.નજરમહંમદ યુસુફભાઈ ગોદડ
રૂા.૨૦૦/- મો.ઈસ્માઈલભાઈ શરીફભાઈ ગોદડ
રૂા.૧૦૦/- મો.નજમાબેન શબ્બીરઅલી ગોદડ
રૂા.૧૦૦/- મો.શબ્બીરઅલી ઈસ્માઈલભાઈ ગોદડ
રૂા.૫૦/- મો.ઝયનબબેન ઈસ્માઈલભાઈ ગોદડ
રૂા.૫૦/- મો.ગુલામમોહંમદ શરીફભાઈ ગોદડ
રૂા.૧૦૦/- મો.મતલુબઅલી દાઉદભાઈ ગોદડ
રૂા.૨૫/- મો.મોહસિનઅલી નજરમોહંમદ ગોદડ
રૂા.૨૫/- મો.શબ્બીરઅલી નજરમોહંમદ ગોદડ
રૂા.૧૦૦/- મો.મોહંમદઅલી દાઉદભાઈ ગોદડ
રૂા.૫૦/- મો.કુલસુમબેન મોહંમદઅલી ગોદડ
રૂા.૨૫/- મો.સકીનાફાતેમા મોહંમદઅલી ગોદડ
રૂા.૨૫/- મો.મોહંમદજાફર મોહંમદઅલી ગોદડ
રૂા.૫૦/- મો.નશીરભાઈ સુલેમાનભાઈ ગોદડ
રૂા.૫૦/- મો.ઝોહરાબેન મતલુબઅલી ગોદડ
રૂા.૫૦/- મો.તાલિબઅલી મતલુબઅલી ગોદડ
રૂા.૫૦/- મો.સકીનાબેન મતલુબઅલી ગોદડ
રૂા.૫૦/- મો.મોહંમદહુસૈન શબ્બીરઅલી ગોદડ
રૂા.૫૦/- મો.મકસુદાબેન શબ્બીરઅલી ગોદડ
રૂા.૫૦/- મો.નજરઅલી દાઉદભાઈ ગોદડ
રૂા.૫૦/- મો.ઝયનબબેન નજરઅલી ગોદડ
રૂા.૫૦/- મો.આબિદઅલી મોહંમદભાઈ નુરભાણેજ
રૂા.૧૦૦/- મો.હુસૈનાબેન આબિદઅલી નુરભાણેજ
રૂા.૩૦/- મો.અકબરહુસૈન આબિદઅલી નુરભાણેજ
રૂા.૩૦/- મો.સાજીદહુસૈન આબિદઅલી નુરભાણેજ
રૂા.૧૦૦/- મો.તાહેરાબેન અબ્બાસભાઈ માણુસીયા
રૂા.૧૦૦/- મો.આબેદાબેન શબ્બીરઅલી પરબડીયા
રૂા.૧૦૦/- મો.તાહેરાબેન એહમદઅબ્બાસ સુરપુરા

**રૂા.૫૦૦/- મો.ઈસ્માઈલભાઈ ઈબ્રાહીમભાઈ જાનમોહંમદ બાળવા(મેતા)ની રૂહના સવાબ અર્થે તેમના કુટુંબીજનો તરફથી મળેલ ડોનેશન.**

રૂા.૫૦/- મો.યાકુબભાઈ નશીરભાઈ રાજપુરા (કનાઈ)તરફથી તેમનાં માતુશ્રીની રૂહના સવાબ અર્થે.

**મર્હૂમ મો.વલ્લીભાઈ મીયાંજી નેદરીયા (કાકોશી)ની રૂહના સવાબ અર્થે મળેલ ડોનેશન.**

રૂા.૨૫૧/- મો.રસુલભાઈ વલ્લી નેદરીયા

રૂ.૨૫૧/- મો.ઝયનબબેન રસુલભાઈ નેદરીયા
રૂ.૨૫૧/- મો.હૈદરઅલી રસુલભાઈ નેદરીયા
રૂ.૨૫૧/- મો.હુસૈનાબેન હૈદરઅલી નેદરીયા
રૂ.૫૦૧/- મો.વજીરભાઈ વલ્લી નેદરીયા
રૂ.૧૦૧/- મો.રોશનબેન વજીરભાઈ નેદરીયા
રૂ.૧૦૧/- મો.હસનઅલી વજીરભાઈ નેદરીયા
રૂ.૧૦૧/- મો.મહેંદીઅલી વજીરભાઈ નેદરીયા
રૂ.૫૧/- મો.હુરીબેન હબીબભાઈ નેદરીયા
રૂ.૧૦૧/- મો.અબ્બાસઅલી હબીબભાઈ નેદરીયા
રૂ.૧૦૧/- મો.ઝયનબબેન અબ્બાસભાઈ નેદરીયા
રૂ.૧૦૧/- મો.શબ્બીરઅલી હબીબભાઈ નેદરીયા
રૂ.૧૦૧/- મો.અમીનાબેન શબ્બીરઅલી નેદરીયા
રૂ.૧૦૧/- મો.આબિદઅલી હબીબભાઈ નેદરીયા
રૂ.૧૦૧/- મો.હુસૈનાબેન આબિદઅલી નેદરીયા
રૂ.૧૦૧/- મો.હસનઅલી હબીબભાઈ નેદરીયા
રૂ.૧૦૧/- મો.નજમાબેન હસનઅલી નેદરીયા
રૂ.૫૧/- મો.અમીનાબેન ગુલામમોહંમદ સેદ્રાણીયા
રૂ.૫૧/- મો.ઝહેરાબેન અબ્બાસઅલી કરડીયા
રૂ.૫૧/- મો.કુલસુમબેન મીકદાદહૈદર કરડીયા
રૂ.૫૧/- મો.શીરીનબેન ગુલામહંમદ ચૌધરી
રૂ.૫૧/- મો.તાહેરાબેન નજરમહંમદ કરડીયા
રૂ.૫૧/- મો.કુલસુમબેન ઈસ્માઈલભાઈ પટેલ
રૂ.૨૧/- મો.મકબુલફાતમા ગુલામહંમદ મોકણોજીયા
રૂ.૨૧/- મો.મેઅરાજફાતેમા ગુલામમહંમદ મોકણોજીયા

રૂ.૧૦૦/- મો.યુનુસભાઈ ગુલામહૈદર(વસો) તરફથી ઈમામોની ઝિયારત પઢવા ગયા તેની ખુશાલી પ્રસંગે.

રૂ.૫૦/- મો.ગુલામહૈદર જમાલભાઈ તથા તેમનાં ધર્મપત્ની સુગરાબેન(વસો) તરફથી ઈમામોની ઝિયારત પઢવા ગયાં તેની ખુશાલી પ્રસંગે.

રૂ.૧૦૧/- મો.શબ્બીરઅલી અલાદભાઈ મોમિન(વસો)તરફથી પીર સૈયદ મોહંમદ ઝહીરહુસૈન બાવા(રહે.)ની રૂહના સવાબ અર્થે.

રૂ.૨૧/- મો.શેરઅલી ગુલામહુસૈન ભગત (વસો)તરફથી કરબલાના શહીદોની અરવાહના સવાબ અર્થે.

રૂ.૨૧/- મો.નજરબાનુ શેરઅલી(વસો)તરફથી હઝરત પીર મશાયખ બાવા(રહે.)ની રૂહના સવાબ અર્થે.

રૂ.૨૫૧/- મો.ઈકબાલભાઈ ગુલામમોહંમદ ખેડાવાળા(વસો)તરફથી તેમના મર્હૂમ સગા-સ્નેહીઓની રૂહના સવાબ અર્થે.

રૂ.૫૦/- મો.યમાનઅલી મહંમદઅલી (વસો) તરફથી પીર સૈયદ મોહંમદ મહેરહુસૈન બાવા(રહે.)ની રૂહના સવાબ અર્થે.

રૂ.૧૫૧/- મો.ઝૈદઅલી ગુલામમોહંમદ મોમિન (સુરત)તરફથી હજ મિશન(મદીના)માં આસિસ્ટન્ટ હજ ઓફિસર તરીકે સેવા આપી તેની ખુશાલી પ્રસંગે.

રૂ.૫૦૦/- મો.મહેબૂબભાઈ શબ્બીરહુસૈન મોમિન(લંડન)તરફથી શહીદાને કરબલાની અરવાહના સવાબ અર્થે.

રૂ.૧૧૦/- મો.એહમદઅબ્બાસ ગુલામઅલી મોમિન(દમણ)તરફથી તેઓ ઝિયારત કરીને વતન પાછા આવ્યા તેની ખુશાલી પ્રસંગે.

રૂ.૫૧/- મો.ગુલામઅબ્બાસ ગુલામકાસિમ મલમપટ્ટાવાળા(ધોળકા) તરફથી મર્હૂમા મો. હુસૈનાબેનની રૂહના સવાબ અર્થે

રૂ.૫૧/- મો.ગુલામઅબ્બાસ ગુલામકાસિમ મલમપટ્ટાવાળા(ધોળકા) તરફથી મર્હૂમ મો.ગુલામ કાસિમ ગુલામહુસૈનની રૂહના સવાબ અર્થે.


**મર્હૂમ મો.યુસુફભાઈ હાજી દાઉદ ચાવાળા (કઠોર)ની રૂહના સવાબ અર્થે મળેલ ડોનેશન.**

રૂ.૧૦૧/- મો.મહેરૂન્નીસા ઈમ્તિયાઝઅલી મોમિન
રૂ.૧૦૧/- મો.ઝહેરાબાનુ ગુલામહુસૈન મોમિન
રૂ.૧૦૧/- મો.સુગરાબાનુ અમ્મારહૈદર મોમિન

રૂ.૨૦૦/- મો.મર્હૂમા મરીયમબેન વલ્લીભાઈ થરાદરા(ખડીયાસણા)ની રૂહના સવાબ અર્થે.

**રૂ.૫૩૦/- મો.મર્હૂમ જમાલભાઈ ઈબ્રાહીમભાઈ સુથાર(ખાટાઆંબા)ની રૂહના સવાબ અર્થે તેમના પરિવારજનો તરફથી મળેલ ડોનેશન.**

**સરપરસ્ત**



પીર સૈયદ મોહંમદ મુશાહિદહુસૈન બાવા સાહેબ(મદ્દે.) અને હાજરપીર સૈયદ મોહંમદ મુજાહિદહુસૈન બાવા સાહેબ(મદ્દે.)



અખિલ ગુજરાત શીઆહ જાફરી મશાયખી મોમિન સમાજનું
ગૌરવવંતુ સામયિક
શીઆહ જાફરી મશાયખી વિકાસ મંડળનું મુખપત્ર

# જાફરી આવાઝ

વર્ષ : ૩૦ ❖ અંક : ૬ ❖ ૧૦, ફેબ્રુઆરી-૨૦૧૧
૫, રબી.અવ્વલ, હિ.સન-૧૪૩૨ ❖ સળંગ અંક : ૩૫૪

**આદ્ય તંત્રી : મર્હૂમ 'દીપક' દાંત્રેલિયા**

**માનદ તંત્રી**

કાસમભાઈ વિજાપુરા (મોબા. : ૯૪૨૬૫ ૪૧૪૭૨)

સહતંત્રી : માસૂમ મહેરપુરી
મો.૯૬૮૭૬૭૯૫૧૩
વ્યવસ્થાપક : ઈબ્રાહીમ ડી. વાઘ
✆ ૨૨૭૨૯૬ મો.૯૪૨૮૬૪૬૪૭૬
મશાયખ કમ્પ્યૂટર : જાફરી આવાઝ ૯૯૨૫૭૩૦૧૦૭
સહ વ્યવ. : અકબરઅલી એ. મસી
મો.૯૮૨૫૪૯૭૧૭૮, ૯૪૨૯૩૭૦૮૫૨
હનીફભાઈ વી. મતિયા

**સલાહ અને માર્ગદર્શન**

મોલ્વી હાસમભાઈ વલીભાઈ ગાંધી(સિધ્ધપુર)

**મુખપૃષ્ઠ સજાવટ**

શબ્બીરઅલી ગુલામમહંમદ રેવાસીયા(જેઠીપુરા)

**કાર્યાલયનું સરનામુ**

'જાફરી આવાઝ'(માસિક)
મુ.પો. ઈલોલ, તા. હિંમતનગર, જિ. સાબરકાંઠા
પીન-૩૮૩ ૨૨૦. ફોન : ૦૨૭૭૨-૨૨૭૨૯૬

Website : www.jafariaawaz.com
Email : jafariaawaz@gmail.com

વાર્ષિક લવાજમ રૂા.૧૦૦/-
પંચવર્ષિય લવાજમ રૂા.૨૮૦/-
(મોહર્રમ માસથી જ ગ્રાહક થવાય છે.)

SUBJECT TO HIMATNAGAR JURISDICTION


## લેખ સૂચિ


| | |
|---|---|
| ❈ ઊઘડતે પાને | ૦૧ |
| ❈ કુરઆન શિક્ષણ | ૦૪ |
| ❈ અહાદીસ | ૦૫ |
| ❈ શ્રધ્ધા અને અંધશ્રધ્ધા | ૦૭ |
| ❈ હાજરપીર સૈયદ મોહંમદ મુજાહિદહુસૈન બાવા સાહેબ(મદ્દે.)એ પઢેલ મજલિસ | ૧૩ |
| ❈ જુંબિશે લબ | ૧૬ |
| ❈ ઈમામની ગવાહી | ૧૭ |
| ❈ સુપરમેન ઈન ઈસ્લામ : હ.ઈમામ જાફર સાદિક(અ.) | ૨૧ |
| ❈ ગડમથલ | ૨૪ |
| ❈ નહજુલ બલાગહ | ૨૫ |
| ❈ ન પૂછ મેરા હુસૈન ક્યા હૈ ? | ૨૭ |
| ❈ મશાયખવાણી | ૩૧ |
| ❈ કુરઆને મજીદના સૂરાઓનો પરિચય | ૩૫ |
| ❈ શેખ સાઅદીની શાયરીનો રસાસ્વાદ | ૩૭ |
| ❈ મેઅરાજ : સ્વર્ગ આરોહણની રાત | ૩૯ |
| ❈ રોગની કુદરતી પ્રક્રિયા | ૪૨ |
| ❈ બ્રહ્માંડનું જ્ઞાન અને કુરઆન | ૪૩ |
| ❈ સર્વશ્રેષ્ઠ સ્મરણ | ૪૫ |
| ❈ તૌહીદ | ૪૭ |
| ❈ આરોગ્યની સાચવણી | ૪૮ |
| ❈ જ્ઞાનગોષ્ઠિ | ૪૯ |
| ❈ આપણા ઘરની વાતો | ૫૩ |
| ❈ 'જાફરી આવાઝ'ને મળેલ ડોનેશન | ૫૭ |


## ઊઘડતે પાને...

આપણા છઠ્ઠા ઈમામ.

ઈમામ જાફર સાદિક(અ.).

એક વખત ઈમામ જાફર સાદિક(અ.)એ વેપારીઓના એક કાફલા સાથે પ્રવાસ કર્યો. જ્યારે આ કાફલો એક સ્થળે પહોંચ્યો તો એવા સમાચાર મળ્યા કે આગળના સ્થળે કેટલાક ડાકૂઓ એકઠા થયા છે અને કાફલાઓને લૂંટી લે છે.

આ સમાચાર સાંભળીને બધા વેપારીઓ મુંઝવણમાં પડી ગયા. વેપારીઓને ભયભીત થયેલા જોઈને ઈમામ જાફર સાદિક(અ.)એ ફરમાવ્યું,

'તમે લોકો આટલા બધા ગભરાયેલા કેમ છો?'

તેમણે કહ્યું,

'અમારી પાસે ઘણો બધો સામાન છે. અમને બીક છે કે લૂંટારાઓ અમારો બધો જ માલ સામાન લૂંટી ન લે. અમે આપને વિનંતી કરીએ છીએ કે આપ અમારો બધો જ માલ સામાન લઈ લો. શક્ય છે કે લૂંટારાઓ આપનું નામ સાંભળશે તો આપની શરમના કારણે અમારો બધો જ માલ સામાન લૂંટાઈ જવાથી બચી જશે.'

ઈમામ(અ.)એ ફરમાવ્યું,

'તમને કઈ રીતે જાણવા મળ્યું કે ડાકૂઓ મારો માલ સામાન નહીં લૂંટે ? એ પણ શક્ય છે કે તેઓ માત્ર મારા સામાનને લૂંટવા માટે એકઠા થયા હોય અને મારા કારણે તમને પણ નુકસાન થઈ શકે છે.'

વેપારીઓએ વિનંતી કરી,

'આકા ! તો આપ અમને એવી કોઈ યુક્તિ દેખાડો કે જેથી કરીને અમે બધા આ અણધારી આફતમાંથી ઉગરી જઈએ. આપ કહેતા હો તો અમે અમારો માલ સામાન જમીનમાં દાટી દઈએ.'

ઈમામ જાફર સાદિક(અ.)એ ફરમાવ્યું,

'આ પધ્ધતિ તદન ખોટી છે. શક્ય છે કે કોઈને જાણ થઈ જાય અને તે જમીનમાંથી તમારો માલ કાઢીને લઈ જાય. વળી એ પણ શક્યતા છે કે તમે પોતે પણ દાટેલા સામાનની જગ્યા ભૂલી જાઓ.'

વેપારીઓએ કહ્યું,

'હવે તો આપ જ કોઈ માર્ગ દેખાડો કે અમે શું કરીએ ?'

આપે ફરમાવ્યું,

'તમે તમારો માલ એના હવાલે કરી દો કે જે એની દેખરેખ રાખનારો છે અને જે તમારા માલમાં વધારો પણ કરે અને સમયસર તમારી જરૂરિયાત પૂરી પણ થઈ જાય.'

વેપારીઓએ કહ્યું,

'એવો વળી કોણ છે ?'

આપે ફરમાવ્યું,

'તમે તમારો માલ અલ્લાહની સુરક્ષામાં આપી દો.'

વેપારીઓએ કહ્યું,

'અમે અલ્લાહની સુરક્ષામાં અમારો માલ કેવી રીતે સોંપીએ ?'

આપે ફરમાવ્યું,

'હાજતમંદ ગરીબોની જરૂરિયાતોને પૂરી કરો અને તેમને સદકો આપો.'

વેપારીઓએ કહ્યું,

'પરંતુ આકા ! અહીં તો કોઈ ગરીબ માગનાર હાજર નથી. અહીં અમે સદકો આપીએ તો કોને આપીએ ?'

ઈમામ(અ.)એ ફરમાવ્યું,

'જુઓ, એની રીત આ મુજબ છે. તમે મિન્નત માનો કે આ માલનો ત્રીજો ભાગ સદકા પેટે ગરીબોને-મિસ્કીનોને વહેંચી દઈશું. જો તમે સાચા દિલથી આ મિન્નત માની લીધી તો અલ્લાહ તઆલા બાકીના માલનું રક્ષણ કરશે. અને હવે તમારા માલને અલ્લાહની હિફાઝતમાં સોંપીને તમારો પ્રવાસ આગળ વધારો.'

વેપારીઓએ ઈમામની સલાહ મુજબ કર્યું.

કાફલો થોડો આગળ વધ્યો હશે એટલામાં તો લૂંટારાઓ ત્યાં આવી પહોંચ્યા. કાફલાના લોકો ગભરાઈ ગયા.

ઈમામ(અ.)એ ફરમાવ્યું,

'જ્યારે તમે અલ્લાહના રક્ષણમાં આવી ગયા

**G. K. Corner Solution (113)**

(૧) તિરૂવનંતપૂરમ (૨) કેરળ (૩) ૩૦ જાન્યુઆરીએ (૪) એસિટિક એસિડ (૫) ટપાલમાં મોકલવાના દસ્તાવેજ પર ટિકિટની છાપ મારે છે. (૬) હાઈડ્રોજન (૭) આમૃતા (૮) દુબઈ

છો તો હવે તમારે ભયભીત થવાનું કોઈ કારણ નથી.'

લૂંટારાઓએ ઈમામ જાફર સાદિક(અ.)ને જોયા કે તરત જ પોત પોતાના ઘોડા ઉપરથી નીચે ઉતરી પડ્યા અને ઈમામ(અ.)ના પગ ચૂમવા લાગ્યા. ત્યાર પછી ડાકૂઓના આગેવાને કહ્યું,

'મૌલા ! ગઈ કાલે રાત્રે અમોએ સ્વપ્નમાં હઝરત રસૂલે ખુદા(સ.)ને જોયા હતા. તેમણે અમને ફરમાવ્યું હતું કે અમે આપની સેવામાં પોતાની જાતને સમર્પિત કરી દઈએ. હવે અમે બધા આપની સેવામાં આવી ગયા છીએ. અમે આપના રક્ષણ માટે આપની સાથે ચાલીશું.'

ઈમામ(અ.)એ ફરમાવ્યું,

'ના, ના. અમારે તમારા રક્ષણની જરૂર નથી. જે પવિત્ર ઝાતે અમને તમારા નુકસાનમાંથી બચાવ્યા છે તે જ અમને અન્યના નુકસાનથી પણ બચાવી લેશે.'

પછી તો કાફલો સહીસલામત રીતે આગળ વધ્યો અને દરેક વેપારીને દસ ગણો નફો થયો.

વેપારીઓ એકબીજાને કહેવા લાગ્યા,

'ઈમામ જાફર સાદિક(અ.)ની બરકતને જોઈ લીધી ને ?'

આ સાંભળીને ઈમામ જાફર સાદિક(અ.)એ ફરમાવ્યું,

'તમે બધાએ અલ્લાહ સાથે વેપાર કરવાની બરકત જોઈ લીધી. હવે ભવિષ્યમાં પણ આ જ પધ્ધતિને અપનાવતા રહેજો.'

દોસ્તો ! આપણામાં પણ કહેવત છે કે **'સદકે બલા દૂર'**. તો આપણે બધા પણ ઈમામ(અ.)એ સૂચવેલી પધ્ધતિને શા માટે ન અપનાવીએ ? અલ્લાહ આપણ સર્વેને ઈમામોએ સૂચવેલા રસ્તાઓ પર ચાલવાની નેક તૌફીક અતા ફરમાવે, આમીન.

*

*તમારું દીની જ્ઞાન ચકાસો.*

# ? ઈસ્લામી ક્વીઝ નં. ૨૦૩

**(૧) અરબી તખ્તીના મૂળાક્ષરોને અરબી ભાષામાં શું કહેવામાં આવે છે ?**

(A) હર્ફ (B) હુરુફ (C) હરાકા

**(૨) 'અકબર' (મોટો માણસ) શબ્દનું બહુવચન શું થાય?**

(A) અકબરો (B) અકુબ (C) અકાબિર

**(૩) ઈમામ હુસૈન(અ.)એ સાઈઠ હજાર દિરહમમાં કરબલાની જમીન કોની પાસેથી વેચાતી લીધી હતી ?**

(A) બની કુરેજા પાસેથી
(B) બની અસદ પાસેથી
(C) બની ઉમય્યા પાસેથી

**(૪) નિકાહ કરવાનું કાર્ય ઈસ્લામ ધર્મમાં કેવું ગણવામાં આવ્યું છે ?**

(A) સુન્નત (B) મુસ્તહબ (C) વાજિબ

**(૫) તાજેતરમાં પીર સૈયદ મોહંમદ મુશાહિદહુસૈન બાવા સાહેબ(મદ્દે.) તેમજ જનાબ સૈયદ નદીમએહમદ સાહેબના લેખોની કઈ કિતાબ પ્રગટ થયેલ છે ?**

(A) તારીખે મકતલ (B) નુક્તએ હિદાયત
(C) હિદાયતનાં મોતી

**(૬) જૂના કા'બા તરીકે ઓળખાતા બયતુલ મુકદ્દસમાં આવેલ મસ્જિદનું નામ શું છે ?**

(A) મસ્જિદુલ હરામ (B) મસ્જિદે અકસા
(C) મસ્જિદે જમકરાન

**(૭) હબીબ ઈબ્ને મઝાહિરની મુબારક કબર ક્યાં આવેલી છે ?**

(A) ઈમામ હુસૈન(અ.)ના રોઝામાં
(B) હઝરત ઈમામ અલી(અ.)ના રોઝામાં
(C) મસ્જિદે કુફાની બાજુમાં

# કુરઆન શિક્ષણ

અઝ
આકાએ નામદાર
પીર સૈયદ મોહંમદ
મુશાહિદહુસૈન
જાફરી(મદ્દે.)

بسم الله الرحمن الرحيم

## મનુષ્ય જીવન સંબંધી હુકમો વિષયક આયતો

✻ અને અમોએ મનુષ્યને તેના મા-બાપના સંબંધમાં આ કારણે કે તેની માએ દુઃખ પર દુઃખ સહન કરીને તેને ગર્ભમાં રાખ્યો, અને (પેદા થવાના) બે વર્ષ બાદ તેનું દૂધ છૂટ્યું - આ હુકમ કર્યો કે તું મારો આભાર માનનારો થા અને તારા માતા-પિતાનો પણ; (છેવટનું) પાછું ફરવું મારી તરફ જ થશે.

**(પારો-૨, સૂરએ લુકમાન, આયત-૧૪)**

✻ અને જો તે બન્ને કોઈ એવી વસ્તુ કે જેની તને કાંઈ માહિતી ન હોય તેને મારો શરીક બનાવવાની તને ફરજ પાડે તો (એ બાબતમાં) તેમની આજ્ઞા ન માનતો પણ દુનિયામાં તેઓ બન્નેનો ભલાઈથી જ સાથ આપ, અને તે શખ્સના માર્ગ પર ચાલ કે જે મારી તરફ રજૂ થયેલો હોય; પછી તમો સર્વેનું પાછું ફરવું મારી જ તરફ થશે ત્યારે તમે જે જે કાંઈ કર્યા કરતા હતા તેનાથી હું તમને વાકેફ કરી દઈશ.

**(પારો-૨૧, સૂરએ લુકમાન, આયત-૧૫)**

✻ અને તારા ચાલવામાં મધ્યમ ગતિ ધારણ કર, અને તારા અવાજને ધીમો રાખ; નિઃસંશય સૌથી વધારે અપ્રિય અવાજ ગધેડાનો અવાજ હોય છે. **(પારો-૨૧, સૂરએ લુકમાન, આયત-૧૯)**

✻ અને જે શખ્સ પોતાના મામલાને અલ્લાહને સોંપી દે અને તે સદાચારી પણ હોય તો ખચીત જ તેણે (ઈમાનના) મજબૂત હાથાને પકડી લીધો (કહેવાશે); અને સઘળા મામલાઓનું પરિણામ અલ્લાહ તરફ જ છે.

**(પારો-૨૧, સૂરએ લુકમાન, આયત-૨૨)**

✻ તેઓને તેમના (સગા) બાપના નામે બોલાવ્યા કરો, અલ્લાહની પાસે એ જ વાત વધુ ન્યાયી છે, પછી જો તમે તેમના બાપને જાણતા ન હો તો તેઓ તમારા ધર્મબંધુ અને તમારા મિત્ર છે; પછી તમારામાંથી જે કોઈ તેમના સંબંધમાં કાંઈ ભૂલ કરે તો તેમાં તમારા ઉપર કાંઈ દોષ નથી, પણ ઈરાદાપૂર્વક જે (ભૂલ) તમારું મન કરે તો (તે માટે તમારા પર દોષ જરૂર છે); અને અલ્લાહ મોટો માફ કરનાર (અને) દયાળુ છે.

**(પારો-૨૧, સૂરએ અહઝાબ, આયત-૫)**

✻ અને કોઈ મોમિન પુરૂષ માટે કે કોઈ મોમિન સ્ત્રી માટે આ વાત યોગ્ય નથી કે જ્યારે અલ્લાહ તથા તેનો રસૂલ એક વાત નક્કી કરે તો પછી તેઓ તે બાબતમાં પોતાની મરજી મુજબ વર્તે; અને જે કોઈ અલ્લાહ તથા તેના રસૂલની નાફરમાની કરશે તો તે નિઃસંશય ખુલ્લી ગુમરાહીમાં પડશે.


**(પારો-૨૨, સૂરએ અહઝાબ, આયત-૩૬)**

✻ તે એ છે જે પોતે અને તેના ફરિશ્તા તમારા ઉપર સલવાત (આશીર્વાદ) મોકલે છે કે જેથી તે તમને (નાફરમાનીના) અંધકારમાંથી કાઢીને (ઈમાનના) પ્રકાશ તરફ લઈ આવે; અને અલ્લાહ મોમિનો પર રહેમ કરનારો છે.


**(પારો-૨૨, સૂરએ અહઝાબ, આયત-૪૩)**


**જાફરી આવાઝનું કુરિઅર સરનામુ**

મશાયખ કમ્પ્યૂટર, જાફરી આવાઝ(માસિક)
આરઝૂ કોમ્પલેક્ષ, બીજે માળે, એલ.આઈ.સી.
ઓફિસની બાજુમાં, ન્યાય મંદિર, હિંમતનગર.
મો.૯૯૨૫૭૩૦૧૦૭



# અહાદીસ



## મહેમાનનવાઝી વિશે

ઈસ્લામ ધર્મે મહેમાનનવાઝી માટે અમુક ચોક્કસ શિષ્ટાચાર નક્કી કર્યા છે તેમાંથી કેટલાક શિષ્ટાચાર વિષે ઈમામ અસ્સાદિક(અ.) આવું ફરમાવે છે :

**'જ્યારે તારો કોઈ ધર્મબંધુ તારા ત્યાં આવે તો તારી પાસે જે કંઈ પ્રાપ્ય હોય તે તેના માટે લઈ આવ પરંતુ જો તેં એની દાવત કરી હોય (એટલે કે તેને આમંત્રણ આપીને બોલાવ્યો હોય) ત્યારે તો તેનો આતિથ્ય સત્કાર ખૂબ સારી રીતે કર.'**

વળી રસૂલે અકરમ(સ.) ફરમાવે છે :

**'યજમાન માટે એ જરૂરી છે કે તે સૌથી પહેલાં ખાવાનું શરૂ કરે.' (જેથી મહેમાન પૂરી સ્વતંત્રતાથી ખાઈ શકે અને પરિતૃપ્ત થઈ જાય.)**

ઈસ્લામ ધર્મ તો એટલે સુધી કહે છે કે મહેમાન જ્યારે વિદાય થાય ત્યારે તેને ઘરના દરવાજા સુધી વળાવવા માટે જવું જોઈએ.

હઝરત રસૂલે અકરમ(સ.) ફરમાવે છે :

**'યજમાનો ઉપર મહેમાનોના જે અધિકારો છે તેમાંનો એક એ પણ છે કે ઘરના ઓરડાથી મકાનના દરવાજા સુધી તેની સાથે તે આવે.'**

ઈસ્લામે મહેમાનની રવાનગીના સંદર્ભમાં તેની મદદ કરવાની મનાઈ ફરમાવી છે. આથી જ્યારે અરબોની એક જમાઅત ઈમામ અસ્સાદિક(અ.)ના ત્યાં મહેમાન બનીને આવી તો તેમની રવાનગીના સમયે આપે તેમને ભેટ-સોગાદો આપી પરંતુ પોતાના ગુલામોને તેમની રવાનગીના સંદર્ભમાં તેમની સહાયતા કરવાની મનાઈ ફરમાવી દીધી. જ્યારે આપને આનું કારણ પૂછવામાં આવ્યું તો આપે ફરમાવ્યું કે અમારું ખાનદાન એક એવું ખાનદાન છે જે મહેમાનની રવાનગીની બાબતમાં તેમની સહાયતા કરતું નથી. (આ કાર્ય દ્વારા આપ લોકોને એવું સમજાવવા માગતા હતા કે અમે મહેમાનની ઉપસ્થિતથી (હાજરીથી) કદી પણ અપ્રસન્ન થતા નથી અને તેની રવાનગી થાય ત્યારે ખુશીને પ્રગટ કરતા નથી.)

બીજી બાજુ ઈસ્લામ ધર્મ મહેમાનોનું પણ એ કાર્ય તરફ ધ્યાન આકર્ષિત કરે છે કે ત્રણ દિવસ કરતાં વધુ એક જ જગ્યાએ ન રહે, રખેને ઘરવાળાં તેનાથી અપ્રસન્ન અને નાખુશ થઈ જાય.

હઝરત રસૂલે અકરમ(સ.) ફરમાવે છે :

**'જે વ્યક્તિ ખુદા પર અને કયામતના દિવસ પર ઈમાન ધરાવતો હોય, તે મહેમાનનું સન્માન કરે. મહેમાની ફક્ત ત્રણ દિવસ સુધીની હોય છે અને તેનાથી વધારે (રહો તો તે) સદકો છે.'**

જો કે ઈસ્લામ ધર્મ યજમાનને હુકમ આપે છે કે મહેમાનની સરભરા અને તેના સન્માનની પૂરેપૂરી કોશિશ કરે.

હઝરત રસૂલે અકરમ(સ.) ફરમાવે છે :

**'એ બાબત મહેમાનના અધિકારમાં છે કે તું દાંત ખોતરવાની સળી(સુધ્ધાં) પણ તેમના માટે પ્રાપ્ય બનાવ.'**

આ સિવાય તે મહેમાનને પણ એવો હુકમ આપે છે કે તેની રીતભાત પણ એવી હોવી જોઈએ કે તેનાથી યજમાનને કોઈ મુશ્કેલી ન પડે. આથી એવો પણ હુકમ છે કે મહેમાન એ જગ્યાએ બેસે કે

જ્યાં ઘર માલિક તેને સંકેત કરે.

ઈમામ અલ-બાકિર(અ.) ફરમાવે છે :

**'જ્યારે તમારામાંથી કોઈ પોતાના ધર્મબંધુના ઘેર આવે તો તેણે ઘર માલિક જ્યાં (બેસવાનો) સંકેત કરે ત્યાં બેસવું જોઈએ કેમકે ઘર માલિક પોતાના ઘરના રંગ ઢંગ અને તેના ભાગો કે જે જાહેર કરવાના ન હોય તેનાથી વધારે પરિચિત હોય છે.'**

આપણા પ્રતિષ્ઠિત પેશવા ઈમામ અલી(અ.)ના જીવનમાંથી પણ નકલ કરવામાં આવ્યું છે કે એક દિવસ કોઈએ આપને મહેમાનીની દાવત આપી. આપે ફરમાવ્યું, હું તમારી દાવતનો ત્રણ શરતો પર સ્વીકાર કરું છું. તેણે અરજ કરી, તે શરતો કઈ છે ? આપે ફરમાવ્યું કે તમે ઘરની બહારથી (લાવીને) કોઈ વસ્તુ તૈયાર ન કરતા. જે કંઈ તમારા ઘરમાં મોજુદ હોય તે સિવાય બીજી કોઈ તકલીફ ન ઉઠાવો અને તમારા ઘરવાળાંને જહેમતમાં નાખો નહીં. ✻


**અસગરભાઈ રસુલભાઈ ૯૮૨૫૯૭૬૭૮૪**
**અબ્બાસઅલી આબિદહુસૈન ૯૯૭૪૮૫૪૦૧૦**

**મહેર બ્રાન્ડ કપાસ ખોળ**

*કપાસીયા ખોળ શુધ્ધ અને સાત્વિક પશુ આહાર*

**મહેર કોટન ઈન્ડસ્ટ્રીઝ**
લાલપુર પાટીયા, હિંમતનગર-વિજાપુર હાઈવે,
હિંમતનગર-૩૮૩૦૦૧.(સા.કાં.)
ફોન : ૦૨૭૭૨-૨૯૦૪૨૯, ૨૮૭૩૩૦

નોંધ : કપાસીયા ખોળ સાફ કરીને ખવડાવવો
લેબલ જોઈને જ માલ ખરીદવો.

**વધુ દૂધ વધુ નફો**


## General Knowledge Corner

113

**(૧) સેન્ટર ફોર અર્થ સાયન્સ સંસ્થા ક્યાં આવેલી છે?**
(A) અલાહાબાદ (B) ન્યુ દિલ્હી
(C) જમશેદપુર (D) તિરૂવનંતપૂરમ

**(૨) સૌ પ્રથમ વખત રબરનો છોડ ઉગાડવાની શરૂઆત ભારતમાં કયા રાજ્યમાં થઈ હતી?**
(A) ગોવા (B) કેરળ
(C) બિહાર (D) ગુજરાત

**(૩) ગાંધી નિર્વાણ દિન ક્યારે આવે છે ?**
(A) ૩૦ જાન્યુઆરીએ (B) ૩૧ જુલાઈએ
(C) ૨૦ ઓકટોબરે (D) ૨ ઓકટોબરે

**(૪) 'ટોમેટો કેચ અપ'માં કયો એસિડ ઉમેરવામાં આવે છે ?**
(A) સાઈટ્રિક એસિડ (B) ઓલિક એસિડ
(C) એસિટિક એસિડ (D) મેલિક એસિડ

**(૫) ફ્રેન્કીંગ મશીન શું કાર્ય કરે છે ?**
(A) કલર ફોટોગ્રાફની કલર ઝેરોક્ષ કાઢે છે.
(B) ચલણી સિક્કાને અલગ પાડે છે.
(C) સર્ટીફિકેટ ઉપર લેમીનેશન કરે છે.
(D) ટપાલમાં મોકલવાના દસ્તાવેજ પર ટિકિટની છાપ મારે છે.

**(૬) બલૂનમાં કયો વાયુ વાપરવામાં આવે છે ?**
(A) હાઈડ્રોજન (B) કાર્બન ડાયોક્સાઈડ
(C) નાઈટ્રોજન (D) હાઈડ્રોજન સલ્ફાઈડ

**(૭) 'ગળો' નામક વેલને સંસ્કૃતમાં કયા નામથી ઓળખવામાં આવે છે ?**
(A) આમૃતા (B) આબલ
(C) ગલમ (D) શીતમ

**(૮) વિશ્વની સૌથી ઊંચી ઈમારત બુર્જ ખલીફા કયા દેશમાં આવેલી છે ?**
(A) ઓમાન (B) સાઉદી અરબ
(C) દુબઈ (D) મિરઝા

# શ્રધ્ધા અને અંધશ્રધ્ધા

: લેખન :
પીર સૈયદ મોહંમદ મુશાહિદહુસૈન
જાફરી બાવા સાહેબ(મદ્દે.)

<u>બિસ્મિલ્લાહિર રહમાનિર રહીમ</u>

વૈજ્ઞાનિકોએ પ્રયોગો કરીને અમુક નિયમો શોધ્યા અને એ જ નિયમો પર શ્રધ્ધા રાખીને બીજી શોધો કરી એટલે સુધી કે ચંદ્ર પર જવા માટે સાધન (રૉકેટ) પણ શોધ્યું તેમજ દુનિયા પર રહીને ચંદ્ર પરના યાનની સાથે સંપર્ક રહે તેવી શોધ પણ કરી.

તેથી વૈજ્ઞાનિકોએ પોતાના નિયમો પર રાખેલા વિશ્વાસને શ્રધ્ધા કહેવાય કારણ કે શ્રધ્ધામાં સફળતા છે અને અંધશ્રધ્ધામાં નિષ્ફળતા.

એ નિયમો એવા છે કે જમીન તેમજ ચંદ્ર દરેક જગ્યાએ અને દરેક જમાનામાં એ નિયમોમાં ફેર પડતો નથી તેમને પ્રયોગો કરીને સિધ્ધ કરી શકાય છે. તેવી જ રીતે વૈજ્ઞાનિકોએ દરેક ક્ષેત્રમાં લગભગ સરખી પ્રગતિ સાધી છે.

ડૉક્ટરો પણ શરીરનો અભ્યાસ કરીને તેના નિયમોથી માહિતગાર થયા છે તેથી જ પરદેશમાં અભ્યાસ કરી આવેલા ડૉક્ટરો પોતાના દેશમાં પણ તેટલી જ સફળતાથી કામ કરે છે, ઈલાજ કરે છે કારણ કે શરીર, ધર્મ દરેક જગ્યાએ સરખા છે અને એ નિયમોમાં શ્રધ્ધા રાખીને શરીરને ઉપયોગી હોય તેવી નવી નવી દવાઓ શોધે છે.

આ જ પ્રકારના બીજા પણ નિયમો છે. પહેલા નિયમો માણસે પ્રયોગ કરીને અને અનુમાન કરીને શોધ્યા છે. બીજા પ્રકારના **નિયમો** અલ્લાહે પોતે જ પોતાના સાચા નબી રસૂલે ખુદા(સ.) વડે દુનિયાના લોકોને પહોંચાડ્યા અને તે નિયમોનો સંગ્રહ છે **કલામે પાક**. તે અલ્લાહનું જ કલામ છે. અરબના લોકોમાં આજ સુધી કોઈ પણ એવો નીકળ્યો નથી કે જેણે કલામે પાકની નાનામાં નાની આયતની સરખામણીમાં આવી શકે તેવી કોઈ પંક્તિ રજૂ કરી હોય, વળી કલામે પાક પણ તેમની પોતાની ભાષામાં ઉતરેલું છે તેમ છતાં તેઓ આયતની જોડ રજૂ કરી શક્યા નથી. વળી અલ્લાહે પોતે પણ પડકાર ફેંક્યો છે કે તમારામાંથી કોઈ પણ એવી આયત રજૂ કરી શકશે નહીં. આથી સિધ્ધ થયું કે આ માણસનું નહીં, પણ અલ્લાહનું કલામ છે.

વૈજ્ઞાનિકોને પોતાના ધ્યેય પર પહોંચવા માટે ઘણા સમયનો ભોગ આપવો પડ્યો કારણ કે તે લોકોને અમુક નિયમો શોધવા પડ્યા, ચકાસણી કરવી પડી કે કેટલે સુધી નિયમો સાચા ઠર્યા છે. કેટલીક વખતે તો એવું પણ બન્યું છે કે કેટલાક વૈજ્ઞાનિકોએ અમુક શોધો કરી અને પોતાના મત પ્રમાણે તેને સાચી માનતા રહ્યા જ્યારે તેમના પછીના વૈજ્ઞાનિકોએ તેને રદ પણ કરી છે. ટૂંકમાં પોતાના નિયમો પર વિશ્વાસ કરતાં પણ ઘણો સમય ગયો.

આ નિયમો કે જેને અલ્લાહે કુરઆનમાં રજૂ કર્યા છે તેના પર વિશ્વાસ મૂકવામાં જરા પણ શંકા ઉત્પન્ન થતી નથી અને તેથી જ જો મનુષ્ય ઈચ્છે તો એક વૈજ્ઞાનિક પોતાના ધ્યેયમાં પ્રગતિ કરે છે તેના કરતાં ઘણી જ જલ્દી અલ્લાહના નિયમોમાં શ્રધ્ધા રાખનાર પોતાના ધ્યેયને પામી શકે છે.

પરંતુ હકીકતમાં એમ ન બન્યું. વિજ્ઞાનના નિયમો પર શ્રધ્ધા રાખનાર આગળ વધી ગયેલા લાગે છે અને ઈલાહી નિયમોવાળા પાછળ પડી ગયેલા લાગે છે. તેનું મૂળ કારણ શ્રધ્ધા-અંધશ્રધ્ધા છે.

વિજ્ઞાનને માનનારા લોકો પોતાના નિયમોમાં અડગ શ્રધ્ધા રાખે છે અને તેમનું મગજ પણ હંમેશાં એ જ નિયમોના વિચારમાં ભમ્યા કરતું હોય છે. તેથી તેઓ એક નિયમના આધારે બીજી નવી નવી

જીવન ઉપયોગી શોધો કરતા હોય છે. કેટલાક જીવનને નુકસાન કરનારી શોધો પણ કરે છે. જ્યારે ઈલાહી નિયમોમાં માનનારા લોકોને તો કયા કયા નિયમો કુરાનમાં છે તેનું પણ ભાન હોતું નથી, દેખાવ પૂરતું જ ધ્યાન આપે છે અને તે નિયમો હકીકતમાં જેટલા સચોટ છે તેટલા સાચા સમજતા નથી તેથી તેમની શ્રધ્ધા તૂટી જાય છે અને તેને વળગી રહી શકતા નથી પછી તેના પર મનન કરવાનું તો રહ્યું જ ક્યાં ?

શરીર વિષે પૂરતું જ્ઞાન ધરાવનારા અમુક લોકો નિયમિતપણે જીવન પસાર કરે છે. અમુક સમયે કસરત કરવી, અમુક પૌષ્ટિક ખોરાકનું સેવન કરવું અને પછી તે લોકો એવી આશા રાખે કે તેમની તંદુરસ્તી લાંબા સમય સુધી ટકી રહેશે તો તે વિશ્વાસ શ્રધ્ધા કહી શકાય. એ જ પ્રમાણે શરીર પ્રત્યે દુર્લક્ષ સેવનારા લોકો કે જેઓ અનિયમિત ભોજન લે, અપૌષ્ટિક ખોરાક લે, શરીરને કેવો ખોરાક માફક આવે છે અને કેવો નહીં એ બધું વિચારે નહીં અને તેમ છતાં ય જો એવી આશા રાખે કે તેમની તંદુરસ્તીને કાંઈ વાંધો આવશે નહીં તો તે તેમની અંધશ્રધ્ધા ગણાય.

જો સારી રીતે દુનિયામાં રહેવું હોય તો અમુક આગળ પડતા લોકો સાથે સંબંધ રાખવો. પોતાના બાળકોની ઉન્નતિ ખાતર જો અભ્યાસમાં નબળા હોય તો પણ અમુક લાગવગ કરી અથવા પૈસા ખવડાવી બીજા યોગ્ય વિદ્યાર્થી કરતાં વધારે ગુણ મેળવી આપવા કે જેથી સારી કોલેજોમાં કે મેડિકલમાં એડમીશન મળે અને બાળકનું ભવિષ્ય સુધરી જાય. સારા ઘરવાળા પોતાના બાળકો માટે અમુક દીકરા કે દીકરીનાં માગાં માટે પ્રયત્ન કરે છે એવી જો જાણ થાય તો તે લોકો સામે એ બાળકોની બૂરાઈ કરીને તેમનાં માગાંને રોકવાં જેથી પોતાનાં બાળકોને સારાં ઘર મળવાની તક રહે એટલે કે પોતાના બાળકોનું ભલું કરવા ખાતર બીજાના બાળકોનું થોડું ખોટું કરી લેવાની વૃત્તિ રાખવી. ભાગીદારીથી વેપાર કર્યો હોય અને એ ધંધો વેપાર સારો ચાલતો હોય તો બીજા ભાગીદારોને કોઈ પણ રીતે છૂટા કરીને એ ધંધો પોતાના હસ્તક આવી જાય એવો પ્રયત્ન કરવો કે જેથી વધારે ધન કમાઈએ અને સમાજમાં માન મરતબો વધે. ઘરમાં, ગામમાં, શહેરમાં કે દેશમાં કે કોઈ પણ કોમમાં સુલેહ, સંપ હોય અને પોતાના લાભ ખાતર ઝઘડો કરાવવામાં આવે. આમ બધા જ પ્રકારનાં કાર્યો કરીને પછી એવું વિચારવામાં આવે કે આ જમાનામાં કોણ સારું છે? અહીં તો એમ જ ચાલે. આપણે તો નમાઝ, રોઝા અને કુરઆનની તિલાવત કરીને અલ્લાહને રાજી કરી લઈશું અને અલ્લાહ આપણું ભલું જ કરશે. તો આ શ્રધ્ધા તે અંધશ્રધ્ધા છે કારણ કે એવા વિચારો ધરાવનાર વ્યક્તિને કદી સફળતા મળશે નહીં અને તેનું જીવન મુસીબતોથી ભરેલું હશે કારણ કે સૂરા-૪૨, આયત-૩૦માં અલ્લાહ ફરમાવે છે કે -

**'અને જે પણ મુસીબત તમને પહોંચે છે તે તમારા હાથોના કર્મોનું જ ફળ છે અને તે ઘણી ખરી (ભૂલો)થી તો દરગુજર કરતો રહે છે.'**

જો મારે દુનિયામાં સારી રીતે જીવન પસાર કરવું હોય તો હું અલ્લાહ પર ઈમાન લાવીને સત્કાર્યો કરીશ જેથી અલ્લાહ મારી મોહબ્બત લોકોના મનમાં નાખી દેશે અને તેઓ મારા જીવનમાં મારી મદદ કરશે. (સૂરા-૧૯, આયત-૯૬ પ્રમાણે)

મારા બાળકોનું જીવન પણ સારી રીતે માન મરતબા સાથે પસાર થાય માટે માટે હું અલ્લાહથી દુઆ માગીશ કે તેમને ઈમાનની દોલત આપજે અને સત્કાર્યો કરવાની સદબુધ્ધિ આપજે તેથી અલ્લાહ મારા બાળકોને ઈમાનવાળાં અને સત્કાર્યો કરનારાં બનાવશે અને આવા ગુણો હશે તો અલ્લાહ તેમનું જીવન સારી રીતે માન મરતબાવાળું પસાર કરાવશે

અને તેમના કાર્યોથી પણ કંઈ કેટલાય ગણો વધારે સારો બદલો આપશે. (પારો-૧૪, સૂરા-૧૬, આયત-૯૭ પ્રમાણે)

મારા બાળકોનું યોગ્ય જગ્યાએ સગપણ થાય તે માટે હું બીજાનાં સગપણ તોડાવી કે રોકીને મારા બાળકો માટે પસંદ નહીં કરું પરંતુ અલ્લાહથી દુઆ એવી માગીશ કે તેમને યોગ્ય સગપણ ધરાવનાર બનાવજે કે જેથી તેમનું જીવન સુખેથી પસાર થાય કેમકે અલ્લાહે પોતે જ તેમને કુટુંબવાળા અને સાસરીવાળા બનાવ્યા છે. (પારો-૧૯, સૂરા-૨૫, આયત-૫૪) અને તેમની રોઝી માટે પણ અલ્લાહથી દુઆ ગુજારીશ કેમકે તેણે પોતે જ વચન આપ્યું છે કે ‘અને ગરીબાઈ(ના ભય)થી તમારી ઓલાદને મારી ન નાખો, અમે જ તેમને રોઝી આપીએ છીએ અને તમને પણ.’ (સૂરા-૬, આયત-૧૫૧) ખુદાનું વચન હંમેશાં સાચું જ હોય છે માટે તે મારા બાળકોને રોઝી કમાવા માટે યોગ્ય બુધ્ધિ અને સમજ તેમજ શિક્ષણ પણ આપશે.

વેપાર ધંધો વધારાવો હશે તો જો મારી પાસે પૂરતા પૈસા હશે અને જો હું બિલકુલ લાચાર થઈ ન ગયો હોઉં તો બીજા પૈસા વ્યાજે નહીં લઉં કેમકે અલ્લાહ વ્યાજના પૈસામાં બરકત કરતો નથી. (પારો-૩, સૂરા-૨, આયત-૨૭૬) પરંતુ જેટલી અલ્લાહે મને નેઅમત આપી છે એમાં સબર શુક્ર કરીશ તો અલ્લાહ પોતાના વચન પ્રમાણે જરૂર એવા સંજોગો ઊભા કરશે કે જેથી તેમાં વધારો થાય. (સૂરા-૧૪, આયત-૭૦)

જેમને મારાથી અદાવત થઈ ગઈ હોય તેવા લોકોની જો કોઈ માણસ નિંદા કરે અથવા તેમના વિષે કોઈ વાત ઉઠાવે કે જેનાથી મને નુકસાન થવાનો સંભવ હશે તો હું પહેલાં એ વાતને એકદમ માની નહીં લઉં પરંતુ જોઈશ કે વાત ફેલાવનાર વ્યક્તિ પોતે કેટલી સાચી છે. શું પોતે જેનાથી દ્વેષ રાખે છે એવા માણસની ખૂબીઓને પણ એ સ્વીકારે છે કે નહીં અથવા એ વ્યક્તિને ઝઘડો વધારવામાં આનંદ તો આવતો નથી ને? આમ ચકાસણી કરીને પછી જ તેની વાત માનીશ. (સૂરો-૪૯, આયત-૬) જો ખરેખર એ લોકો મારી અદાવતના કારણે મને નુકસાન પહોંચાડવાનો વિચાર કરતા હશે તો હું ફક્ત એટલો જ પ્રયત્ન કરીશ કે તેઓ મને નુકસાન ન પહોંચાડી શકે પરંતુ હું તેમને અન્યાય કરવાનો પ્રયત્ન કરીશ નહીં કે જેથી અલ્લાહની નારાજગી વહોરવી પડે. (પારા-૬, સૂરા-૫, આયત-૮) અને એવી રીતે વર્તીશ તો મારી આબરું પણ વધશે કારણ કે અલ્લાહ પારા-૨૨, સૂરા-૩૫, આયત-૧૦માં ફરમાવે છે :

‘જે શખ્સ આબરૂનો ઈચ્છનાર હોય તો સંપૂર્ણ આબરૂ અલ્લાહ માટે જ છે તેની જ તરફ પવિત્ર શબ્દો (શુભવાણી) ચઢે છે અને સત્કાર્યો તે (શુભવાણી)ને ઊંચે ચઢાવે છે. અને જેઓ ચાલબાજીઓ કરીને બદીઓ કરતા રહે છે તેમના

**કુરઆન શરીફમાં દુઆના સ્વરૂપે આવેલ આયતો**

## કુરઆની દુઆઓ

**૧૨**

بِسْمِ اللّٰهِ الرَّحْمٰنِ الرَّحِيْمِ

رَبَّنَا وَاٰتِنَا مَا وَعَدْتَّنَا عَلٰى رُسُلِكَ وَلَا تُخْزِنَا يَوْمَ الْقِيٰمَةِ ۗ اِنَّكَ لَا تُخْلِفُ الْمِيْعَادَ ﴿١٩٤﴾

**રબ્બના વ આતેના મા વઅત્તના અલા રોસોલેક વલા તુખ્ઝેના યૌમલ્ કિયામત ઈન્નક લા તુખ્લેફુલ મીઆદ.**

(પારો-૩, સૂરએ આલે ઈમરાન, આયત-૧૯૪)

અર્થ : અય અમારા પરવરદિગાર ! તારા રસૂલો મારફત જેના તેં અમને વાયદા કર્યા છે તે અમને અર્પણ કર અને અમને કયામતના દિવસે ફજેત કરતો નહીં, બેશક તું વાયદાનો ભંગ કરતો નથી. *

માટે સખત અઝાબ છે અને તેમની ચાલબાજીઓ અંતે નિષ્ફળ જનાર છે તેમ છતાં જો મારાથી કોઈ ગુનાઓ થઈ ગયા હશે તો તેના અઝાબથી બચવા કોઈએ મારો ગુનો કર્યો હશે તો તેને માફ કરીને મારા ગુનાઓનો કફ્ફારો કરી લઈશ. (પારો-૬, સૂરા-૫, આયત-૪૫) અથવા કોઈ હાજતમંદને છૂપી ખેરાત કરીશ કે જેથી અલ્લાહ મારા ગુનાહોનો કફ્ફારો કરી દે. (સૂરા-૨, આયત-૨૭૧) જેથી મારા ગુનાહોને ધોવા માટે કોઈ કુદરતી આફત આવી ન પડે.

આવા વિચારો રાખનાર માણસના વિશ્વાસને શ્રધ્ધા કહેવાય કેમકે તે આયતોમાં બુધ્ધિપૂર્વક વિચારીને પોતાનું જીવન સારી રીતે પસાર થાય તેવી ઈચ્છા કરે છે.

જો અનિયમિત જીવન જીવીને તંદુરસ્તીને બગાડવામાં આવી હોય અને અશક્ત થઈ જવાય તો તેના માટે પણ ઘણા ઈલાજો ઉપચારો અને દવાઓ શોધાઈ છે જો એ દવાઓનો ઉપયોગ કરવામાં આવે અને ડૉક્ટરોના કહ્યા પ્રમાણે ચરી પાળવામાં આવે તો તંદુરસ્તીને પાછી મેળવી શકાય છે માત્ર થોડા પુરૂષાર્થની જ જરૂર હોય છે.

એ જ પ્રમાણે જો અલ્લાહના નિયમોનું ઉલ્લંઘન કરીને જીવનને ખરાબ કરવામાં આવ્યું હોય તો તેના માટે પણ નિરાશ થવાની જરૂર નથી. જો સાચા મનથી ઈચ્છવામાં આવે તો જીવનને ફરીથી સુધારી શકાય છે અલ્લાહે તેના માટે પણ અવકાશ રાખ્યો છે. **'અને તે લોકો કે જેઓ જ્યારે કોઈ નિર્લજ્જ કૃત્ય કરી બેસે છે અથવા પોતાના જીવ પર જુલ્મ કરે છે ત્યારે અલ્લાહને સંભારીને પોતાના અપરાધોની માફી માગે છે અને અલ્લાહ સિવાય ગુનાહો કોણ માફ કરી શકે છે ? અને જે કાંઈ તેઓ કરી ચૂક્યા છે તે ફરી કરવાને જાણી જોઈને આગ્રહ ધરાવતા નથી તેમનો બદલો તેમના પરવરદિગાર તરફથી ક્ષમા છે.'**

(પારા-૪, સૂરા-૩, આયત-૧૩૫ અને ૧૩૬)

હવે નજાતની શ્રધ્ધા વિષે જોઈએ :

જો એમ વિચારવામાં આવે કે દુનિયામાં છીએ ત્યાં સુધી હંમેશાં બધાનું ભલું કરવું અને ભલું ઈચ્છવું અને હંમેશાં સત્કાર્યો કરવા તત્પર રહેવું કે જેથી નજાત થાય કેમકે હવે મઝહબમાં તોત્તેર ફિરકાથી પણ અનેક ગણા ફાંટાઓ થઈ ગયા છે માટે કયો ખરો અને કયો ખોટો તેની માથાકૂટમાં શા માટે પડવું ? ગમે તે ફિરકાને માનવો અને સત્કાર્યો કરવાં જેથી અલ્લાહ નજાત આપશે. તો આ એક જાતની અંધશ્રધ્ધા ગણાય. અલ્લાહ પોતે જ ફરમાવે છે કે- **'પણ તે વખતે (તેમની) કેવી દશા થશે કે જ્યારે ફરિશ્તા તેમનો અંત એવી સ્થિતિમાં લાવશે કે તેમના મોઢા તથા પીઠ પર માર મારતા હશે આ એ માટે કે તેમણે તે વસ્તુનું અનુકરણ કર્યું કે જે તેને નારાજ કરતી હતી અને તેની ખુશી તરફ અણગમો દેખાડ્યો આથી તેણે તેમની કરણીઓને નિરર્થક કરી નાખી.**

(પારા-૨૬, સૂરા-૪૭, આયત-૨૭-૨૮)

આનાથી સાબિત થાય છે કે અમુક વસ્તુનો ખ્યાલ ન રાખવામાં આવે તો અલ્લાહ આપણા કર્મોની પણ પરવા કરતો નથી. તેથી આપણે એવો ફિરકો અપનાવવો જોઈએ કે જેમાં માનવાથી આપણાં કરેલાં કાર્યો વેડફાઈ ન જાય. હવે આ જ આયત ઉપર આપણે જો મનન કરીશું કેમકે અલ્લાહ પોતે જ ફરમાવે છે કે **'(હે રસૂલ !) આ કિતાબ કે જે અમોએ તારી તરફ ઉતારી છે, મોટી બરકતવાળી છે માટે તેઓ તેના ફરમાનોમાં મનન કરે તથા બુધ્ધિશાળીઓ બોધ ગ્રહણ કરે.'**

(પારા-૨૩, સૂરા-૩૮, આયત-૨૯)

આ હુકમ પ્રમાણે આપણે આયતમાં મનન કરીશું તો જણાઈ આવશે કે લોકોના આ અમલ વેડફાઈ જાય છે કે જેઓ અલ્લાહને નારાજ કરતી વસ્તુઓનું અનુકરણ કરે છે અને અલ્લાહની ખુશી

તરફ અણગમો દેખાડે છે માટે આ અમલને બચાવવા માટે અલ્લાહને ખુશ કરતી વસ્તુઓનું અનુકરણ કરવું અને નારાજ કરતી વસ્તુઓથી અણગમો દર્શાવવો.

તેથી એવું વિચારવું જોઈએ કે અલ્લાહને ખુશ કરતી વસ્તુઓ કઈ હશે ? એ માટે ઈલાહી નિયમો તરફ દ્દષ્ટિ કરવી પડશે.

**અલ્લાહ ફરિશ્તાઓ તથા માણસોમાંથી રસૂલો ચૂંટી કાઢે છે. બેશક અલ્લાહ મોટો સાંભળનાર (અને) જોનારો છે.'**

(પારા-૧૭, સૂરા-૨૨, આયત-૭૫)

**અને તમારો પરવરદિગાર જે કાંઈ ચાહે છે તે ઉત્પન્ન કરે છે અને જેને ચાહે છે તેને ચૂંટી કાઢે છે લોકોને તે (ચૂંટણી)નો અધિકાર નથી.**

(પારા-૨૦, સૂરા-૨૮, આયત-૬૮)

ઉપરના નિયમોથી સાબિત થયું કે અલ્લાહ પોતાની મખ્લૂકમાંથી પોતાના બંદાઓને પોતાના એહકામ પહોંચાડવા માટે પસંદ કરી લે છે તેથી જે બંદાઓને અલ્લાહે આ કામ માટે પસંદ કર્યા હશે તે બંદાઓથી અલ્લાહ ખુશ છે અને જેમણે એ બંદાઓનો વિરોધ કે ઈર્ષા કરી હશે તે લોકોથી અલ્લાહ નારાજ છે.

અલ્લાહે મનુષ્યો માટે દીનનો એક માર્ગ પસંદ કર્યો છે જેના પર હઝરત નૂહ(અ.), હઝરત ઈબ્રાહીમ(અ.), હઝરત મૂસા(અ.), વગેરે નબીઓને ચાલવાનો હુકમ આપ્યો હતો અને એ જ માર્ગની વહી રસૂલે ખુદાને કરવામાં આવી. (સૂરા-૪૨, આયત-૧૩ પ્રમાણે) એટલે કે પોતાના દીન માટે જેટલા પણ નબીઓ મોકલ્યા તે બધાને પોતે પસંદ કરીને મોકલ્યા છે તેથી જ રસૂલે ખુદા(સ.)ના નામ સાથે મુસ્તુફા (પસંદ થયેલા) લાગે છે. મુસ્તફા શબ્દ અલ્લાહે ફરિશ્તાઓમાંથી ચૂંટી કાઢેલ છે. એ આયતમાં (સૂરા-૨૨, આયત-૭૫) **અલ્લાહો યસ્તફી** શબ્દ વાપર્યો છે **યસ્તફી** પરથી **મુસ્તફા** એટલે કે પસંદ થયેલા એવો અર્થ થાય છે. રસૂલે ખુદા(સ.) પછી પણ અલ્લાહના દીનની તબ્લીગ માટે અલ્લાહનો પસંદ થયેલો જ બંદો હોવો જોઈએ કેમકે અલ્લાહના નિયમમાં કદી પણ ફેરફાર થતો નથી. (સૂરા-૩૩ની ૬૨મી આયત પ્રમાણે)

રસૂલે ખુદા(સ.) પછી જે ચાર ખલીફા થયા તેમાંથી એક જ હઝરત અલી જ **મુર્તઝા** એટલે કે અલ્લાહના ચૂંટી કાઢેલા છે. **મુર્તઝા** શબ્દ પણ **મનીરતઝા (મર રસૂલીન)** (સૂરા-૭૨, આયત-૨૬-૨૭)માં અલ્લાહ અમુક પયગમ્બરોને ગેબની વાતો માટે પસંદ કરી લે છે એમાં **અર્તઝા** શબ્દ વાપર્યો છે. **અર્તઝા** પરથી **મુર્તઝા** એટલે કે પસંદ થયેલા શબ્દ છે. એવી જ રીતે **મુજતબા**નો અર્થ પણ પસંદ થયેલા એમ થાય છે. સૂરા-૪૨ની ૧૩મી આયતમાં અલ્લાહ જેને ચાહે છે, પોતાના માટે પસંદ કરી લે છે એમાં **અલ્લાહો યજતબી** એવો શબ્દ વાપર્યો છે અને **યજતબી** પરથી **મુજતબા** થયો. રસૂલે ખુદા(સ.) પણ **એહમદે મુજતબા** છે અને તેમના ફરઝંદ ઈમામ હસન(અ.) પણ **મુજતબા** છે. ટૂંકમાં રસૂલે ખુદા(સ.) પછી તેમના માર્ગ તરફ હિદાયત કરવા માટે જેટલા ઈમામો થયા તે બધા જ અલ્લાહના પસંદ થયેલા બંદા છે.

માટે રસૂલે ખુદા(સ.) પછી તેમના જ દીન તરફ જવા માટે અલ્લાહના ચૂંટાયેલા બંદાઓને મૂકી દેવામાં આવે અને નજાતની શ્રધ્ધા રાખવામાં આવે તો પણ અંધશ્રધ્ધા છે.

રસૂલે ખુદા(સ.)ના જમાનામાં રસૂલે ખુદા(સ.)ના હાથ પર બયઅત કરીને લોકો ઈસ્લામ ધર્મમાં દાખલ થયા. ઈમામોના જમાનામાં તેમના હાથ પર બયઅત કરીને લોકો ઈસ્લામમાં દાખલ થયા. તેવી જ રીતે ઈમામના ગયબતના

જમાનામાં પીરોના હાથ પર બયઅત કરીને લોકો ઈસ્લામમાં દાખલ થયા છે. જેવી રીતે રસૂલો, ઈમામો ખુદાના પસંદ થયેલા બંદાઓ છે તેવી જ રીતે પીરો પણ અલ્લાહના જ પસંદ થયેલા બંદાઓ હોવા જોઈએ તો જ તેઓ તબ્લીગનું કામ કરી શકે અને આપણે જોઈએ છીએ કે પીરોએ પણ ઈસ્લામની તબ્લીગ સારી એવી કરી છે અને એમનાથી ઈસ્લામમાં દાખલ થનાર લોકો કાયમ માટે એ જ ધર્મ પર રહ્યા છે.

સૂરા-૪૮ની દસમી આયતમાં અલ્લાહ ફરમાવે છે :

**જે લોકો તમારાથી બયઅત કરે છે તેઓ ખુદાથી જ બયઅત કરે છે.**

આ આયત રસૂલે ખુદા(સ.)ને સંબોધીને ફરમાવવામાં આવી છે. માટે જ્યાં પીરોએ ઈસ્લામ ફેલાવ્યો છે ત્યાં રસૂલે ખુદા(સ.) કે ઈમામો ગયા નથી તેમ છતાં પીરોના હાથ પર બયઅત કરીને પણ લોકો ઈસ્લામમાં દાખલ થયા. માટે આપણે એવું કહીશું કે પીરોના હાથ પર ઈમામો અને રસૂલે ખુદાનો હાથ છે અને રસૂલે ખુદા(સ.)ના હાથ પર અલ્લાહનો હાથ છે. માટે જે લોકો પીરોથી નફરત કરે છે, તેમના કાર્યમાં અડચણો ઊભી કરે છે તે લોકો જો એવી શ્રધ્ધા રાખે કે હું અલ્લાહને એક માનું છું, રસૂલે ખુદા(સ.) પર ઈમાન લાવ્યો છું અને ઈમામોને પણ માનું છું માટે મારી નજાત થશે તો તે શ્રધ્ધા પણ અંધશ્રધ્ધા થઈ. જેણે પીરોના કાર્યને અટકાવ્યું તેણે ઈમામોના કાર્યને અટકાવ્યું અને જેણે ઈમામોના કાર્યમાં મદદ ન કરી તેણે રસૂલે ખુદા(સ.)ના કાર્યમાં મદદ ન કરી. માટે તે નજાતને લાયક નથી. આવા કૃત્યથી અલ્લાહ અને રસૂલ(સ.)ને ઈજા પહોંચે છે અને જેણે અલ્લાહ અને રસૂલને ઈજા પહોંચાડી તેના પર અલ્લાહે દુનિયા અને આખેરતમાં લાઅનત કરી છે.

(સૂરા-૩૩, આયત-૫૭ પ્રમાણે)

નબીઓ, ઈમામો અને પીરો અલ્લાહના પસંદ થયેલા બંદાઓ છે. હવે જો એ બધાના દરજ્જાઓ ઓળખ્યા વગર માનવામાં આવે તો પણ નજાત શક્ય નથી. અલ્લાહ છઠ્ઠા સૂરામાં ૧૬૫મી આયતમાં ફરમાવે છે કે - **મેં તમને મારો નાયબ બનાવ્યો તમારામાંથી કેટલાકના કેટલાક પર દરજ્જાઓ મહાન કર્યા.** તેથી દરજ્જાઓ પ્રમાણે અલ્લાહના પસંદ થયેલા બંદાઓને માનીએ તો નજાત થશે.

તેથી સૌથી મહાન દરજ્જો અલ્લાહે રસૂલે ખુદા(સ.)નો બનાવ્યો. તેમના પછી ઈમામોનો અને પછી નબીઓનો દરજ્જો આવે છે અને છેલ્લે પીરોનો દરજ્જો આવે છે.

રસૂલે ખુદા(સ.) અને ઈમામો માસૂમ છે તેમનાથી જરા પણ ભૂલ સંભવિત નથી, નબીઓથી તર્કેઉલા (ભૂલ) સંભવિત છે. પરંતુ ગુનાહો થતા નથી જ્યારે પીરોથી ગુનાહો પણ સંભવિત છે. *


**શબ્બીરભાઈ તેજપુરાવાળા (જેઠીપુરા)**
**મો. ૯૯૭૯૭૮૬૫૭૦**

**ડીસન્ટ**

**મસાલા સેન્ટર**

મરચું, હળદર, ધાણા જીરૂ, ધાણા પાવડર, ગરમ મસાલો તથા ચાનો મસાલો, વગેરે ખાંડેલા મળશે તથા ખાંડી આપવામાં આવશે.

**ડીસન્ટ ચા પણ મળશે.**

નોંધ : સીઝનમાં ઓર્ડર માટે આ નંબર ૯૯૭૯૭૮૬૫૭૦ પર ફોન કરવો.

**સ્થળ**
જેઠીપુરા, પો. જાદર, તા. ઈડર,
જિ. સાબરકાંઠા.

# હાજરપીર સૈયદ મોહંમદ મુજાહિદહુસૈન જાફરી બાવા સાહેબ(મદ્દે.)એ પઢેલ મજલિસ

**મજલિસ નં. ૧૪**

અઉઝોબિલ્લાહે મેનશ્શયતાનિર રજીમ.
બિસ્મિલ્લાહિર રહમાનિર રહીમ

અલ્હમ્દોલિલ્લાહે રબ્બિલ આલમીન વસ્સલાતો વસ્સલામો અલા મોહંમદીંવ વ આલેહીત તૈયેબીન. (સલવાત)

**ખુદાયા ! હમ કો ઈસ વક્ત ઉન લોગોં મેં કરાર દે જીન્હોનેં તુઝસે સવાલ કીયા તો તૂને ઉનકો અતા કીયા.** યા અલ્લાહ ! અમને આ સમયે એવા લોકોમાં શામેલ કર કે જે લોકોએ તારાથી માગ્યું તો તેં તેમને આપ્યું. **તેરા શુક્ર અદા કીયા તો તૂને ઉનકો ઔર ઝિયાદા દીયા.** એ લોકોએ તારો શુકર અદા કર્યો તો તેમની ઉપર તારી નેઅમતોંમાં તેં વધારો કર્યો. **તુઝસે તૌબા કી તો તૂને ઉનકી તૌબા કુબૂલ કર લી.** જ્યારે એ લોકોએ તૌબા કરી તો તેં તરત જ એ તૌબાને કબૂલ કરી લીધી. **ઔર અપને હર તરહ કે ગુનાહોંસે અલગ હો ગયે તો તૂને ઉનકો બક્ષ દીયા.** અને તે લોકો પોતાના દરેક પ્રકારના ગુનાહોથી જુદા થઈ ગયા તો યા અલ્લાહ! તેં તેમને બક્ષી દીધા. **અય સાહેબે જલાલો ઈકરામ!** જલાલ અને ઈકરામના માલિક.

**અય અલ્લાહ ! હમકો પાકીઝા બના દેં.** યા અલ્લાહ ! અમને પાકીઝા - પવિત્ર બનાવી દે. **ઔર હમેં ઈસ્તેહકામ અતા કર.** અમને અડગતા, ઈમાનમાં મક્કમ રહીએ એવો ઈસ્તેહકામ અતા કર **ઔર હમારી ગિર્યાઓ ઝારી કો કુબૂલ કર.** અને અમે તારી બારગાહમાં રડીને જે દુઆ માગીએ તે દુઆ કબૂલ કર. **અય વો બેહતરીન ઝાત ! કે જીસ સે સવાલ કીયા જાયે.** યા અલ્લાહ ! તું સર્વશ્રેષ્ઠ એવી જાત છે કે જેનાથી માગવામાં આવે. **ઔર અય વો સબસે બડે રહીમ કે જીસસે રહેમકી દરખાસ્ત કી જાયે.** તું સૌથી મોટો રહીમ છે કે જેનાથી દયાની ભીખ માગવામાં આવે. **અય વો કે જીસસેં પલકોંકી હરકત છૂપી નહી હૈ ઔર ન આંખોં કે ઈશારે પોશીદા હૈ.** યા અલ્લાહ ! તું એવો છે કે પલકોનું હલનચલન તારાથી છૂપું નથી અને આંખના ઈશારા પણ તારાથી છૂપા નથી. **ન દિલોં કી બાતોંસે વો બેખબર હૈ.** ન તું દિલની વાતોથી બેખબર છે. **ન કૂલુબ કે અસરાર ઉસસે મખ્ફી હૈ.** અને દિલોના ભેદ પણ તું જાણે છે. **યકીનન તેરે ઈલ્મને ઈન સબકો અપને અહાતેમેં લે રખ્ખા હૈ.** ખરેખર તારા ઈલ્મમાં આ બધી વસ્તુઓનો સમાવેશ થઈ જાય છે. **ઔર તેરા હિલ્મ ઉનકો ઘેરે હુએ હૈ.** અને ઈલ્મની સાથે તારું હિલ્મ, તારો પ્રેમભાવ, સહનશીલતા એ બધી વસ્તુઓને ઘેરામાં લીધેલી છે. **તું બુલંદો બાલા ઔર પાકો મુનઝ્ઝા હૈ.** તું સર્વોચ્ચ છે અને પાક છે અને દરેક વસ્તુથી પર છે. **ઉન બાતોંસે જો ઝાલેમીન તેરે બારેમેં કહેતે હૈ.** એવી વસ્તુઓથી પર છે જે જાલિમો - ગુનેહગારો તારા વિશે કહે છે. **સાતોં આસમાન ઔર ઝમીનેં ઔર જો કુછ ઉનકે દરમિયાન હૈ સબ તેરી પાકી કા કસીદા પઢતે હૈ.** સાતે સાત આકાશ, બધી જમીનો અને આ બન્નેની વચ્ચે જે કાંઈ છે તે બધી વસ્તુઓ સ્તુતિ કરે છે તારી પવિત્રતાની. **ઔર કોઈ ચીઝ ઐસી નહીં હૈ જો તેરી હમ્દ કે સાથ તેરી તસ્બીહ ન કરતી હો.** દરેક વસ્તુ તારી હમ્દ, તારી પ્રસંશાની સાથે તારી તસ્બીહ પઢી રહી છે. **પસ તુઝ કો ઝેબા હૈ હર તારીફ.** તને શોભે છે દરેક પ્રસંશા. **બુઝુર્ગી ઔર બરતરી.** દરેક પ્રકારની મહાનતા. દરેક પ્રકારની ઉચ્ચતા. **અય જલાલો**

**ઈકરામ ઔર ફઝલો એહસાન ઔર બલંદતરીન નેઅમતોંવાલે !** યા અલ્લાહ ! તું જલાલ અને ઈકરામવાળો છે. એક જ સાથે જલાલમાં આવે તો લોકોને અઝાબમાં નાખી શકે છે અને ઈકરામ કરવા પર આવે તો લોકોને નવાજી શકે છે. **ઔર ફઝલો એહસાન ઔર બલંદતરીન નેઅમતોંવાલે.** ફઝલ અને અહેસાન કરવાવાળો છે અને સર્વોચ્ચ નેઅમતોવાળો છે. **તું સબસે બડા સખી, કરમ કરનેવાલા, મહેરબાન ઔર રહેમ કરનેવાલા હૈ.** સૌથી મોટો સખાવત કરનારો તું છે, કરમ કરવાવાળો, મહેરબાન અને રહેમ કરવાવાળો છે.

**ખુદાયા ! મુઝ પર અપને હલાલ રિઝ્ક મેં વુસ્અત ફરમા.** યા અલ્લાહ ! મારી હલાલ રોઝીમાં તું વધારો કર. **મુઝે મેરે જીસ્મ ઔર મેરે દીનકો આફિંયતસે નવાઝ દે.** મારા શરીરને અને મારા મઝહબને તું સલામતી આપ. **મેરે ખૌફકો અમનમેં બદલ દે.** મારા ડરને તું શાંતિના ભાવમાં, બિલકુલ બેફિકરાઈમાં બદલી દે. **ઔર જહન્નમસે મેરી ગુલૂખલાસી કર દે.** અને મારી ગરદન ઉપરથી દોઝખની જંઝીર તું ખોલી દે, દૂર કરી દે.

**ખુદાયા ! અપની તદબીર મુઝ પર ન આઝમાના.** યા અલ્લાહ! તું મારા ઉપર મારા કાર્યોના કારણે કોઈ સજા ન કરતો. **મુઝે મોહલત દેકર અઝાબમેં મુબ્તેલા ન કરના.** આટલી બધી મહેતલ આપી દીધા પછી તું મને અઝાબ ન આપતો. **મુઝકો ધોકેમેં ન રહેને દેના.** મને મારા ભવિષ્ય વિષે તું કોઈ પણ જાતના ભ્રમમાં રહેવા દેતો નહીં. **ઔર મુઝકો જિન્નો ઈન્સકે ફાસિકોંમેં શરસે મહેફૂઝ રખના.** અને જિન્નાત અને માણસોમાંના નિર્લજ્જ લોકોના શરથી મને સુરક્ષિત રાખજે.

**ફિર ઈમામ(અ.)ને અપના સર આસમાનકી જાનિબ બૂલંદ કીયા.** પછી આસમાનની તરફ હઝરત ઈમામ હુસૈન(અ.) જોવા લાગ્યા. **ઔર બાચશ્મેગિર્યા બુલંદ આવાઝસે બારગાહે રબ્બુલ ઈઝ્ઝતમેં અર્ઝ કી,** અને રડતાં રડતાં બુલંદ અવાજમાં અલ્લાહ સામે આ દુઆ કરવા લાગ્યા.

**અય સુનનેવાલોંમેં સબસે ઝિયાદા સુનનેવાલે!** જે પણ સાંભળે છે તેમાં સૌથી વધારે સાંભળનારો. **અય દેખનેવાલોંમેં સબસે ઝિયાદા દેખનેવાલે !** દૃષ્ટિ રાખનારાઓમાં સૌથી વધારે દૃષ્ટિ રાખનારો. **અય હિસાબ કરનેવાલોંમે સબસે તેઝ હિસાબ કરનેવાલે !** હિસાબ એટલે બદલો આપવો. કોઈ પણ નેક કાર્ય હોય તો નેકીનો બદલો આપી દે અને બૂરૂ કાર્ય હોય તો બૂરા કાર્યનો બદલો આપી દે તેવા હિસાબ કરવાવાળાઓમાં સૌથી જલ્દી હિસાબ કરવાવાળો. આપણે કહેવતમાં વારંવાર કહીએ છીએ કે **'અલ્લાહના ઘેર દેર છે, અંધેર નથી'**. તો અહીં આ કહેવત પણ ખોટી પડે છે કારણ કે કુરઆન શરીફની આયત છે અને ઈમામ હુસૈન(અ.) પણ એ જ સિફતથી અલ્લાહને યાદ કરે છે. અલ્લાહ કોણ છે ? હિસાબ કરવાવાળાઓમાં સૌથી ઝડપથી હિસાબ કરવાવાળો. તો ઝડપથી જે હિસાબ કરતો હોય તે મહેતલ આપે તો એ એની દયાની નિશાની છે એની મજબૂરીની નિશાની નથી. એ ઈચ્છે છે કે તેના બંદાઓ મહેતલનો સદઉપયોગ કરીને સુધરી જાય અને મારે અઝાબ ન આપવો પડે એટલે

**ઝહીર હોસ્ટેલ, ઝહીરાબાદ ખાતે મળેલ સ્વૈચ્છિક યોગદાન**

રૂા.૧,૦૦,૦૦૦/- મો.હાસમભાઈ અમદાભાઈ વિજાપુરા(ઝહીરાબાદ-જેઠીપુરા) તરફથી

**ફાતેમા ગર્લ્સ હોસ્ટેલ, ઝહીરાબાદ ખાતે મળેલ સ્વૈચ્છિક યોગદાન**

રૂા.૧૧,૦૦૦/- મો.મર્હૂમ નશીરભાઈ કમદાભાઈ મસી(કેસરપુરા)તરફથી

શીઆહ જાફરી મશાયખી વિકાસ મંડળ, સાબરકાંઠા દાતાઓના હકમાં દુઆ ગુઝારે છે.

મહેતલ આપે છે. બાકી એ ઈચ્છે તો એક ક્ષણમાં જઝા પણ આપી દે અને સજા પણ આપી દે. **અય રહેમ કરનેવાલોંમેં સબસે ઝિયાદા રહેમ કરનેવાલે!** સૌથી વધારે રહેમ કરવાવાળા. **મોહંમદ વ આલે મોહંમદ પર દુરૂદ નાઝિલ ફરમા, જો તમામ ઈન્સાનોં કે સરદાર ઔર બડી બરકતોંવાલે હૈ.** આ હસ્તીઓ, બધા માણસોના સરદાર છે અને તેમની હસ્તી ઘણી બરકતવાળી છે. **ઔર અય ખુદા ! મૈં તુઝસે ઉસ હાજતકા સવાલ કરતા હૂં કે અગર તૂને ઉસકો મુઝે અતા કર દીયા તો બાકી જીસ હાજતસે ભી મહેરૂમ કર દે તો નુકસાન ન હોગા.** યા અલ્લાહ! હું તારાથી એવી માગણી કરું છું કે જો તું તે માગણી પૂરી કરી દે તો મારી બીજી બધી માગણીઓથી મને વંચિત કરી દે તો ય મને કોઈ નુકસાન નહીં થાય. **ઔર અગર તૂને ઉસકો પૂરા ન કીયા તો ફિર જો ભી અતા કરેગા ઉસસે કોઈ ફાયદા ન હોગા.** અને જો આ માગણી મારી પૂરી નહીં કરે તો બીજી બધી માગણીઓ પૂરી કરશે તો પણ મને કોઈ ફાયદો નહીં થાય. **મૈં તુઝસે ચાહતા હૂં કે મુઝે જહન્નમસે નજાત અતા કર દે.** હું તારાથી માગું છું કે મને જહન્નમથી મુક્ત કરી દે. **તેરે સિવા કોઈ માઅબૂદ નહીં હૈ.** ઈબાદત કરવા લાયક તારા સિવાય કોઈ નથી. **તૂ અકેલા હૈ.** તું એકલો છે. તારી બરાબરીમાં કોઈ નથી. **તેરા કોઈ શરીક નહીં.** તારો શરીક પણ કોઈ નથી. **તેરે લીયે બાદશાહત હૈ.** આખી કાએનાતની બાદશાહત તારા માટે છે. **તેરે લીયે હમ્દ હૈ.** દરેક પ્રકારની હમ્દ અલ્લાહ માટે જ છે. **ઔર તૂ હર ચીઝ પર કાદિર હૈ.** તું દરેક વસ્તુ ઉપર, દરેક કાર્ય કરવા ઉપર સક્ષમ છે. **અય રબ ! અય રબ ! અય રબ !**

**અલ્લાહથી દુઆ માગીએ કે અલ્લાહ આપણી રોઝીમાં એટલી બરકત આપે કે આપણે કોઈ બીજાની સામે હાથ ફેલાવવો ન પડે.**

(ઈલોલ તલાવ, તા.૩૦-૧૦-૨૦૦૯, શુક્રવાર)


**આંખોની સંપૂર્ણ તથા આધુનિક સારવાર માટે**
**આંખના નિષ્ણાંત સર્જન અને પડદાના સ્પેશિયાલીસ્ટ**

## ડૉ. બાકરઅલી વલ્લી કડીવાલા (ખડીચાસણા)

**MBBS, DNB (Opth), FICO (U.K.) FMRD, FGO**



- ✶ કમ્પ્યુટરાઇસ્ડ ચશ્માનાં નંબર મેળવવા માટે
- ✶ લેસરથી ચશ્માનાં નંબર કાઢવાની સારવાર (LASIK)
- ✶ વગર ટાંકાનું મોતીયાનું ઓપરેશન
- ✶ લેસરથી મોતીયાનું ઓપરેશન (PHACO)
- ✶ ઝામરની તપાસ અને ઇલાજ
- ✶ બાંડી આંખોની તપાસણી તથા ઇલાજ
- ✶ ડાયબેટીક રેટીનોપેથી (પડદામાં) ની તપાસ અને સારવાર

**ડૉ. શાહ હોસ્પીટલ**
સાની શોપીંગ સેંટર, રેલ્વે સ્ટેશનની સામે,
જોગેશ્વરી (વેસ્ટ), મુંબઇ-૧૨. ફોનઃ ૨૬૭૯૩૧૨૬
સોમવાર થી શનિવાર બપોરે ૧૨.૦૦ થી ૨.૦૦

**સહારા મેડીકલ સેંટર**
મોહંમદી મંઝીલ, વાય.એમ.સી.એ. રોડ,
મુંબઇ-૪૦૦ ૦૦૮. ફોનઃ ૦૨૨ ૨૩૦૦૯૬૨૪
સોમવાર થી શનિવાર સાંજે ૫.૦૦ થી ૭.૦૦



પીર સૈયદ મોહંમદ ઝહીરહુસૈન બાવા સાહેબ(રહે.) રચિત

# જુંબિશે લબ — جُنبشِ لب

## નઝમ ૧૮

**બહુઝૂર હઝરત ઈમામ મોહંમદ તકી(અ.)**

واہ کیا شان ہے اے سرورِ نامی تیری
**વાહ ક્યા શાન હૈ અય સરવરે નામી તેરી,**
نازشِ کون و مکاں ذاتِ گرامی تیری
**નાઝિશે કૌનો મકાં ઝાતે ગિરામી તેરી.**

(અય સુપ્રસિધ્ધ સરદાર ઈમામ મોહંમદ તકી(અ.) ! વાહ આપની કેવી (અનોખી) શાન છે ! સંસાર જેના ઉપર ગર્વ કરે છે એવું આપનું મહાન વ્યક્તિત્વ છે.)

کیا بیاں عزّ و شرف ہو ترا اے شاہِ تقی
**ક્યા બયાં ઈઝઝો શરફ હો તેરા અય શાહે તકી,**
فخر ہے بندۂ مومن کا، غلامی تیری
**ફખ્ર હૈ બંદએ મોમિનકા, ગુલામી તેરી.**

(અય સંયમી લોકોના બાદશાહ ! આપની આબરૂનું અને આપની શ્રેષ્ઠતાનું વર્ણન શું થઈ શકે. આપની ગુલામી કરવી તે મોમિન બંદા માટે ગૌરવરૂપ બાબત છે.)

تیری اعجاز نمائی سے جہاں حیراں ہے
**તેરી એઅજાઝ નુમાઈસે જહાં હયરાં હૈ,**
قدرتِ خالقِ کونین ہے، حامی تیری
**કુદરતે ખાલિકે કૌનયન હૈ, હામી તેરી.**

(આપના ચમત્કારના પ્રદર્શનથી તો દુનિયા ચકિત થઈ ગઈ છે. આલોક અને પરલોક એમ બન્ને જગતના સર્જનહારની કુદરત આપની હિમાયતી છે.)

ہے ازل سے مری طینت میں ترا عشق شریک
**હૈ અઝલસે મેરી તીનતમેં તેરા ઈશ્ક શરીક,**
یوں مرے دل میں محبت ہے، دوامی تیری
**યું મેરે દિલમેં મોહબ્બત હૈ, દવામી તેરી.**

(અનાદિકાળથી મારા સ્વભાવમાં આપનો ઈશ્ક સહભાગી થયેલો છે. આ રીતે મારા દિલમાં આપની મોહબ્બત હંમેશાં રહેવાવાળી છે.)

مرتبے سے ترے اللہ و نبیؐ واقف ہیں
**મર્તબેસે તેરે અલ્લાહો નબી વાકિફ હૈ,**
قدر کیا سمجھے کوئی ناکس و عامی، تیری
**કદ્ર ક્યા સમઝે કોઈ નાકિસો આમી તેરી.**

(આપના મરતબાથી તો અલ્લાહ અને તેના નબી(સ.) સારી રીતે પરિચિત છે. કોઈ અપૂર્ણ અને નીચ માણસ આપના મૂલ્યને શું સમજી શકે ?)

میرے مولا ترے دربار میں، حاضر ہے ظہیرؔ
**મેરે મૌલા તેરે દરબારમેં હાઝિર હૈ 'ઝહીર',**
باعثِ ناز ہے بندے کو، غلامی تیری
**બાઈસે નાઝ હૈ બંદેકો, ગુલામી તેરી.**

(અય મારા મૌલા ! આપના દરબારમાં 'ઝહીર' હાજર છે. આ બંદા માટે તો આપની ગુલામ કરવી તે ગર્વનું કારણ છે.)

*

# Imam as witness: *Imam ki gawahi*

-----------------------------------------------------------------------------------------------------------------------------------

**Written by : Janab Nadeemahmad D. Jafri (Ahmedabad)**

-----------------------------------------------------------------------------------------------------------------------------------

*When I had just finished my management studies and was applying for a job in various companies, I was required to draft* ***Curriculum Vitae (CV)*** *which would contain my detailed information. This CV was divided mainly in two parts:* ***Credentials*** *and* ***Reference.***

*My* ***credentials*** *would contain information regarding* ***my work, my achievements*** *and* ***my professional degree*** *while* ***the reference*** *would be the* ***names of the prominent people*** *I know in the* ***industry*** *who can vouch for me if required.*

*While facing one such interview, the prospective employer after looking at my credentials for some time started asking me about my reference. I had mentioned a* ***very prominent name*** *from within the industry* ***as my reference*** *and my interviewer was interested to know* ***how do I know this gentleman****?*

*The course of interview suddenly changed; from credentials* ***it moved to my reference****. The employer told me that if you are so close to the reference you gave,* ***I don't want to know anything else****. If he is your reference* ***you are as good as selected****. He holds* ***lots of goodwill*** *in the* ***industry*** *and we are sure that he* ***would never*** *refer somebody* ***less worthy.***

➔ *This made me thinking, the reference should be such that* ***it holds value*** *in the* ***eyes of the interviewer****; only then it will work. The other important point I learnt was that however* ***good my credentials are*** *if there is* ***not a single authentic reference*** *who can stand by me my credentials may not give me results. And I* ***may fail*** *to seek a* ***good decent job****.*

We use references time and again in our day to day life without even realizing this. So, if this is so important in our worldly matters can this hold true in Allah's court?

In Surah-e-Baqra Allah says that:

- *"Aur uss waqt ko yaad karo jab Hum ne farishton se kaha ke* ***Aadam (A.S) ko sajda karo*** *to sab ke sab jhuk gaye magar* ***Shaitan ne inkaar kiya*** *aur ghuroor main aagaya aur* ***kafir ho gaya****." – (Surah-e-Baqra, ayah 34)*

Since he refused to bow down to Aadam (A.S), he was kicked out of Heavens:

- 'Khuda ne farmaya tu **baheesht se nikal jaa** dur ho ja beshak tu mardood hai.' – ( Surah-e-Hijr ayah, 34)

It is said that Satan was the most knowledgeable amongst the angels. His **credentials** made him ***'ustad'*** of all the angels. There was not a single corner on the '***arsh***' where he did not bow down in sajda to Allah. It means that he believed in Allah, hence was not a **kafir by that sense.**

We may feel that then why Allah (SWT) referred to him as kafir in the above ayah? **He became kafir** as he refused to accept **the leadership of Aadam (A.S), the duly appointed khalifa** of Allah (SWT). His

**great credentials were of no use** to him and within few moments he lost everything. By refusing to bow down to Aadam (A.S), he **rejected that very witness** who could have vouched for him in Allah's court.

➔ The result which can be derived from the above is that the credentials of **namaz, roza, zakaat, and hajj** may not hold **any kind of importance** if someone fails to **recognize** the **duly appointed Imam by Allah (SWT)**. The way Satan was kicked out of Heavens**, he too may not enter Paradise ever** and all his credentials would be wasted. And as per Allah (SWT) such a person is **kafir.**

In the following ayah Quran says:

- *'Uss din ko yaad karo jab **Hum tamam logon ko unke Imamon ke saath bulayenge**, to jiska naama-e-aamaal un ke dahine haath main diya jayega to woh log khush khush apna naama-e-aamaal padhne lagege aur un per resha barabar zulm nahin kiya jayega." – (Surah-e-Bani Israel, ayah 71)*

Mawla Ali (A.S) has said that he has heard from Rasool (SAW) that **every community will be called along with its Imam** at the day of judgement. (Ref: Durr-e-Mansoor, vol 4, P 194). It means that our **entire credentials aside**, we will be **asked to follow our Imams** on that day. Thus it is important for us that whom we choose as our Imam?

In case of Aadam (A.S) it was easier as Allah (SWT) Himself ordered the angels to bow down to Aadam (A.S) and accept his authority. But in our case how would we know whether the Imam we are following is **the duly appointed Imam by Allah (SWT)? I** believe Quran should be referred again for this purpose. So let me quote few more ayahs in this connection.

- *"Aur jis tarah tumhare qible ke bare main hidayat ki ussi tarah **tum ko aadil banaya** taake aur logon ke muqable **main tum gawah bano** aur **Rasool (SAW) tumhare muqable main gawah** bane…." – (Surah-e-Baqra, ayah 143)*

The above ayah has been **addressed to a few chosen people by Allah (SWT)** who are **duly appointed bearer of witness** and on them Rasool (SAW) is witness. It will be **their reference** that will take us through in Allah's court.

It has been recorded by Salim-bin-Qais that Mawla Ali (A.S) has mentioned that we are '***Ummat-e-aadil"*** (Just people) and **bearer of witness to the people**. And Rasool (SAW) are our witness. (Ref: Shawahid Tanzil, Hakim Abul Qasim) .

- *' Aur jo haq jihad karne ka hai **Khuda ki raah main jihad karo**, Usi ne **tumko barguzida kiya** aur amur e deen main tum per kisi tarah ki sakhti nahin ki **tumhare baap Ibrahim (A.S) ke mazhab ko tumhara mazhab bana diya ha**i. Usi Khuda ne **tumhara pehle hi se musalman farmabardar bande naam rakkha aur iss Quran main bhi**. To **jihad karo taake Rasool (SAW) tumhare muqable main gawah bane** aur tum pabandi se namaz padha karo, zakaat dete raho aur Khuda hi ke ahkaam ko mazboot pakdo wahi tumhara sarparast hai to kya achha sarparast hai aur kya achha madadgaar hai." - (Surah-e-Al Hajj, ayah 78)*

If we focus on above ayah we will find that it is one ayah which is **being addressed to someone other than Rasool (SAW).** As ayah says that "tumko barguzida kiya" that means **he is a chosen one**. He is also from the **lineage of Ibrahim (A.S**). He is ordered to take **part in jihad the way it should be, so that Rasool (SAW) is his witness**. So who is this chosen and faithful servant of Allah (SWT) who is to fight for Allah's cause as per His order?

Abdur-Rahman bin Auf has quoted Hazrat Umar, according to him the above mentioned jihad will be at the time **when Bani Umiya will be the rulers (**Ref: Durr-e-Mansur, vol 4, P 371).

Now, from the lineage of Ibrahim (A.S) whoever has fought against Bani Umiya he is that chosen and faithful servant of Allah (SWT) whom the ayah is addressed to. The above ayah definitely refers to **Jihad-e-Karbala** and it is addressed to **Imam Husain (A.S).**

Jihad-e-Karbala was Allah (SWT)'s order and Imam Husain was chosen for that purpose. And Allah (SWT) appointed **Rasool (SAW) as a witness to Imam Husain (A.S)'s jihad.** So when we **mourn** and **remember the atrocities afflicted upon Imam Husain (A.S)** it is our way of saying that **though centuries apart, we are with him** and **would have fought the evil** had we been born in that era. This way we make **our Imam as our witness** and in turn **Rasool (SAW) is our witness.**

He conducted the jihad **the way it should be** and **taught us the importance of sacrifice, faith, love and unity**. He had also displayed **the importance of namaz**. So **lessons from Karbala** are also important to **improve our credentials**.

We have seen what Quran has to say about Imams now let us see few of the hadees of Rasool (SAW) on the subject:

- 'In every generation of my followers there are going to be **just and righteous members of my Ahl-ul-bait** to counteract the alterations and corruptions which the misguided people will try to make in my religion, to remove false allegations of the untruthful and to contradict the misinterpretations of the ignorant. Beware ! **Your Imams (pontiffs) shall be your representatives before Allah**. So, be careful whom you adopt as your representatives." (Ref: Recorded by Mulla (Jami) in his Seerat and also by Ibn-e-Hajar in Sawaiq-e-Mohriqa, P. 90)

- 'Mine will be **twelve Amirs.** And all of them would come down from **the Quraish."** (Ref: Recorded by Jabir Bin Samarah, Saheeh Bukhari, P 628, Saheeh Muslim vol. 2, 119)

So now we have found our Imams. They are from the house of **Ahl-ul-bait**. They are twelve in numbers and sons of **Ali (A.S) and Husain (A.S**). If we stick to them and follow them, we will be under their representation during the day of judgment. They will be **our witness** and **our reference** in Allah's court. **We improve our credentials** by going **to pilgrimage to Hajj** and **we strengthen our references** when we go to pilgrimage to **pay our homage and respect to Imams**.

➔ Yes, finally we can conclude that references do work in Allah's court, provided the references are of **the duly appointed Imams**. Here, we draft our own CV, while there Allah (SWT)'s authority will give us our Naama-e-aamal, so even if we try **we will not be able to change that**. Let us then pray to Allah (SWT) that when we receive our naama-e-aamal **along with our credentials** do mention **the names of Your duly appointed Imams** in **our reference section**, so that we are selected to enter the comfort of Paradise. Aamin.

# ઈમામની ગવાહી

લેખન : જનાબ સૈયદ નદીમએહમદ ડી. જાફરી (અમદાવાદ)

બિસ્મિલ્લાહિર રહમાનિર રહીમ

*જેવો મેં મેનેજમેન્ટનો અભ્યાસ પૂર્ણ કર્યો કે તરત જ હું જુદી જુદી કંપનીઓમાં નોકરી માટે અરજી કરવા લાગ્યો હતો. મારે **લખાણનો મુસદ્દો** તૈયાર કરવાની જરૂર ઊભી થઈ કે જેમાં મારી વિગતવાર માહિતીનો સમાવેશ થયેલો હતો. આ CV મુખ્યત્વે બે વિભાગોમાં વહેંચાયેલો હતો : (૧) **મારી ઓળખ, ભલામણ, પ્રમાણપત્ર, વગેરે** અને (૨) **સંદર્ભ.***

*મારી અંગત માહિતીમાં **મારો કાર્યાનુભવ, મારી સિધ્ધિઓ** અને **મારી વ્યવસાયિક ઉપાધિઓનો** સમાવેશ થતો હતો જ્યારે **સંદર્ભમાં** એવી **આગળ પડતી વ્યક્તિઓનો** સમાવેશ થતો હતો કે જે **કંપનીમાં** કામ કરતી હોય અને મને ઓળખતી પણ હોય અને જરૂર પડ્યે મારા વિષે ખાત્રી આપે અથવા મારી જવાબદારી લઈ લે એવી હોય.*

*આવું જ એક ઈન્ટરવ્યુ આપતી વખતે મારા ભાવિ શેઠે થોડી વાર સુધી મારી વિગતવાર માહિતી જોઈ લીધા પછી મેં સંદર્ભ આપેલ વ્યક્તિઓ વિષે મને પ્રશ્નો પૂછવાનું શરૂ કર્યું. મેં **સંદર્ભ તરીકે** તે ઉદ્યોગમાં કાર્ય કરતી એક **ખૂબ જ નામાંકિત વ્યક્તિ**નો ઉલ્લેખ કર્યો હતો. વળી મારું ઈન્ટરવ્યુ લેનારને એ બાબત જાણવામાં પણ રસ હતો કે **હું તે સદગૃહસ્થને કેવી રીતે ઓળખતો હતો.***

*ઈન્ટરવ્યુનો પ્રવાહ એકાએક બદલાઈ ગયો. મારી વિગતવાર માહિતી તરફથી **મારા સંદર્ભ તરફ વળી ગયો.** નોકરીમાં રાખનાર શેઠે મને કહ્યું કે તમે આટલો બધો નિકટનો સંદર્ભ આપ્યો છે તો પછી **મારે તમને બીજું કંઈ પૂછવાની જરૂર જ નથી.** જો તમે સંદર્ભ આપેલી વ્યક્તિ એ જ હોય તો **તમારી પસંદગી થઈ જ ગઈ સમજી લો,** કેમકે તેઓ કંપનીમાં સારા સંબંધો ધરાવે છે અને અમને ચોક્કસ ખાત્રી છે કે તેઓ **ઓછી યોગ્યતા ધરાવનાર** કોઈ પણ વ્યક્તિની ભલામણ **કદી પણ નહીં કરે.***

*→ આ બાબતે તો મને વિચાર કરતો કરી દીધો કે હંમેશાં એવી વ્યક્તિનો સંદર્ભ હોવો જોઈએ કે **ઈન્ટરવ્યુ લેનારની નજરમાં જેનું કોઈ મૂલ્ય હોય** અને ત્યારે જ તે કારગર નિવડે. મને બીજો અગત્યનો મુદ્દો એ શીખવા મળ્યો કે **મારી લાયકાતો, કાર્યાનુભવો, વગેરે ગમે તેટલા સારા હોય** પરંતુ મારા સમર્થનમાં **જો કોઈ પ્રમાણભૂત વ્યક્તિનો સંદર્ભ ન હોય** તો મારાં પ્રમાણપત્રો કે કાર્યાનુભાવો કોઈ પરિણામ નહીં ઉપજાવે અને મને કદાચ કોઈ **સારી માનપ્રદ નોકરી** શોધવામાં **નિષ્ફળતા ય મળે.***

આવી બધી બાબતોને સમજ્યા વગર આપણે રોજિંદા જીવનમાં આવી સંદર્ભ વ્યક્તિઓનો ઉપયોગ વારંવાર કરીએ છીએ. તેથી જો આ બાબત આપણા જીવનની દુન્યવી બાબતોમાં આટલી બધી અગત્યની હોય તો શું આ બાબત અલ્લાહના દરબારમાં સાચી ન હોઈ શકે ?

સૂરએ બકરમાં અલ્લાહ તઆલા ફરમાવે છે:

- **'અને (એ સમયને યાદ કરો કે) જ્યારે અમે ફરિશ્તાઓને કહ્યું કે આદમ(અ.)ની આગળ સિજદો કરો તો બધા ઝુકી ગયા પરંતુ શયતાને ઈન્કાર કર્યો અને અભિમાનમાં આવી ગયો અને કાફર બની ગયો.'** (સૂરએ બકર, આયત-૩૪)

તેણે આદમ(અ.)ની આગળ સિજદો કરવાનો ઈન્કાર કર્યો તેથી તેને જન્નતમાંથી હાંકી

કાઢવામાં આવ્યો.

• '(ખુદાએ) ફરમાવ્યું, જન્નતમાંથી નીકળી જા; દૂર થઈ જા. બેશક તું (અમારી) દરગાહથી હાંકી કાઢવામાં આવેલો છે.'

(સૂરએ હિજ્ર, આયત-૩૪)

એવું કહેવાય છે કે બધા ફરિશ્તાઓમાં શયતાન ખૂબ જ્ઞાની હતો. તેની **લાયકાતોએ** તેને ફરિશ્તાઓનો **ઉસ્તાદ(શિક્ષક)** બનાવ્યો હતો. **અર્શનો** કોઈ ખૂણો તેણે બાકી રાખ્યો ન હતો કે જ્યાં તેણે અલ્લાહ સમક્ષ ઝુકીને સિજદો ન કર્યો હોય. એનો અર્થ એવો થયો કે તે અલ્લાહમાં ઈમાન ધરાવતો હતો. આથી તે સંદર્ભમાં તે કાફર ન હતો.

આપણને કદાચ એવું લાગે કે તો પછી અલ્લાહ (સુ.વ.ત.)એ ઉપરોક્ત આયતમાં તેને **'કાફર' શા માટે કહ્યો છે ?** તે કાફર બની ગયો કારણ કે તેણે **અલ્લાહ દ્વારા નિયુક્ત થયેલ આદમ(અ.)ની ખિલાફતને** સ્વીકારવાનો ઈન્કાર કર્યો. તેની **મોટી મોટી લાયકાતો અને યોગ્યતાઓ કંઈ કામમાં આવી નહીં** અને થોડીક જ ક્ષણોમાં તેણે સર્વસ્વ ગુમાવી દીધું. આદમ(અ.)ની આગળ ન ઝુકીને તે અલ્લાહના **સાક્ષીનો જ ઈન્કાર કરી બેઠો** કે જે અલ્લાહના દરબારમાં તેમના વિષે ખાતરી આપી શક્યો હોત.

→ ઉપરોક્ત બાબતનો નિષ્કર્ષ તો એ જ આવી શકે કે જો કોઈ વ્યક્તિ **અલ્લાહ(સુ.વ.ત) દ્વારા યોગ્ય રીતે નિયુક્ત થયેલ ઈમામને ઓળખે નહીં** તો **નમાઝ, રોઝા ઝકાત અને હજ** જેવા આ'માલનામાનું કદાચ **કોઈ મહત્વ** બાકી જ નહીં રહે. જે રીતે શયતાનને જન્નતમાંથી હાંકી કાઢવામાં આવ્યો તે રીતે જોઈએ તો **તે પણ કદી જન્નતમાં પ્રવેશી નહીં શકે** અને તેના આ'માલ પણ નકામા જશે અને અલ્લાહ(સુ.વ.ત.)ની દૃષ્ટિએ આવી વ્યક્તિ **કાફર** છે.

નીચેની આયતમાં કુરઆન ફરમાવે છે :

• **'જે દિવસે અમે દરેક ટોળાને તેના ઈમામ (આગેવાન)ની સાથે બોલાવીશું તો જેનું આ'માલનામુ (કરણીના લેખ) જમણા હાથમાં આપવામાં આવશે બસ તેવાઓ તો (આનંદપૂર્વક) પોતાનું આ'માલનામુ વાંચવા માંડશે અને તેમના ઉપર એક સૂતર(ના તાંતણા) બરાબર પણ અન્યાય કરવામાં આવશે નહીં.**

(સૂરએ બની ઈસરાઈલ, આયત-૭૧)

મૌલા અલી(અ.)એ ફરમાવ્યું છે કે આપે રસૂલ(સ.)ના મુખેથી એવું સાંભળ્યું છે કે, **કયામતના દિવસે દરેક કોમને પોત પોતાના ઈમામ સાથે બોલાવવામાં આવશે.** (સંદર્ભ : દુર્રે મન્સૂર, જીલ્દ-૪, પેજ-૧૯૪) એનો અર્થ એવો થયો કે **આપણા બધા જ આ'માલ(સત્કૃત્યો)ને** એક બાજુએ મૂકીને તે દિવસે આપણને આપણા **ઈમામનું અનુસરણ કરવાનું કહેવામાં આવશે.** આમ આપણે ઈમામ તરીકે કોને પસંદ કરીએ છીએ તે બાબત આપણા માટે અગત્યની છે.

આદમ(અ.)ના કિસ્સામાં તે બાબત ખૂબ સરળ હતી કારણ કે અલ્લાહ(સુ.વ.ત.)એ પોતે જ આદમ(અ.)ની સમક્ષ ઝુકી જવાનો અને તેમની ખિલાફતનો સ્વીકાર કરવાનો હુકમ આપ્યો હતો પરંતુ આપણી બાબતમાં આપણે કેવી રીતે જાણી લઈએ કે જે ઈમામને આપણે અનુસરી રહ્યા છીએ તે **ઈમામ જ અલ્લાહ(સુ.વ.ત.) દ્વારા નિયુક્ત થયેલ છે ખરો ?** મારા ધારવા પ્રમાણે આપણે આ હેતુને સર કરવા ફરીથી કુરઆનનો સંદર્ભ લેવો જોઈએ. માટે તો આ સંબંધમાં મને કેટલીક વધારે આયતો ટાંકવા દો.

• **'અને જે રીતે તમારા કિબ્લાની બાબતમાં હિદાયત કરી એવી જ રીતે તમને ન્યાયી બનાવ્યો જેથી અન્ય લોકો ઉપર તમે સાક્ષી બનો અને રસૂલ(સ.) તમારી ઉપર સાક્ષી બને...**

(સૂરએ બકર, આયત-૧૪૩)

ઉપરોક્ત આયત **અલ્લાહ દ્વારા પસંદ થયેલા કેટલાક લોકોને સંબોધીને** કહેવામાં આવી છે કે જેઓ **યોગ્ય રીતે નિયુક્ત થયેલા સાક્ષી આપનારા** છે અને તેમના ઉપર રસૂલ(સ.) સાક્ષી છે. આ જ તેમની ભલામણ હશે કે જે આપણને સીધા અલ્લાહના દરબારમાં પહોંચાડી દેશે.

સલીમ બિન કૈસ દ્વારા એવું નોંધવામાં આવ્યું છે કે મૌલા અલી(અ.)એ એવું ફરમાવ્યું છે કે અમે **'ઉમ્મતે આદિલ'** (ન્યાયી લોકો) છીએ અને **લોકોની સાક્ષી આપનારા** છીએ અને રસૂલ(સ.) અમારા સાક્ષી છે. (સંદર્ભ : શવાહિદ તન્ઝિલ, હકીમ અબ્દુલ કાસિમ)

- **'અને <u>અલ્લાહની રાહમાં જેહાદ કરો</u> જેવો કે જેહાદ કરવો ઘટે છે; <u>તેણે તમને ચૂંટી લીધા</u> છે અને તમારા પર ધર્મના સંબંધમાં કોઈ પણ પ્રકારની સખ્તાઈ જાઈઝ કરી નથી; આ <u>તમારા બાપ ઈબ્રાહીમની જ (શરૂ કરેલી) મિલ્લત (મઝહબે ઈસ્લામ) છે;</u> તેણે(અલ્લાહે) જ <u>તમારૂં નામ મુસ્લિમ (અર્થાત તાબેદાર-આજ્ઞાપાલક) રાખ્યું છે - પહેલાંથી અને આ(કુરઆન)માં પણ; જેથી રસૂલ તમારા (કર્મો તથા વર્તન) ઉપર સાક્ષી રહે</u> અને તમે તેમના (કર્મો તથા વર્તન) પર સાક્ષી રહો; માટે તમે નમાઝ પઢ્યા કરો તથા ઝકાત આપતા રહો, અને અલ્લાહને જ દ્રઢતાપૂર્વક વળગી રહો; એ જ તમારો કાર્યસાધક(સરપરસ્ત) છે, તો તે કેવો સૌથી ઉત્તમ કાર્યસાધક અને ઉત્તમ મદદગાર છે !** (સૂરએ અલ-હજ, આયત-૭૮)

જો આપણે ઉપરની આયત ઉપર ધ્યાન કેન્દ્રિત કરીએ તો આપણને જાળવા મળશે કે આ એક જ આયત એવી છે કે જે **રસૂલ(સ.) વગર બીજા કોઈને સંબોધીને કહેવામાં આવી છે.** આયત કહે છે કે **તમને બરગુઝીદા કર્યા** એનો અર્થ એ છે કે **તે પસંદગી પામેલ** છે. વળી તે **ઈબ્રાહીમ(અ.)ના વંશમાંથી** છે. તેને **જેહાદ કરવાનો જે હક છે તે પ્રમાણે** જેહાદ કરવાનો હુકમ આપવામાં આવ્યો છે **જેથી રસૂલ(સ.) તેના સાક્ષી બને.** તેથી અલ્લાહ(સુ.વ.ત.)નો પસંદ થયેલ અને વફાદાર બંદો કોણ છે કે જે અલ્લાહની ખાતર અને તેના હુકમથી લડતો હોય ?

અબ્દુર રેહેમાન બિન ઔફે હઝરત ઉમરનું નામ ટાંકીને કહ્યું છે કે તેમના મત અનુસાર ઉપર દર્શાવેલ જેહાદ એ વખતે થશે કે **જ્યારે બની ઉમૈયા શાસકો બનશે.**

(સંદર્ભ : દુર્રે મન્સૂર, ભાગ-૪, પેજ-૩૭૧)

હવે, ઈબ્રાહીમ(અ.)ના વંશમાંથી જે કોઈ બની ઉમૈયાની વિરૂધ્ધ લડેલો હોય તે જ અલ્લાહ(સુ.વ.ત.)નો પસંદ થયેલો અને વફાદાર બંદો છે કે જેને સંબોધીને આ આયત કહેવામાં આવી છે. ઉપરોક્ત આયત ચોક્કસપણે **જેહાદે કરબલા**નો સંદર્ભ બતાવે છે અને તે **ઈમામ હુસૈન(અ.)ને** સંબોધીને કહેવામાં આવી છે.

કરબલાની જેહાદ કરવાનો હુકમ અલ્લાહ(સુ.વ.ત.)નો હુકમ હતો અને ઈમામ હુસૈન(અ.)ને તે હેતુ માટે પસંદ કરવામાં આવ્યા હતા અને અલ્લાહ(સુ.વ.ત.)એ **રસૂલ(સ.)ને ઈમામ હુસૈન(અ.)ની જેહાદના (સાક્ષી)** ગવાહ **તરીકે** નિયુક્ત કર્યા હતા તેથી તો જ્યારે આપણે **ઈમામ હુસૈન(અ.) ઉપર પડેલાં દુઃખોને યાદ કરીએ છીએ** અને **રડીએ છીએ** ત્યારે આપણે તેના દ્વારા એવું કહેવા માગીએ છીએ કે ભલેને તેમની અને અમારી વચ્ચે **સદીઓનું છેટું છે તેમ છતાં અમે તેમની સાથે છીએ** અને જો અમે એમના યુગમાં જન્મ્યા હોત તો અમે પણ **અનિષ્ટની સામે લડ્યા હોત.** આ રીતે અમે અમારા **ઈમામને અમારા** ગવાહ બનાવીએ છીએ અને તેના બદલામાં **રસૂલ(સ.) અમારા** ગવાહ છે.

તેમણે **જેહાદના હક પ્રમાણે** જેહાદ અદા કરી અને **આપણ બધાને કુરબાની, ઈમાન, પ્રેમ અને એકતાનું મહત્વ શીખવાડ્યું.** તેમણે **નમાઝનું મહત્વ** પણ બતાવ્યું. આમ **કરબલામાંથી મળતા**

**સબક આપણા આ'માલ સુધારવા** માટે અગત્યના છે.

ઈમામ વિષે કુરઆનને શું કહેવું છે તે આપણે જોઈ લીધું. ચાલો હવે આપણે આ વિષય ઉપર રસૂલ(સ.)ની થોડીક હદીસો જોઈએ :

- **મારા અનુયાયીઓની પ્રત્યેક પેઢીમાં ગુમરાહ લોકો દ્વારા મારા ધર્મમાં કરવામાં આવનાર ફેરફારોને અને બગાડને નિર્મૂળ કરવા, અસત્યવાદીઓએ મૂકેલાં ખોટાં તોહમતોને દૂર કરવા અને અજ્ઞાની લોકોનાં ખોટાં અર્થઘટનોને મૌખિક રીતે પડકારવા માટે મારી એહલેબયતના ન્યાયી અને સદાચારી સભ્યો (હાજર) રહેવાના જ છે. ખબરદાર ! તમારા ઈમામો (ધર્માધિકારીઓ), અલ્લાહ સમક્ષ તમારા પ્રતિનિધિઓ બનશે તેથી તમારા પ્રતિનિધિ તરીકે તમે કોને અપનાવો છો તે બાબતે સાવધ રહેજો.** (સંદર્ભ : મુલ્લા(જામી)એ પોતાની સીરતમાં અને ઈબ્ને હજરે સવાએકે મોહર્રકા પેજ-૯૦માં આ બાબત નોંધેલી છે.)
- **'મારા બાર અમીરો હશે, અને તે બધા જ કુરૈશમાંથી ઉતરી આવેલા હશે.** (સંદર્ભ : જાબિર બિન સમારાહની નોંધ, સહીહ બુખારી, પેજ નં.૬૨૮, સહીહ મુસ્લિમ ભાગ-૨, પેજ-૧૧૯)

આમ હવે તો આપણે આપણા ઈમામોને શોધી કાઢ્યા. તે બધા **એહલેબયતના** ઘરાનાના છે. એમની સંખ્યા બાર છે અને **અલી(અ.) અને હુસૈન(અ.)ના** ફરઝંદો છે. જો આપણે તેમની સાથે જોડાયેલા રહીશું અને તેમને અનુસરતા રહીશું તો કયામતના દિવસે આપણે તેમના (ઝંડા) પ્રતિનિધિત્વની નીચે હોઈશું. અલ્લાહના દરબારમાં તેઓ **આપણા માટે** ગવાહ અને **ભલામણ કરનાર** હશે. આપણે **હજ પઢવા જઈને** આપણા **આ'માલ સુધારીએ છીએ** અને જ્યારે આપણે આપણા **ઈમામોની ઝિયારત કરવા જઈએ છીએ ત્યારે આપણે આપણી ભલામણોને સુદ્રઢ બનાવીએ છીએ.**

→ હા, અંતમાં આપણે આ લેખનું આ રીતે સમાપન કરી શકીએ કે અલ્લાહના દરબારમાં આ ભલામણો ત્યારે જ કારગર નીવડશે કે જ્યારે આ ભલામણો **યોગ્ય રીતે નિયુક્ત થયેલ ઈમામોની** હોય. અહીં દુનિયામાં તો આપણે પોતાના જ લખાણનો મુસદ્દો તૈયાર કરીએ છીએ પરંતુ ત્યાં તો અલ્લાહ(સુ.વ.ત.)ની અધિકૃત વ્યક્તિઓ આપણને આપણું આમાલનામુ આપશે અને આપણી ઈચ્છા હશે તો પણ **આપણે તેને બદલી નાખવા માટે સક્ષમ નહીં હોઈએ.** તો ચાલો આપણે અલ્લાહ(સુ.વ.ત.) સમક્ષ એવી દુઆ માગીએ કે **અમારી ઓળખ, લાયકાત, વગેરે સહિતનું અમારું આ'માલનામુ** જ્યારે અમે પ્રાપ્ત કરીએ ત્યારે ભલામણના વિભાગમાં **તું તારા પસંદ કરેલા ઈમામોના નામોનો** ઉલ્લેખ અવશ્ય કરજે કે જેથી તારી જન્નતની સુવિધાઓમાં પ્રવેશ મેળવવા માટે અમે પસંદગીપાત્ર બનીએ, આમીન. ✻


ફોન : ૨૫૬૨૦૧૮૦
મો. ૯૪૨૬૩૨૮૫૭૦

સરહિંદ
રેફ્રીજરેશન સર્વિસ

ડીપ ફ્રીજ, વર્ટીકલ ફ્રીજ, બોટલ કુલર
તેમજ વૉટર કુલર ઊંચી ગુણવત્તા અને
વ્યાજબી ભાવે બનાવનાર તેમજ રીપેરીંગ
અને સર્વિસ સંતોષકારક રીતે કરી આપનાર

મળો જૂના અને જાણીતા
☞ બશીરભાઈ
દિલ્હી ચકલા, ઘી કાંટા રોડ,
આર. સી. હાઈસ્કૂલની પાસે, અમદાવાદ.

# Superman In Islam

# સુપરમેન ઈન ઈસ્લામ

## ✻ હઝરત ઈમામ જાફર સાદિક(અ.) ✻

**અનુવાદક : હાજરપીર સૈયદ મોહંમદ મુજાહિદહુસૈન બાવા સાહેબ(મદૈ.)**

### ઉપદેશ, માન્યતા અને ચારિત્ર્ય જાફરી સંસ્કારોના પ્રકાશમાં

એમ માની લીધું કે પ્રાચીનકાળમાં વસ્તી વધારે હતી પરંતુ આજની જેમ ઉદ્યોગોનું અસ્તિત્વ ન હતું જેથી પ્રદૂષણ કોઈ ખતરનાક સ્વરૂપ ધારણ કરી લે. તો પ્રશ્ન એ પેદા થાય છે કે આર્યોએ પ્રદૂષણથી બચવા માટે આટલી બધી સમજ કઈ રીતે દાખવી કે પ્રદૂષણથી દૂર રહેવાને પોતાના ધર્મનો ભાગ બનાવી લીધો અને ભારત તથા ઈરાન એટલે સુધી કે જ્યાં જ્યાં આર્યો વસ્યા ત્યાં ત્યાં તેમણે પ્રદૂષણથી બચવા માટે પૂરેપૂરી કોશિશ કરી અને જેમ અમે પહેલાં ઈશારો કરી દીધો છે તેમ તેમની આ કોશિશ ભયની હદ સુધી પહોંચી જતી હતી.

શું આપણે એમ વિચારી શકીએ છીએ ખરા કે આર્યોની હિજરત પહેલાં આ પૃથ્વી ઉપર એક એવી સંસ્કૃતિનું અસ્તિત્વ હતું કે જેણે પર્યાવરણને પ્રદૂષિત કર્યું હતું અને તે પ્રદૂષણના કારણે એ આખી સંસ્કૃતિ નાશ પામી અથવા તો તેને ઘણું નુકસાન ઉઠાવવું પડ્યું ? અમે તો એવું માનીએ છીએ કે આ વાત બુધ્ધિજીવીઓ અને વિદ્વાનોની ઘડેલી છે કે જેથી તેઓ આવનારા લોકોને પર્યાવરણને પ્રદૂષિત ન કરવાની શીખ આપી શકે.

જો એવું માની લેવામાં આવે કે આ વાત માત્ર કોઈ કલ્પના નથી પરંતુ હકીકત છે તો એવું લાગે છે કે આવી શિખામણ આપનારાઓએ ફક્ત આર્યોને જોયા છે અને બીજી સંસ્કૃતિઓને તેઓ જોઈ શક્યા નથી કારણ કે તેમની શિખામણ ફક્ત આર્ય સંસ્કૃતિ ઉપર આધારિત છે. તેમણે કોઈ અન્ય કોમ વિશે આવો ભય જાહેર કર્યો નથી કે તે પણ પોતાના પર્યાવરણને પ્રદૂષિત કરી શકે છે. જો કે એ જમાનામાં પ્રદૂષણ એટલી હદે પહોંચ્યું ન હતું કે લોકો માટે ખતરો બની જાય.

ઈમામ જાફર સાદિક(અ.) ન કેવળ વિજ્ઞાનના વિષયોમાં અલૌકિક પ્રતિભા ધરાવનાર માણસ ગણાતા હતા અને આપે ન કેવળ એવી વાતો કહી હતી કે જેથી આજે આપણે બારસો વર્ષ પછી પણ તે વાતોને સાંભળીને આશ્ચર્યચકિત થઈ જઈએ છીએ પરંતુ તે ઉપરાંત આપને એક કાબેલ વિચારધારાવાદી (ideologist) પણ ગણવામાં આવે છે અને વિચારધારાની દૃષ્ટિએ આપના દૃષ્ટિકોણ બારસો વર્ષ પછી પણ ધ્યાનાકર્ષક છે, પછી ભલેને ઈસવી સનની ૧૭મી સદી પછી દુનિયામાં મોટા મોટા વિચારધારાવાદીઓ પેદા થયા હોય.

ઈમામ જાફર સાદિક(અ.)ના દૃષ્ટિકોણમાંનો એક દૃષ્ટિકોણ એ છે કે દરેક વ્યક્તિની કરણી (અમલ) તેની માન્યતા (અકીદા) મુજબ હોવી જોઈએ અને દરેક વ્યક્તિની માન્યતા તેના વિચારોનું પ્રતિબિંબ હોવું જોઈએ. ઈમામ જાફર સાદિક(અ.)એ ફરમાવ્યું છે કે માણસ શરૂઆતમાં સાચો (સિદ્દીક) પેદા થાય છે અને પોતાની માન્યતા વિરૂધ્ધ કોઈ કાર્ય કરતો નથી. પરંતુ પાછળથી

કેટલાક માણસોમાં એ વાત પ્રગટે છે કે તેમનાં કાર્યો તેમની માન્યતાથી વિપરીત થઈ જતાં હોય છે અને તેઓ અસત્ય વડે કામ લેતા થઈ જાય છે.

ઈમામ જાફર સાદિક(અ.)એ ફરમાવ્યું છે કે નાનું બાળક કદી જૂઠું બોલતું નથી. તેનાં કાર્યો તેની માન્યતાનાં પ્રતિબિંબ હોય છે. જો કોઈ વ્યક્તિ તેને સારી લાગે તો તેના ખોળામાં ચાલ્યું જાય છે અને જો કોઈ તેને ખરાબ લાગે તો તેનાથી મોઢું ફેરવી લે છે. જે વસ્તુને તે પસંદ કરે છે તેની તરફ હાથ લંબાવે છે અને જેનાથી નફરત કરે છે તેનાથી હાથ ખેંચી લે છે. આ ચિહ્નો એ વાતના પુરાવા છે કે માણસ શરૂઆતમાં સાચો હોય છે અને તેનાં કાર્યો તેના વિચારો પ્રમાણે જ હોય છે. પરંતુ જ્યારે તે પુખ્ત વયનો થઈ જાય છે તો કેટલાક લોકોનું ચારિત્ર્ય તેમના વિચારો કરતાં ઊલટું થઈ જાય છે અને અસત્ય સત્યની જગ્યા લઈ લે છે.

માણસ સાચો પેદા થાય છે અને તેનાં કાર્યો તેની માન્યતા અને કલ્પના સાથે સામ્ય ધરાવે છે એ બાબતમાં આજના જીવશાસ્ત્રીઓ (Biologists) અને માનવશાસ્ત્રીઓ (Anthropologists) ઈમામ જાફર સાદિક(અ.) કરતાં આગળ નીકળી ગયા છે. તેમના કહેવા મુજબ શરૂઆતમાં માણસ ન તો જૂઠું બોલી શકતો હતો કે ન તો પોતાની માન્યતા અને વિચાર વિરૂધ્ધ કોઈ કાર્ય કરી શકતો હતો. જે બાબત તેના જૂઠું બોલવાનું અને પોતાની માન્યતા વિરૂધ્ધ કાર્ય કરવાનું કારણ બની તે છે તેની વાણી. જ્યાં સુધી માણસ બોલવાનું શીખ્યો ન હતો ત્યાં સુધી તે જે કંઈ વિચારતો હતો એવાં જ કાર્યો કરતો હતો અને જૂઠું બોલી શકતો જ ન હતો. જે કંઈ તેના અંતરમાં હતું તેને જાહેર કરી દેતો હતો.

માનવજાતિની સામૂહિક પરિસ્થિતિ પ્રાણીઓની સામૂહિક પરિસ્થિતિ જેવી જ હતી. દા.ત. આજે આપણે જોઈએ છીએ કે જ્યારે બે પ્રાણીઓ એક બીજાને મળે છે ત્યારે જો તે બન્ને એકબીજાને પસંદ કરતા હોય તો આપસમાં મિત્ર બની જાય છે પરંતુ જો એકબીજાને પસંદ ન કરતાં હોય તો આપસમાં લડવા-ઝઘડવાનું શરૂ કરી દે છે. દરેક પ્રાણીની બીજા પ્રાણી પ્રત્યે એવી લાગણી છે કે જાણે તે લાગણી તે પ્રાણીના શરીર ઉપર લખેલી હોય. અને જેવું તેને બીજું પ્રાણી જુએ છે કે તરત જ તે તેની લાગણીને જાણી લે છે.

શરૂઆતમાં માણસ પણ એવો જ હતો અને તે આડંબર (રિયાકારી) વડે કામ લઈ શકતો ન હતો. જે કંઈ તેના અંતરમાં હોય તેને તરત જ જાહેર કરી દેતો હતો. પરંતુ જ્યારે તે વાતચીત કરવાનું શીખ્યો અને તે પોતાના મુદ્દાને પોતાની વાણી વડે બીજા સુધી પહોંચાડવા માટે લાયક થઈ ગયો તો તે સમયે તેણે જૂઠું બોલવાનું અને હકીકતને ઊલટી સીધી રીતે પ્રસ્તુત કરવાનું શીખી લીધું.

એ વાતનો ઈન્કાર કરી શકાય નહીં કે માનવજાતિનો વિકાસ એ સમયથી શરૂ થયો કે જ્યારથી તે બોલવાનું શીખ્યો કારણ કે વાતચીત કરવાના પરિણામ સ્વરૂપે તેણે પોતાના અનુભવો બીજાના સુધી પહોંચાડ્યા અને આવી જ રીતે બીજાના અનુભવો વડે પોતે ફાયદો ઉઠાવ્યો. આવી રીતે માણસે પોતાની જાણકારીમાં વધારો કર્યો. પરંતુ એ જ વાણી કે જેના વડે માનવજાતિના વિકાસના રસ્તા ખુલ્યા તે જ વાણી તેના માટે જૂઠ બોલવાનું, આડંબર કરવાનું અને પોતાની માન્યતા તેમજ વિચાર વિરૂધ્ધ ચારિત્ર્ય ઘડતર કરવાનું (મુનાફિકતનું) કારણ પણ બની.

હાલના જમાનાના ડેન્માર્કના જાણીતા સંશોધક (રિસર્ચ સ્કોલર) અને લેખક પાઉલ માર્ટીન મોલર (Poul Martin Møllar)ના કથન પ્રમાણે માણસ શરૂઆતમાં પોતાના જીવન સાથે સંબંધિત બે બાબતોથી વાકેફ ન હતો, એક અસત્ય અને

બીજી બાબત મૃત્યુ. પાઉલ માર્ટીન મોલર પોતાની નવલકથા*માં લખે છે કે કાબીલ પોતાના ભાઈ હાબીલને કતલ કર્યા પછી રડવા લાગ્યો એટલે હવ્વા પોતાના દીકરા હાબીલ પાસે ગયાં અને હાબીલનું માથું ઉઠાવીને તેમને દિલાસો આપવા લાગ્યાં. હવ્વાને એમ હતું કે હાબીલ ઊંઘે છે. સૂર્યાસ્તના થોડાક સમય પહેલાં જ્યારે આદમ જંગલમાંથી પાછા આવ્યા તો હવ્વાએ તેમને કહ્યું કે ખબર પડતી નથી કે શા માટે હાબીલ ઊંઘમાંથી ઊઠતો નથી. આદમે પૂછયું કે તે ક્યારે ઊંઘ્યો હતો? હવ્વાએ કહ્યું કે ઝોહર પછી ઊંઘ્યો હતો. આદમ બોલ્યા કે તે ખરેખર થાકી ગયો હશે માટે તેને ઊંઘવા દો. તે સમય સુધી તો હાબીલ તંબુની બહાર પડેલો હતો. પછી તે બન્ને તેને ઉઠાવીને તંબુની અંદર લઈ ગયાં અને ત્યાર પછી આદમ અને હવ્વા પણ ઊંઘી ગયાં. જ્યારે આ બન્ને ઊંઘીને સવારે ઊઠ્યાં તો જોયું કે હાબીલ તો એમને એમ જ ઊંઘી રહ્યો છે.

આદમે હવ્વાને કહ્યું કે હાબીલ ફરીથી ઝાડ પરથી નીચે પડ્યો હોય એવું મને તો લાગે છે. તમને યાદ છે કે જ્યારે એ પહેલી વખત ઝાડ પરથી પડ્યો હતો ત્યારે એક દિવસ અને એક રાત સુધી ઊંઘતો જ રહ્યો હતો એટલે સુધી કે તે સમય દરમિયાન તેણે આંખો પણ ખોલી ન હતી. હવ્વાએ તેના પતિને કહ્યું કે સૂર્ય ઉગી ગયો છે માટે આપ હાબીલને તંબુમાંથી બહાર કાઢીને તડકામાં મૂકો કે જેથી સૂર્યની ગરમી તેના શરીર સુધી પહોંચે. તેના હાથ ઠંડા થઈ ચૂક્યા છે એટલે કદાચ ઠંડીના કારણે આવું બન્યું હોય. આદમે દીકરાને ઊઠાવ્યો અને તંબુની બહાર તડકામાં મૂકી દીધો. પરંતુ હાબીલ સૂર્યની ગરમી લીધા પછી પણ જાગ્યો નહીં. આદમે દીકરાને ધીમેથી હલાવ્યો અને કહ્યું કે હાબીલ ! જાગી જા અને જમી લે. તું ગઈ કાલથી ઊંઘેલો છે અને હજુ સુધી ખાવાનું પણ ખાધું નથી. શું તને ભૂખ નથી લાગી ? જાગી જા અને જમી લે. હાબીલે કોઈ જવાબ આપ્યો નહીં અને આંખો પણ ઊઘાડી નહીં. તે દિવસે હાબીલ સૂર્યાસ્ત સુધી તડકામાં પડ્યો રહ્યો. જ્યારે સાંજે આદમ જંગલમાંથી પાછા આવ્યા તો પોતાના દીકરાની નિદ્રા ઉપર આશ્ચર્યચકિત થઈ ગયા અને હવ્વાને કહેવા લાગ્યા કે જ્યારે તે પહેલી વખત ઝાડ પરથી પડ્યો હતો ત્યારે ચોવીસ કલાક વીત્યા પછી જાગી ગયો હતો પરંતુ આ વખતે તે કેમ જાગતો નથી તેની મને નવાઈ લાગે છે. (ક્રમશઃ)

* આ વાર્તામાં આવતાં નામ આદમ, હવ્વા, હાબીલ અને કાબીલને નવલકથાનાં પાત્રો જ ગણવાં. આ નામોને હઝરત આદમ(અ.) અને તેમના પરિવારજનોનાં નામ માનીને વાંચવું નહીં. આ ફક્ત નવલકથાકારની કલ્પના છે.



## ક્ષમા યાચના



અલ્લાહ તઆલાના ફઝલો કરમથી અને મોહંમદ વ આલે મોહંમદ(સ.) અને કા'બા વ કિબ્લા આલી જનાબ હાજરપીર સૈયદ મોહંમદ મુજાહિદહુસૈન બાવા સાહેબ(મદ્દે.)ની ભલી દુઆઓથી હું કિશોરગઢ નિવાસી **મો.નુરમહંમદ ઈસબભાઈ ખણુશીયા** તથા મારાં મહોરદાર **મો.કુલસુમબોન નુરમહંમદ ખણુશીયા**ને માર્ચ-૨૦૧૧માં ઉમ્રહ હજ-ઝિયારત કરવા જવાનું નસીબ પ્રાપ્ત થયેલ છે. અમારું આપ સૌને નિવેદન છે કે અમારા દ્વારા સગા-સંબંધીઓ, મિત્રો, પાડોશીઓ, સહપંથીઓ અને સર્વે મોમિન ભાઈ-બહેનોથી જાણ્યે અજાણ્યે કોઈ ભૂલચૂક થઈ ગઈ હોય તો ક્ષમ્ય ગણીને માફ કરશો. અમારી ઉમ્રહ હજ-ઝિયારત સફળ બને તેવી દુઆ કરશો અને અમે દુઆ ગુઝારીએ છીએ કે પરવરદિગારે આલમ મોહંમદ વ આલે મોહંમદની ભલી દુઆઓથી દરેક મોમિન ભાઈ-બહેનને ઉમ્રહ હજ-ઝિયારત નસીબ કરે, આમીન.

**-મો.નુરમહંમદ ઈસબભાઈ ખણુશીયા તથા**
**મો.કુલસુમબેન નુરમહંમદ ખણુશીયા(કિશોરગઢ)**

# ગ ડ મ થ લ ૨૨૨

:::::: સંપાદક::::::

મો.અકબરઅલી એચ.
દેઘરોટીયા (કનાઈ)

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| ૧ | | ૨ | ■ | ૩ | ૪ | | | ■ | ૫ |
| | ■ | ૬ | | | ૭ | ■ | ■ | ૮ | |
| ૯ | | | ■ | ■ | ૧૦ | | ૧૧ | | |
| ■ | ■ | ૧૨ | ૧૩ | ૧૪ | | ■ | | ■ | ■ |
| ૧૫ | | ■ | ૧૬ | | ■ | ૧૭ | | ૧૮ | |
| | ■ | ૧૯ | ■ | ૨૦ | ૨૧ | ■ | ૨૨ | | ■ |
| ૨૩ | | | ■ | ૨૪ | | ■ | | ■ | ૨૫ |
| | ■ | ૨૬ | ૨૭ | ■ | ૨૮ | | ■ | ૨૯ | |
| ૩૦ | ૩૧ | ■ | ૩૨ | | | ■ | ૩૩ | ■ | |
| ■ | ૩૪ | | | | ■ | ૩૫ | | | |

## ::::: આડી ચાવીઓ :::::

(૧) અલી અસગરની માતાનું નામ (૩)
(૩) મોતનો સમય (૪)
(૬) અલ્લાહની કૃપા (૪)
(૮) ફરિયાદ (૨)
(૯) હઝરત અબ્બાસ અલમદાર(અ.)નાં બીબીનું નામ(૩)
(૧૦) ઉનાવામાં આવેલ એક સૂફી સંતનો રોઝો (૫)
(૧૨) રાજા/બાદશાહની કચેરી (૪)
(૧૫) દાદા, માતાના પિતા (૨)
(૧૬) ઉદાહરણ (૨)
(૧૭) છ મહિનાનું (બાળક) (૪)
(૨૦) સિરિઆનું જૂનું નામ (૨)
(૨૨) ઈચ્છા (૨)
(૨૩) ખૈબરના એક કિલ્લાનું નામ (૩)
(૨૪) અધિકાર
(૨૬) સ્પર્શ, ઘસવું તે (૨)
(૨૮) કરબલાનું એક નામ (૨)
(૨૯) ઓછું (૨)
(૩૦) નવી (૨)
(૩૨) ગર્ભ (૩)
(૩૪) દસમા-અગિયારમા ઈમામ તે શહેરમાં આરામ ફરમાવે છે (૪)
(૩૫) તલવાર (૪)

## ::::: ઊભી ચાવીઓ :::::

(૧) મોઢું લુંછવાનો કાપડનો ટુકડો (૩)
(૨) નાશ પામેલું, નષ્ટ (૪)
(૩) સોગંદ (૨)
(૪) અસ્હાબે કહ્ફના કૂતરાનું નામ (૪)
(૫) મૂલ્ય, કિંમત (૩)
(૮) દાન આપનાર (૨)
(૧૧) બુધ્ધિશાળી (૫)
(૧૩) વ્યાજબી, યોગ્ય (૨)
(૧૪) સમ્રાટ, શાહોનો શાહ (૪)
(૧૫) કૂમની પાસે આવેલ એક પ્રખ્યાત મસ્જિદ(૫)
(૧૮) આઠ રતીનું વજન (૨)
(૧૯) સોગંદ, સમ (૩)
(૨૧) કત્લગાહ (૪)
(૨૫) એક જ માતાનું દૂધ પીનાર (બે ભાઈઓ)(૪)
(૨૭) અરણ્ય, જંગલ (૩)
(૩૧) એક મહાન પયગમ્બર (૨)
(૩૩) શરાબ કે શરબતનો પ્યાલો (૨)

## ગડમથલ નં.૨૨૧નો ઉકેલ

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| ૧ શ | હા | ૨ દ | ૩ ત | ■ | ૪ અ | ૫ લ | અ | ૬ મા | ન |
| રી | ■ | ૭ બ | લ | દ | ■ | બા | ■ | લ | ■ |
| ફ | ■ | ૮ દ | વા | ■ | ૯ અ | લ | મ | દા | ૧૦ ર |
| ■ | ૧૧ ઈ | બા | ર | ૧૨ ત | ■ | બ | ■ | ૧૩ ર | ૧૪ ગ |
| ૧૫ બા | બા | ■ | ■ | ૧૬ બ | લા | ■ | ૧૭ ઈ | ■ | બ |
| ■ | ૧૮ દ | અ | ૧૯ બ | લ | ■ | ૨૦ મુ | સા | ■ | ત |
| ૨૧ ખ | ત | ■ | ખી | ■ | ૨૨ ઈ | ત | ર | ૨૩ ત | ■ |
| ત | ■ | ૨૪ ઝુ | લ | ૨૫ જ | ના | હ | ■ | ૨૬ મા | ફી |
| ૨૭ વા | દિ | ■ | ■ | ૨૮ ના | મ | હ | ર | મ | ■ |
| ર | ■ | ૨૯ બૂ | ■ | ઝા | ■ | ૩૦ ર | શ્ક | ■ | ■ |



## ભાગ-3
## બોધ વચનો અને ઉપદેશો

હઝરત અલી(અ.)નાં બોધ વચનો (હદીસો)

**(૨૯૫) ત્રણ મિત્રો અને ત્રણ શત્રુઓ :**

તમારા દોસ્તો પણ ત્રણ જાતના છે અને દુશ્મન પણ ત્રણ પ્રકારના છે. દોસ્તોના પ્રકાર આ છે : તમારો દોસ્ત, તમારા દોસ્તનો દોસ્ત અને તમારા દુશ્મનનો દુશ્મન અને એ રીતે દુશ્મનના પ્રકાર આ છે : તમારો દુશ્મન, તમારા દોસ્તનો દુશ્મન અને તમારા દુશ્મનનો દોસ્ત.

**(૨૯૬) દુઃખ દેવું :**

આપે એક શખ્સને જોયો કે તે પોતાના દુશ્મનને નુકસાન પહોંચાડવા માગે છે પણ તેમાં તેનું પોતાનું નુકસાન થઈ રહ્યું છે તો ફરમાવ્યું કે તારી ઉપમા એવા માણસના જેવી છે કે જે પોતાની છાતીમાં ભાલો ખોસી દે જેથી પાછળ બેસનારો મરી જાય.

**(૨૯૭) બોધ અને ધડો :**

બોધના પ્રસંગો કેટલા બધા છે અને તેને ગ્રહણ કરનારા કેટલા ઓછા છે !

**(૨૯૮) ઝઘડાઓથી દૂર રહેવું :**

જે લડવા ઝઘડવામાં સીમા વટાવી જાય તે ગુનેહગાર થાય છે અને જે કચાશ રાખે છે તે પોતાની જાત પર જુલ્મ કરે છે અને આ રીતે ઝઘડો કરનારો તક્વાના માર્ગની ઉપર નથી ચાલી શકતો (એટલે ઉચિત એ જ છે કે ઝઘડા ન કરો.)

**(૨૯૯) તૌબા :**

એ ગુનાહની કોઈ વય નથી કે જેના પછી એટલો સમય મળી જાય કે ઈન્સાન બે રકાત નમાઝ પઢી લે અને ખુદાથી માફી માગી લે. (પણ પ્રશ્ન એ છે કે આ તકનો સંભવ ક્યાં છે ?)

**(૩૦૦) હિસાબ કિતાબ :**

આપને એવો સવાલ પૂછવામાં આવ્યો કે પરવરદિગાર આટલા બધા અસંખ્ય માણસોના હિસાબ કેવી રીતે લેશે ? તો ફરમાવ્યું કે જેવી રીતે આ બધાને રોજી પહોંચાડે છે. ફરી પૂછવામાં આવ્યું કે જ્યારે તે સામે નહીં આવે તો હિસાબ કેવી રીતે લેશે ? જેવી રીતે સામે નથી આવતો અને રોજી આપે છે.

**(૩૦૧) સંદેશ લાવનાર :**

તમારો કાસિદ તમારી બુધ્ધિનો પ્રતિનિધિ હોય છે અને તમારો પત્ર તમારો શ્રેષ્ઠ પ્રતિનિધિ હોય છે.

**(૩૦૨) દુઆનો મોહતાજ :**

આકરામાં આકરી આફતોમાં સપડાનારો એનાથી વધારે દુઆનો મોહતાજ નથી કે જે હમણાં સુખી છે પણ ખબર નથી કે ક્યારે સપડાઈ જાય.

**(૩૦૩) માનવ જગત :**

લોકો દુનિયાના પુત્રો છે અને માની મોહબ્બત પર પુત્રોની નિંદા નથી થઈ શકતી.

**(૩૦૪) ખુદાનો મોકલેલ :**

ફકીર અને નિરાધાર હકીકતમાં ખુદાના દૂત છે એટલે જેણે એને મનાઈ કરી દીધી સમજો ખુદાને ના પાડી દીધી અને જેણે તેમને આપ્યું, સમજો કુદરતના હાથમાં મૂક્યું.

**(૩૦૫) ગૈરતમંદ વ્યભિચાર નથી કરતો :**

સ્વમાનશીલ ઈન્સાન કદી વ્યભિચાર નથી

કરતો. (કેમકે આ બલા તેના ઘરમાં પણ આવી શકે છે.)

**(૩૦૬) જીવનનો રક્ષક :**

મોતથી વધીને સારો કોઈ રક્ષક નથી.

**(૩૦૭) માલની લાગણી :**

ઈન્સાન સંતાનના મરવા પર સૂઈ જાય છે પણ પૈસાના લૂંટાઈ જવા પર નથી સૂતો.

ભાવાર્થ એ છે કે ઓલાદના મરવા પર સબ્ર કરી લે છે પણ માલના જતા રહેવા પર સબ્ર નથી કરતો. -સૈયદ રઝી.

**(૩૦૮) દોસ્તી અને સગપણ :**

વડીલોનો પ્યાર પણ ઓલાદના માટે સગપણનો દરજ્જો ધરાવે છે અને મોહબ્બત સગપણની એટલી મોહતાજ નથી જેટલું સગપણ મોહબ્બતનું મોહતાજ છે.

(ઉદ્દેશ એ છે કે તમે લોકો આપસમાં પ્યાર મોહબ્બત રાખો જેથી તમારી ઓલાદ તમારા દોસ્તોને પોતાના સગા સમજે.)

**(૩૦૯) મોમિનની ભાવના :**

મોમિનની આશંકાથી ડરતા રહો કેમકે પરવરદિગાર હકને ઈમાનવાળાઓની જીભે જારી કરતો રહે છે.

**(૩૧૦) સંપૂર્ણ ઈમાન :**

કોઈ બંદાનું ઈમાન ત્યાં સુધી સાચું નથી થઈ શકતું જ્યાં સુધી ખુદાઈ ખજાના પર પોતાના હાથની દોલતથી વધારે ભરોસો ન કરે.

**(૩૧૧) જૂઠનું પરિણામ :**

હઝરતે બસરા પહોંચ્યા પછી અનસ બિન માલિકથી કહ્યું કે જઈને તલ્હા અને ઝુબેરને પયગમ્બર(સ.)ના એ ઈરશાદ બતાવો કે જે હઝરતે મારા વિશે બયાન ફરમાવ્યા છે. તો તેઓએ ટાળમટોળ કરી અને પછી આવું બહાનું કાઢ્યું કે મને એ કથન યાદ નથી રહ્યા. તો હઝરતે ફરમાવ્યું કે જો તમે જૂઠા હશો તો પરવરદિગાર તમને એવા ચમકદાર દાગના માર મારશે કે તેને પાઘડી પણ સંતાડી નહીં શકે.

આ દાગથી મુરાદ કોઢ છે જેમાં અનસ સપડાયા અને જિંદગીભર મોં પર બુકાની બાંધતા રહ્યા.-સૈયદ રઝી.

**(૩૧૨) દિલોની હાલત :**

દિલ ક્યારેક વલણ ધરાવે છે અને ક્યારેક ઉચાટ થઈ જાય છે. એટલે વળેલા હોય તો તેઓને મુસ્તહબ અમલ પર તૈયાર કરો નહિતર માત્ર વાજિબ બાબતો પૂરતી ગણો. (કેમકે પરાણે અમલ કરવાથી કોઈ ફાયદો નથી જ્યાં સુધી શુધ્ધ સહૃદયતા ન હોય.)

**(૩૧૩) કુરઆનની સંપૂર્ણતા :**

કુરઆનમાં તમારી પહેલાંની ખબર, તમારા પછીની ભવિષ્યવાણી અને તમારી દરમિયાની હાલતોના બધા હુકમો મળી આવે છે. *


પ્રો. જી. કે. સુણસરા
(સેવાણીવાળા)

**બેસ્ટ રેડીમેડ ક્લોથ એન્ડ ટેલર્સ**

● રેડીમેડ ●
* જીન્સ * ટી.શર્ટ * શોર્ટ શર્ટ * સ્લીમ શર્ટ
* કારગો * ઝભ્ભા-લેંઘા * ટ્રાઉઝર્સ
* નાઈટ ડ્રેસ વિગેરે.

● કલોથ ●
શુટીંગ તથા શર્ટીંગ

● ટેલર્સ ●
પેન્ટ, શર્ટ, શુટ, સફારી ઓર્ડર મુજબ બનાવી આપવામાં આવશે.

૧૨, આશિષ શોપીંગ સેન્ટર, જાફરીબાગ, સિધ્ધપુર.
ફોન : (૦૨૭૬૭) (દુ.) ૨૨૨૪૪૦ (ઘર) ૨૮૪૪૪૦

# ન પૂછ મેરા હુસૈન ક્યા હૈ ? نہ پُوچھ میرا حسین کیا ہے؟

**અઝ : મોહસિન નકવી**

**ન પૂછ મેરા હુસૈન ક્યા હૈ ?**
જહાને અઝ્મે વફાકા પૈકર
ખિરદકા મર્કઝ જિનાંકા મેહવર
જમાલે ઝેહરા, જલાલે હૈદર
ઝમીરે ઈન્સાં, નસીરે દાવર
ઝમીંકા દિલ આસ્માંકા યાવર
દયારે સબ્રો રઝાકા દિલબર
કમાલે ઈસારકા પયમ્બર
શુઊરે અમ્નો સુકૂકા પૈકર
જબીને ઈન્સાનિયતકા ઝૂમર
અરબકા સેહરા, અજમકા ઝેવર
**હુસૈન તસ્વીરે અંબિયા હૈ**
**ન પૂછ મેરા હુસૈન ક્યા હૈ ?**

હુસૈન એહલે વફાકી બસ્તી
હુસૈન આઈને હકપરસ્તી
હુસૈન સિદ્કો સફાકા સાકી
હુસૈન ચશ્મે અનાકી મસ્તી
હુસૈન પેશ અઝ અદમ તસવ્વુર
હુસૈન બાદ અઝ કયામે હસ્તી
હુસૈનને ઝિંદગી બિખેરી
ફિઝાસે વર્ના કઝા બરસતી
ઉરૂજે હફ્તા આસ્માને અઝમત
હુસૈનકે નકશે પા કી મસ્તી
હુસૈનકો ખુલ્દમેં ન ઢુંઢો
હુસૈન મહેંગા હૈ ખુલ્દ સસ્તી
હુસૈન મકસૂમે દીનો ઈમાં
**હુસૈન મફ્હૂમે 'હલ અતા' હૈ**
**ન પૂછ મેરા હુસૈન ક્યા હૈ ?**

نہ پُوچھ میرا حسین کیا ہے؟
جہاں عزمِ وفا کا پیکر
خِرد کا مرکز، جنوں کا محور
جمالِ زہرا، جلالِ حیدر
ضمیرِ انساں، نصیرِ داور
زمیں کا دل، آسماں کا یاور
دیارِ صبر و رضا کا دلبر
کمالِ ایثار کا پیمبر
شعورِ امن و سکوں کا پیکر
جبین انسانیت کا جھُومر
عرب کا سہرا، عجم کا زیور
حسین تصویرِ انبیاء ہے
نہ پُوچھ میرا حسین کیا ہے؟

حسین اہلِ وفا کی بستی
حسین آئینِ حق پرستی
حسین صدق و صفا کا ساقی
حسین چشمِ آنا کی مستی
حسین پیش از عدم، تصور
حسین بعد از قیامِ ہستی
حسین نے زندگی بکھیری
فضا سے ورنہ قضا برستی
عروج ہفت آسمان عظمت
حسین کے نقش پا کی مستی
حسین کو خُلد میں نہ ڈھونڈو
حسین مہنگا ہے خلد سستی
حسین مقسومِ دین و ایماں
حسین مفہوم "ھَل اَتٰی" ہے
نہ پُوچھ میرا حسین کیا ہے؟

| | |
|---|---|
| હુસૈન નિખરા હુવા કલંદર | حسین نِکھرا ہُوا قلندر |
| હુસૈન બિફરા હુવા સમંદર | حسین بپھرا ہُوا سمندر |
| હુસૈન બસ્તે દિલોંકે આગે | حسین بستے دلوں سے آگے |
| હુસૈન ઉજડે દિલોંકે અંદર | حسین اُجڑے دلوں کے اندر |
| હુસૈન સુલ્તાને દીનો ઈમાં | حسین سلطان دین و ایماں |
| હુસૈન અફકારકા સિકંદર | حسین افکار کا سکندر |
| હુસૈનસે આદમીકા રૂત્બા | حسین سے آدمی کا رُتبہ |
| ‘હુસૈન હૈ આદમીકા’ મંદર | " حسین ہے آدمی کا "مَن دَر |
| ખુદાકી બક્ષિશ હી ખૈમાઝન | خدا کی بخشش ہی خیمہ زَن ہے |
| હુસૈનકી સલ્તનતકે અંદર | حسین کی سلطنت کے اندر |
| હુસૈન દાતા, હુસૈન રાજા | حسین داتا، حسین راجہ |
| હુસૈન ભગવાન હુસૈન સુંદર | حسین بھگوان، حسین سُندر |
| હુસૈન આકાશકા ઋષિ હૈ | حسین آکاش کا رشی ہے |
| **હુસૈન ધરતીકી આત્મા હૈ** | حسین دھرتی کی آتما ہے |
| **ના પૂછ મેરા હુસૈન ક્યા હૈ ?** | نہ پُوچھ میرا حسین کیا ہے؟ |
| હુસૈન મૈદાનકા સિપાહી | حسین ، میدان کا سپاہی |
| હુસૈન દશ્તે અનાકા રાહી | حسین دشتِ اَنا کا راہی |
| હુસૈન ફર્કે અજલકા બલ હૈ | حسین فرق اَجل کا بَل ہے |
| હુસૈન અંદાઝે કજકુલાહી | حسین انداز، کجکلاہی |
| હુસૈનકી ગર્દે પા ઝમાના | حسین کی گردَ پا، زمانہ |
| હુસૈનકી ઠોકરોંમેં શાહી | حسین کی ٹھوکروں میں شاہی |
| હુસૈન મેઅરાજે ફિક્રે આલમ | حسین معراج فقر عالم |
| હુસૈન રમ્ઝે જહાંપનાહી | حسین ، رمز جہاں پناہی |
| હુસૈન ઐકાનકા મનારા | حسین ایقان کا مُنارہ |
| હુસૈન ઔહામકી તબાહી | حسین اوہام کی تباہی |
| ઝમીર ઈન્સાફકી લુગતમેં | ضمیر انصاف کی لغت میں |
| હુસૈન મેઅયારે બેગુનાહી | حسین معیار بےگناہی |
| બ નામે જબ્રો ગુરૂર શાહી | بنام جبر و غرور شاہی |
| **હુસૈન ગૈરતકા ફૈસલા** | حسین غیرت کا فیصلہ |
| **ના પૂછ મેરા હુસૈન ક્યા હૈ ?** | نہ پُوچھ میرا حسین کیا ہے؟ |
| હુસૈન ફિક્રો અનાકા ગાઝી | حسین فقرو اَنا کا غازی |
| હુસૈન જંગાહમેં નમાઝી | حسین جنگاہ میں نمازی |

| | |
|---|---|
| હુસૈન હુસ્ને નિયાઝમંદી | حسین حسن نیاز مندی |
| હુસૈન એઅજાઝે બેનિયાઝી | حسین اعجاز بے نیازی |
| હુસૈન આગાઝે જાંનિસારી | حسین آغاز جاں نثاری |
| હુસૈન અંજામે જાંગુદાઝી | حسین انجام جاں گدازی |
| હુસૈન તૌકીરે કારબંદી | حسین توقیر کار بندی |
| હુસૈન તા'બીરે કારસાઝી | حسین تعبیر کار سازی |
| હુસૈન મો'જિઝનુમાએ દૌરાં | جسین معجز نمائے دوراں |
| હુસૈન હકકી ફુસૂંતરાઝી | حسین حق کی فسوں طرازی |
| હુસૈન હારા તો યું કે જૈસે | حسین ہارا تو یوں کہ جیسے |
| હુસૈનને જીત લી હો બાઝી | حسین نے جیت لی ہو بازی |
| હુસૈન સારે જહાંકા વારિસ | حسین سارے جہاں کا وارث |
| **હુસૈન કહેનેકો બેનવા હૈ** | حسین کہنے کو بے نوا ہے |
| **ન પૂછ મેરા હુસૈન ક્યા હૈ ?** | نہ پُوچھ میرا حسین کیا ہے؟ |
| હુસૈન એક દિલનશીં કહાની | حسین اک دلنشیں کہانی |
| હુસૈન દસ્તૂરે હકકા બાની | حسین دستور حق کا بانی |
| હુસૈન અબ્બાસકા સરાપા | حسین عباس کا سراپا |
| હુસૈન અકબરકી નવજવાની | حسین اکبر کی نوجوانی |
| હુસૈન કિર્દારે એહલે ઈમાં | حسین کردار اہل ایماں |
| હુસૈન મેઅયારે ઝિંદગાની | حسین معیار زندگانی |
| હુસૈન કાસિમકી કમનુમાઈ | حسین قاسم کی کم نمائی |
| હુસૈન અસગરકી બેઝુબાની | حسین اصغر کی بے زبانی |
| હુસૈન સજ્જાદકી ખમોશી | حسین سجاد کی خموشی |
| હુસૈન બાકિરકી નૌહાખ્વાની | حسین باقر کی نوحہ خوانی |
| હુસૈન દજલાકા ખુશ્ક સાહિલ | حسین دجلہ کا خشک ساحل |
| હુસૈન સહરાકી બેકરાની | حسین صحرا کی بیکرانی |
| હુસૈન ઝયનબકી કસમપુર્સી | حسین زینب کی کسمپرسی |
| **હુસૈન કુલસુમકી રિદા હૈ** | حسین کلثوم کی ردا ہے |
| **ન પૂછ મેરા હુસૈન ક્યા હૈ ?** | نہ پُوچھ میرا حسین کیا ہے؟ |

**શબ્દાર્થ** **અઝ્મ** : સંકલ્પ **ખિરદ** : બુધ્ધિમત્તા **જિનાંકા મેહવર** : જન્નતની ધરી **જમાલ** : સુંદરતા **જલાલ** : દબદબો **ઝમીર** : અંતઃકરણ **નસીરે દાવર** : અલ્લાહના સહાયક **યાવર** : મદદગાર **દયાર** : ઘર **દિલબર** : મનમોહક **કમાલ** : વિશિષ્ઠ પ્રકારનો **ઈસાર** : સ્વાર્થ ત્યાગ, બલીદાન **શુઊર** : સભ્યતા **અમ્નો સુકૂકા પૈકર** : અમન અને શાંતિનું સાકાર સ્વરૂપ **ઝૂમર** : ઘરેણું **સેહરા** : ફૂલોનો શણગાર **ઝેવર** : ઝવેરાત **આઈન** : કાનૂન/

દર્પણ **હકપરસ્તી :** સત્યનિષ્ઠા/સત્ય આચરણ **સિદ્કો સફાઃ** નિર્મળતા અને પવિત્રતા **અના :** સ્વાભિમાન / ખુદ્દારી **અદમ :** મૃત્યુલોક **કયામે હસ્તી :** જીવનનો નિર્ધાર **ઉરૂજઃ** બુલંદી/ઊંચાઈ **મકસૂમ :** નસીબ/ભાગ્ય **મફ્હૂમ :** ઉદ્દેશ્ય/ભાવાર્થ **નિખરા હુવા :** ચમકતો **બસ્તા :** મજબૂર/વિવશ **અફકાર :** પરેશાનીઓ/વિશિષ્ઠ કૃતિઓ **રૂત્બા :** મરતબો **દશ્તે અનાકા રાહી :** સ્વાભિમાનના અરણ્યનો પથિક **ફર્કે અજલકા બલ :** મોતના સમયનું રહસ્ય **અંદાઝે કજકુલાહી :** ફક્કડપણાની પધ્ધતિ **ગર્દે પા :** ચરણ રજ **ફિક્રે આલમ :** સજ્જનતાના વિશ્વની બુલંદી **રમ્ઝે જહાંપનાહી :** દુનિયાને આશરો આપવાનું રહસ્ય **ઐકાન :** યકીન/વિશ્વાસ **ઔહામકી તબાહી :** શંકા કુશંકાઓનો સર્વનાશ **મેઅયાર :** માપદંડ **જબ્રો ગુરૂર શાહી :** જબરદસ્તી, અભિમાન અને બાદશાહી **ગૈરતકા :** આત્મ સન્માનનો **ફિક્રો અનાકા ગાઝી :** સજ્જનતા અને સ્વાભિમાનનો ધર્મ યોધ્ધો **જંગાહઃ** યુધ્ધભૂમિ **હુસ્ને નિયાઝમંદી :** ભક્તિની/દોસ્તીની શિષ્ટતા **એઅજાઝે બેનિયાઝી :** બેપરવાહી/આઝાદીનો ચમત્કાર **આગાઝે જાંનિસારી :** જીવસમર્પણનો પ્રારંભ **અંજામે જાંગુદાઝી :** દિલ પીગળી જવાનું પરિણામ **તૌકીરે કારબંદી :** પાબંદી / વિવશતાની ઈજ્જત **તા'બીરે કારસાઝીઃ** બગડેલાં કાર્યોનો સુધારક **મો'જિઝનુમાએ દૌરાં :** જમાનાનો/યુગનો ચમત્કારસર્જક **ફુર્સૂંતરાઝી :** જાદૂગરી **બેનવા :** કંગાળ **દિલનશીં :** દિલમાં વસી જાય તેવી **દસ્તૂરે હકકા બાની :** ઈલાહી પ્રણાલિકાનો સ્થાપક **સરાપા :** સાક્ષાત્ સ્વરૂપ/નખશીખ **કિર્દારે એહલે ઈમાંઃ** ઈમાનદાર લોકોનું આચરણ **મેઅયારે ઝિંદગાની :** જીવનનો માપદંડ **કમનુમાઈ :** બાલ્યાવસ્થા **બેઝુબાની :** ચૂપ રહેવાની ક્રિયા **ખમોશી :** ખામોશી **દજલાકા ખુશ્ક સાહિલ :** દજલા નદીનો સૂકો કિનારો **સેહરાકી બેકરાની :** અરણ્યની અસીમતા **કસમપુર્સી :** વિવશતા ✻


Symbol of Quality

# Providence General Sales

આપને જણાવતાં અમને હર્ષની લાગણી થાય છે કે આલે મોહંમદ(સ.) અને પીરો મુરશિદની દુઆઓથી અમોએ અમદાવાદમાં Providence General Sales (પ્રોવીડન્સ જનરલ સેલ્સ)ના નામે આપની રેસ્ટોરન્ટ અને હોટલમાં વપરાતું મટીરીયલ્સ જેવું કે સિલ્વર ફોઈલ, એલ્યુમીનીયમ કન્ટેનર, ટુથ પીક, અલગ અલગ બ્રાન્ડના રૂમ સ્પ્રે, ચા-પત્તી, મુખવાસ તેમજ ડિસ્પોજીબલ્સનું ટ્રેડીંગ કામ ચાલુ કરેલ છે તો એક વાર જરૂરથી અમારો સંપર્ક કરશો.

:::: **સંપર્ક** ::::

**મોમિન ગુલામઅબ્બાસ (અબ્બાસ)**

મો.૯૬૩૮૦૭૪૪૪૦, ૯૪૨૯૬૨૪૧૨૧

**મોમિન આશિકઅલી**

મો.૯૯૭૪૯૮૭૯૦૧